ફક્ત ઈમામી ઈસ્માઈલીઓ માટે

# ૧૦૦૦ પવિત્ર ફરમાન મુબારક

ફક્ત ઈમામી ઈસ્માઈલીઓ માટે

હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ

તથા

પવિત્ર નુર મૌલાના શાહ કરીમ

હાઝર ઈમામના

# ૧૦૦૦

# પવિત્ર

# ફરમાન મુબારક


— :સંગ્રહકર્તા: —


'અભ્યાસી'

સેવક મહમદઅલી ઈબ્રાહીમ નાનજી

ઠે:- રોશન વીલા, સી-૩૨-એ, બ્લોક-૬,

ફેડરલ બી. એરીયા,

કરાચી - ૩૮.



નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામ

# બે બોલ

**ઈન્સાનની મકસદ એ છે કે, અસલ મકાને પહોંચે.**

ફરમાબરદારી એજ આપણો ધર્મ છે. આ સિધ્ધાન્ત જે ધ્યાનમાં લઈ આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય બાબત ફરમાન અને રૂહાની ગીનાન છે કે, જે આપણા રૂહના છુટકારા માટે અતી અગત્યના છે, જેમાં ઈબાદત, આમાલ, ફરમાબરદારી, હકીકત વગેરે બધા જ વિષયો સાંકળ રૂપે સહેલાયથી સમજી શકાય, તે માટે ક્રમવાર ગોઠવવામાં આવ્યા છે.

આ ફરમાનોની સાંકળમાં ઘણા ફરમાન એક અથવા તેથી વધારે વખત ઉપયોગમાં લેવામાં આવેલ છે, તેનું કારણ એટલું જ છે કે ફરમાનો સમજવામાં આસાની થાય.

રૂહનું ઈલમ રૂહાની પિતા એટલે હાઝર ઈમામ સીવાય કોઈ આપી શકે નહિં. ઈમામના ફરમાન એક ધ્યાનથી વાંચવામાં આવે તો જ મનુષ્ય જનમનો અસલ મકસદ સમજી શકાય અને ઈમાન સાથે ફરમાબરદારીથી રૂહને જનમ અને મરણના ફેરામાંથી છોડાવી શકાય, તે માટે પીરોએ પણ ગીનાનોમાં ખુલાસો કર્યો છે.

એજી ફરમાન માનો તો ફેરા ટળે
પીરશાહ કહેતા ઉતરીએ પાર

ફરમાબરદારીથી જ રૂહને મુક્તિ મળે છે. આ બાબતની સાબિતી બીજા ઘણા ગીનાનોમાં મળે છે. તેના બદલે આજે આપણે બહારની કિતાબોનું ઈલમ લઈ રહ્યા

છીએ, સાંભળીયે છીએ અને બચ્ચાઓને તે ઈલમ આપીએ છીએ, જે આપણી ગંભીર ભૂલ છે, જેના થકી આપણે અને આપણી આવતી પેઢીઓ ગુમરાહ થઈ જવાનો પુરે પુરો ભય છે. જેમ કે અઝાજીલ બંદગીથી ફિરસ્તો બન્યો હતો, પણ ફરમાન ન માન્યુ અને શેતાન થયો અને રાન્યો ગયો.

કેટલાક લોકો ફરમાન તથા ગીનાનના અર્થના અનર્થ કરી સમજાવવાની કોશીષ કરે છે, જેમ કે;

સતગુર કહેરે ઉગિયા તેને ધીયાઈયે, અને વારો તેની આંણ,

કાલે ભોજન જે જમ્યા તેના આજે સીયા વખાણરે.

આગળ થઈ ગયેલા ઈમામોના ફરમાનોને કાલનું ભોજન છે, તેમ સમજાવે છે. પણ આ ભૂલ ભરેલું છે. કેમ કે;

હ. ઈમામ સુલતાન મુહમદ શાહે ફરમાવ્યું છે કે;

દરેક ઈમામ મૌલા મુર્તઝાઅલી છે.

અમે આ દુનિયામાં જામો પહેરીએ છીએ અને ઉતારીએ છીએ પણ, અમારૂં નુર અનાદી કાળથી, "એકજ નુર" ઉતરતું આવે છે તેથી, તમારે એકજ નુરને જોવું જોઈએ.

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું છે કે;

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણી જમાતની પ્રણાલીકાઓ તેરસો વરસથી ચાલી આવે છે.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભુતકાળમાં હોય કે (૫૦૦) વરસ ભવિષ્યમાં હોય.

દુન્યવી બાબતો માટે ઈમામ પોતે નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

પરંતુ અમારે ભારપુર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધ્ધાન્તોમાં પણ થવા જોઈએ.

આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે, વખત બદલાય છે, તેમ દુનિયાને લગતા ફરમાનોમાં ફેરફારો થાય છે. પરંતુ રૂહાની સિધ્ધાન્તોમાં કંઈપણ ફેરફારો થતા નથી. તેથી જ આપણને હાઝર ઈમામ અવાર નવાર (૧૪૦૦ વર્ષ પૂર્વના) કલામે મૌલા અને (૭૦૦ વર્ષ અગાઉના) પીરોના ગીનાનનો અભ્યાસ કરવાનું ફરમાન ફરમાવે છે. જેમાં રૂહાની બાબતો એજ છે કે, જે આજે પણ આપણને હાઝર ઈમામ તરફથી ફરમાનો દ્વારા મળે છે.

આજ આપણને શું એમ નથી લાગતું કે, આપણી જમાત ફરમાનો તેમ જ રૂહાની ગિનાનોથી વંચિત થઈ રહી છે? અને શું એમ નથી લાગતું કે, જમાત બહારની કિતાબોના ઈલમ તરફ વળી રહી છે? અને શું એમ પણ નથી લાગતું કે આપણે ઈમામતની રસ્સીથી દૂર થઈ રહ્યા છીએ? શું આપણા દીનમાં ઈલમનો ખજાનો નથી?

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું છે કે:-

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસમાઈલીયા એસોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે તોજ આપણી આ અદભુત પ્રણાલીકા

ઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણે આપણો અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસશું કે, જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાઓનાં જીવન માટે અતી અગત્યનો છે.

આ ફરમાનથી આપણને જણાય છે કે આપણે કઈ દિશા તરફ દોટ મુકી રહ્યા છીએ. અને તેમાં આપણે કેટલા જવાબદાર છીએ.

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું છે કે :-

જેમને જવાબદારી સોંપવામાં આવી છે તેમણે આ જવાબદારી પરિપૂર્ણ કરવી જ જોઈએ. નહિ તો તેઓ પોતાની જાતને છેતરે છે, તેઓ જમાતને છેતરે છે અને તેઓ ઈમામને છેતરે છે અને અમો ઈચ્છીએ છીએ કે તમે આ બાબત યાદ રાખો.

આશાજી મારગ ચોખ્ખો મલી કરી ચાલો,
ઈસ માંહે અંધેરા નાહીં લગારજી;
અંજવાળામાંહે જે અંધારૂ કરશે,
તે જાશે નરગ દુઆર—અલી...

ઘણા લોકોનુ ધ્યાન પુસ્તક પ્રગટકર્તા તરફ જાય છે, પણ તે પ્રકાશનમાં જે લખાણ છે, તે ઈમામના ફરમાન તેમ જ રૂહાની ગિનાન છે, તે જોવાની કોશીષ કરતા નથી. ત્યારે તેઓ હકીકતી ઈલમથી દૂર રહી જાય છે. પ્રકાશન ગમે તેનું હોય પણ તેમાં રહેલા ફરમાનો મૌલાના છે, તે જોવા જોઈએ.

આ ફરમાનો ધ્યાનથી વાંચવાથી રૂહની સાચી સમજ આવે છે. ઈલમ થકી રૂહાની ઈશ્ક અને બાતુની ઈબાદત પ્રાપ્ત કરી શકાય છે. જેના વડે એકાગ્રતા પ્રાપ્ત થાય છે અને ઈન્સાન પોતાના મકશદને પામે છે.

આ પ્રકાશન પ્રગટ કરવામાં સેવક મહમદઅલી ઈબ્રાહીમ નાનજી (અભ્યાસી) તેમજ તેમના સાથીદારો એ ખૂબ જ કાળજીપૂર્વક ફરમાનોની અને રૂહાની ગીનાનોની તારવણી કરીને એવા દીનદારો માટે રજૂઆત કરેલ છે કે, જેઓને પોતાના રૂહની ફિકર છે અને જેઓ પોતાના રૂહને ઉંચ્ચ ગતીએ લઈ જવા ચાહે છે, તેઓને આ પ્રકાશન ઘણો જ ફાયદો કરશે.

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પાનું નંબર |
|---|---|---|
| ૧ | નૂર ઈલાહી અને મરતબા ઈલ્મ કેરા | ૧ |
| ૨ | અંગ્રેજ, જર્મન, અને જો તમે કેટલાક | ૨ |
| ૩ | જે ફરમાનો અમે કર્યા છે | ૩ |
| ૪ | અમને લાગે છે કે, | ૪ |
| ૫ | જે હકીકતી દિદાર છે | ૫ |
| ૬ | મોમન હોય તે | ૬ |
| ૭ | અમારા દાદાએ જીંદગીના | ૮ |
| ૮ | મૌલા મુર્તઝાઅલી નાના હતા, | ૯ |
| ૯ | અમારા પ્યારા પુજનીય યાદના | ૨૬ |
| ૧૦ | જ્યારે અમે ફરમાન માટે મોઢું | ૩૬ |
| ૧૧ | તમારામાં કેટલાક એવા છે કે, | ૫૮ |
| ૧૨ | ચાંદરાત | ૬૨ |
| ૧૩ | અમારા દાદા એ જીંદગીના છેવટ સુધી | ૬૪ |
| ૧૪ | ફરમાબરદારી | ૬૬ |
| ૧૫ | ફરમાન મુબારક | ૮૩ |
| ૧૬ | ઈબાદત | ૮૭ |
| ૧૭ | દુનિયામાં ઈબાદત કરવાવાળા | ૯૧ |
| ૧૮ | આમાલ | ૯૬ |
| ૧૯ | હકીકત | ૧૦૦ |
| ૨૦ | દુનિયા અને આખરત | ૧૧૨ |
| ૨૧ | દસોંદ | ૧૨૦ |
| ૨૨ | દુઆ | ૧૨૩ |
| ૨૩ | મિશનરીઓ | ૧૨૬ |
| ૨૪ | કલામે મૌલા | ૧૩૦ |
| ૨૫ | સલોકો | ૧૩૩ |

| નંબર | વિષય | પાનું નંબર |
|---|---|---|
| ૨૬ | બુજ નિરંજન | ૧૩૭ |
| ૨૭ | બ્રહ્મ પ્રકાશ | ૧૩૮ |
| ૨૮ | ઝીકર જાંપ | ૧૪૦ |
| ૨૯ | રૂહાની ઈશ્ક અને જુદાઈનો ફીરાગ | ૧૪૧ |
| ૩૦ | ગરબી | ૧૪૨ |
| ૩૧ | ભાઈઓ ભરમે નવ ભુલીએ | ૧૪૩ |
| ૩૨ | બીંદ્રારે વનમાં | ૧૪૬ |
| ૩૩ | અજંપીઆ | ૧૪૮ |

નુર ઈલાહી અવલ થા

સો આખર જગમેં પાયા ઝહુર.

ઈસી દીનકે તાબે હોવે,

ઉંસમે રોશન હોવે રબકા નુર.

ખતમ કીયા ઈસ કલામકુ,

સબ ઝાહેર કહે સુનાયા,

સો પડો શીખો સુનો ઓર સુનાઓ

યું મૌલાને હુકમ ફરમાયા.

મરતબા ઈલ્મ કેરા

સબ હુન્નર ઉંપર હએ આલા,

કે ઈલ્મસે તો રબ પહેચાના,

જીને અપના દીલ ઉજાલા;

ઓર હુન્નર કમાઈ ફના હોવે,

પહેછાન ખુદાકી રહેવે બાકી,

એ સુનો સમજો યાદજ રાખો

ફરમાયા કઉંસરે સાકી.

(કલામે મૌલા)

અંગ્રેજ, જર્મન, ફ્રેન્ચ, ક્રિશ્ચીઅનો, અને ઈરાની વગેરેની માતબર કિતાબોમાં તેમજ પ્રોફેસરોના પુસ્તકોમાં આપણા મઝહબની તવારીખ, સિધ્ધાંતો અને દરેકના વર્ણનો બરાબર કરવામાં આવેલ છે અને તેઓ બરાબર જાણે છે કે, આપણો મઝહબ શું છે. તેઓ એ પણ જાણે છે કે ઈમામ શું છે અને તેની તાબેદારી કેવી રીતે કરવી જોઈએ, તે તેઓ બરાબર જાણે છે.

હઝરત ઈમામ આકા સુલતાન મુહમ્મદશાહ

---

જો તમે કેટલાક બીજા દેશો, એ અખત્યાર કરેલ છે. એ રસ્તાને અપનાવશો અને તમારા મઝહબને છોડી દેશો અને તે જાણે કોઈ ગુઝરેલા જમાનાની વસ્તુ હોય, એવી રીતે તેની સાથે વર્તશો તો ચોક્કસ જ તમે જીંદગી ભરની મોટી નાકામીઓ લઈ લેશો એની અમોને ખાત્રી થઈ ચુકી છે.

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામ

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

જે ફરમાનો અમે કર્યા છે, તેને જીવતા જાગતા રાખવા તમારા હાથમાં છે; તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાનોને જીવતા રાખ્યા ગણાય. તેમ નહિ કરો તો તેને મારી નાંખ્યા ગણાય.

દશ અવતારની ફિલસુફી લઈ ઈસ્લામી સિધ્ધાંતથી સમજાવવી જોઈએ અને દુનિયાની ઉત્પતિ પહેલાંથી ચાલતા આવેલા ખુદાઈ નુરની સમજણ આપવી જોઈએ.

ઈસ્લામશાહના વખતમાં પીર સદરદીને જે સિધ્ધાંતો સમજાવ્યા હતા, તે પ્રમાણે સમજાવવું જોઈએ.

અમારા ફરમાનોની તારવણી કરી જમાતને સમજણ પાડવી એ મીશનરીઓનું ખાસ કામ છે.

ગીનાન તથા ફરમાનમાં ફરમાવ્યું છે તે પ્રમાણે ચાલો તેની કીતાબો બરાબર પડો તેની માયના કાઢો તે ઉપર અમલ કરો.

## પવિત્ર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું:-

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસમાઈલીયા એસોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે તોજ આપણી આ અદભુત પ્રણાલીકાઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણો અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસસું કે જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાઓનાં જીવન માટે અતી અગત્યનો છે.

યાદ રાખો જે અમો તમોને અવર નવર દુન્યવી ફાયદા માટે ફરમાન ફરમાવીએ છીએ પરંતુ અમો જોઈએ છીએ કે તમારામાંના ઘણા ખરા દુનિયા પાછળ લાગેલા હોય છે અને દુન્યવી પ્રગતિનેજ પોતાના જીવનનો ધ્યેય બનાવેલ છે આવા લોકો અવળે રસ્તે દોરવાઈ ગયેલા છે.

ખરો માર્ગ એ છે કે તમો તમારી બંદગીના વખતને બરાબર સંભાળો અને એકાગ્રતાથી ખરૂં સુખ મેળવો.

તમારે યાદ રાખવું જોઈએ કે ગરીબ કે પૈસાદાર સર્વે માટે બંદગી જરૂરી છે.

સાચા સુખની એક માત્ર ખાત્રી પુર્વકની ચાવી છે, તે છે ઈબાદત.

[ ૫ ]

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

જે હકીકતી દીદાર છે તે તમારા દિલમાં છે. અલહમ્દોલિલ્લાહ જાહેરી દીદાર તમે આજે કરો છો.

અમે તમારાથી ઘણા રાજી છીએ. તમે મિજલસમાં ભેગા થાઓ છો, તેથી ઘણા રાજી થઈએ છીએ.

જે મોમન છે તે અમારી આંખોની બરાબર છે. જે મોમન હકીકતી છે તેના દિલમાં અમારૂં રહેઠાણ છે. હમેશાં અમારૂં દિલ તમારા દિલમાં છે.

તમે એમ નહિ સમજો કે સાહેબ ખુરશી ઉપર બેઠા છે, તેમ નથી; સારા અમલ કરનાર અને હકીકતીનાં દિલમાં અમે છીએ, પણ તેમાં બે શરતો છે.

(૧) ઈમાન સાફ હોય.

(૨) અમલ સારા હોય.

તેના દિલમાં અમે છીએ ખાનાવાદાન.

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

મોમન હોય તે હાઝર ઈમામના ફરમાન કબુલ કરે અને જે કાંઈ હાઝર ઈમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે.

તમારા ઉપર વાજબ છે કે, અમે જે ફરમાન કરીએ તે પ્રમાણે અમલ કરો. મોમનનો એજ ધર્મ છે.

દરેક જમાતની ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

હકીકતી મોમનોએ હમેશાં ફરમાન ઉપર નિગાહ રાખવી.

હકીકતી મોમનોએ અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઈએ.

એવી રીતે જેઓ અમારા ફરમાન ઉપર અમલ કરે છે, તેઓજ હકીકતી મોમન છે.

જેવી રીતે એક હેલકરી પોતાની મરજી પ્રમાણે જરાવાર સડક પર ચાલે છે અને જરાવાર નીચે ચાલે છે, એ પ્રમાણે મરજી મુજબ ચાલવું એ હકીકતી મોમનનો રસ્તો નથી.

મોમનને વાજબ નથી કે, તે પોતાની નિગાહમાં આવે તેમ કરે.

મુરશિદ જે ફરમાન કરે, તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવા જોઈએ.

આવી રીતનું ફરમાન કેમ થયું? તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ, પણ ઈમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ.

પહેલાં અમારા ફરમાન સાંભળો પછી ગીનાન. અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી ?

અમારા ફરમાન વાંચવા તથા તેની માયના કાઢવાની જે કોઈ મના કરે છે, તે દીનનો દુશ્મન છે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

ફરમાન ઉપર અમલ નહિ કરશો તો શેતાન થશો. તકબ્બુરીવાળા થશો.

અમારા ફરમાન તમારા દિલમાં ઘડ બેસે છે કે નહિ? અમે મુશ્કીલ સમજીએ છીએ.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે, તો તેમના દિલમાં અસર કરતા નથી. જેઓ હકીકતી નથી તેઓ બેઅક્કલ છે.

અસલ અમે જમાતોને “દરવેશ” નો લકબ આપતા હતા, પરંતુ ઘણાઓને દરવેશનો લકબ પસંદ નહિ પડતાં, અમે ખાસ આ કારણે કાઢી નાખેલ છે.

# પવિત્ર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું:-

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની ફરજંદોની ભલાઈ માટે કાર્ય કર્યું હતું. અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

એવણ અમારા માટે પ્રેરણાદાયક હશે. અને એમના નકશે કદમ ઉપર ચાલવાની હંમેશા અમારી ખ્વાહીશ રહેશે.

અમો માનીએ છીએ કે અમારી કોમી જીંદગીમાં ફેરફારો થવાજ જોઈએ.

દુન્યવી બાબતો માટે ઈમામ પોતે નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

પરંતુ અમારે ભારપુર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધાન્તોમાં પણ થવા જોઈએ.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભુતકાળમાં હોય કે (૫૦૦) વરસ ભવિષ્યમાં હોય.

સાચા સુખની ખાત્રીપૂર્વકની માત્ર એક ચાવી છે, તે છે ઈબાદત.

તમારી દુકાનો તમારા મકાનો તમારી સર્વે ઔલાદ પૈસા વિગેરે બધુ અહીજ રહી જશે માત્ર તમારો રૂહ એકલોજ જશે. આ બાબત તમે કદી પણ ભુલશો નહિ.

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું :-

મૌલા મુર્તઝાઅલી નાના હતા, મગર પોતાની જવાન વયે ખયબરનો કિલ્લો ફતેહ કર્યો હતો અને કિલ્લાના દરવાજાને ખાઈ ઉપર પકડી રાખી સઘળા લશ્કરને તેના ઉપરથી પસાર કરાવ્યું અને જીબરા નામના કાફરને મારી નાખ્યો હતો.

આગા અલીશાહ અને અમારા દાદા તથા તેઓના વડવાઓમાં એકજ "અલીનું નુર" હતું અને અમારામાં પણ તેજ નુર ઉતરી આવેલું છે. અમે તેમના ગાદી વારસ છીએ.

નુર હમેશાં હાઝર નાઝર છે, ફક્ત નામો જુદા જુદા હોય છે.

મૌલા મુર્તઝાઅલીની ગાદી કાયમ છે અને કયામત સુધી કાયમ રહેશે.

"ઉમર ઇબ્ને અબ્દે વદ કાફર હતો! તે મૌલા મુર્તઝાઅલી સામે ઘોડા ઉપર સવાર થઈ લડવા માટે આવ્યો હતો. મૌલા મુર્તઝાઅલી, તે કાફરથી કદમાં ઘણાં નાના હોવાથી, તેને શરમ લાગી અને તે ઘોડા ઉપરથી નિચે ઉતરી, મૌલા મુર્તઝાઅલી પાસે આવ્યો, છતાં પણ તે કાફર મૌલા મુર્તઝાઅલીથી ઉંચ્ચો દેખાતો હતો.

(હ.) ઉમરે, પયગમ્બર પાસે અરજ કરી કે, યા રસુલિલ્લાહ! તેની સાથે આપણને લડાઈ કરવી વાજબ નથી,કારણ કે, તે કાફર ઘણો જોરાવર છે. એક વખત મેં તેની લડાઈ જોઈ હતી, ત્યારે તેની પાસે ઢાલ પણ નહિ હતી. આ વખતે ઢાલને બદલે, એક ઊંટ ઉભો હતો તેને પકડી, તે ઊંટની ઢાલ બનાવી લડયો હતો.

તે કેટલો જોરાવર અને બહાદુર હશે? તે કેટલો જોરાવર અને બહાદુર હશે કે જેણે ઊંટના ચાર પગ પકડી તેની ઢાલ બનાવી. ઊંટને પકડવો મુશ્કેલ છે. જ્યારે તેણે ઊંટને પકડયો ત્યારે તેનામાં કેટલી કુવ્વત હશે? એવો જોરાવર હોવા છતાં, મૌલા મુર્તઝાઅલીએ તે કાફરના એક જ ઝટકે બે ટુકડા કરી નાખ્યા.

જે વખતે હ. ખિઝર, હ. મુસા સાથે વાતો કરતા હતા તે વખતે એક પક્ષી આવ્યું અને દરિયામાંથી ચાંચ ભરી ચાલ્યું ગયું. તે સમયે હ. મુસાને હ. ખિઝરે કહ્યું કે, તમોએ તે પક્ષીને દરિયામાંથી ચાંચ ભરી ચાલ્યા જતાં જોયું? હવે જુઓ, આ દરિયામાંથી કાંઈ ઓછું થયું?

આ દરીયો છે તે મુર્તઝાઅલી છે; તેમાંથી પક્ષી ચાંચ ભરી ગયું તેથી શું આ દરીયો ઓછો થઈ ગયો? જુઓ, આમાંથી કંઈ ઘટયું પણ નથી અને કાંઈ ખલાસ પણ થયું નથી.

તેવી રીતે મૌલા મુર્તઝાઅલી છે તે ઈલ્મનો દરીયા છે, તેમાંથી જે કોઈ ઈલ્મ મેળવે છે તો તેમાંથી કાંઈ પણ ખલાસ થતું નથી.

એક વખત, મુસા પયગમ્બર “કોહે તુર” ઉપર ખુદાના દિદાર કરવા ગયા અને અરજ કરી કે, ખુદા યા! તમારા દિદાર કરાવો.

ત્યારે હુકમ થયો કે, તું પહેલાં મુર્તઝાઅલીના નુરના દિદાર કર, પછી મારા દિદાર કરી શકીશ. તે વખતે મુર્તઝાઅલી બાતુનમાં હતા.

મુર્તઝાઅલી મોજીઝા કરતા હતા.

નબી મોહમ્મદની અગાઉ, મૌલા મુર્તઝાઅલી કુલ્લ નબીયોની સાથે બાતુનમાં હતા અને હ. નબી મોહમ્મદ મુસ્તફાના વખતમાં જાહેરમાં ભેગા હતા.

અસલ કાંઈ નહિ હતું ત્યારે મુર્તઝાઅલીએ નાનું રૂપ ધારણ કર્યું હતું.

એક વખત એક કદાવર અને જોરાવર દેવ (રાક્ષસ) હતો તે જેને જોતો તેને મારી નાખતો અને લોકોને બહુ સતાવતો હતો.

એક દિવસ, નવ વર્ષની બાળવયમાં મૌલા મુર્તઝાઅલી ચાલ્યા આવતા હતા. રસ્તામાં આ દેવને જોઈને પુછયું, ક્યાં જાય છે? ત્યારે દેવે કહ્યું કે પહેલવાનો સાથે કુસ્તી લડવા જાઉં છું. ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, આવ, મારી સાથે કુસ્તી લડ. ત્યારે દેવે મુર્તઝાઅલીની નાની ઉમર જોઈ જવાબ આપ્યો કે તારા સાથે શું કુસ્તી લડું? તું બચ્ચું છો! હું તો મોટા મોટા પહેલવાનો સાથે કુસ્તી લડું છું. ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, જોઉં તારા હાથમાં કેટલી તાકાત છે! પછી તેનો એક હાથ પકડી તેના ઉપર એટલું બધું જોર આપ્યું કે તે દેવની સઘળી તાકાત ખલાસ થઈ ગઈ અને બીજો હાથ પાછળથી પકડી, ખજુરીના ઝાડના રેસાથી બન્ને હાથ બાંધી દીધા અને ફરમાવ્યું કે, તું તો કહેતો હતો કે મોટા મોટા પહેલવાનો સાથે કુસ્તી લડું છું, પણ તારામાં આટલું પણ જોર નથી. આમ ફરમાવી મુર્તઝાઅલી તેની નજર આગળથી અદ્રષ્ય થઈ ગયા. આ જોઈ તે દેવ અહિંથી તહિં હાથ છોડાવવા માટે દોડા દોડ કરવા લાગ્યો પણ કોઈ તેના હાથ છોડી શક્યું નહિ.

દુનિયામાં જેટલા પયગમ્બરો જાહેર થતા હતા, તેઓની પાસે આ દેવ, પોતાના હાથ છોડાવવા જતો હતો, ત્યારે જવાબમાં તેને એજ કહેવામાં આવતું કે જેણે તારા હાથ બાંધ્યા છે તેજ છોડી શકશે.

જ્યારે આખર જમાનામાં, પયગમ્બર નબી મોહમ્મદ મુસ્તફા દુનિયામાં જાહેર થયા ત્યારે તે દેવે તેમની પાસે આવીને અરજ કરી કે યા નબી સાહેબ! મારા હાથ છોડી આપો? ત્યારે પયગમ્બર સાહેબે ફરમાવ્યું કે તારા હાથ કોણે બાંધ્યા છે? ત્યારે દેવે બનેલી હકીકત કહી સંભળાવી અને કહ્યુ કે દરેક જમાનાના પયગમ્બર પાસે ગયો પણ તેઓએ આપની પાસે જવા કહ્યું અને કહ્યું કે જેણે આ હાથ બાંધ્યા છે તેજ તેને છોડી શકશે. આ બનાવને હઝારો વર્ષ વીતી ગયા છે અને હવે હું આપની પાસે આવ્યો છું.

આ સાંભળી નબી સાહેબે ફરમાવ્યું કે જેણે તારા હાથ બાંધ્યા છે તેને જોવાથી તું ઓળખીશ? ત્યારે તે દેવે જવાબમાં 'હા' કહી અને તેના હાથ બાંધનારની સૂરતનું વર્ણન કહી સંભળાવ્યું.

ત્યારે પયગમ્બર સાહેબે મૌલા મુર્તઝાઅલીને બોલાવી લાવવા ફરમાવ્યું.

મૌલા મુર્તઝાઅલી તે સમયે નવ વર્ષની ઉમરના હતા. તેઓ ગુલામના ખંભા ઉપર બેસીને પધાર્યા.

મૌલા મુર્તઝાઅલીને જોઈ તે દેવ ધ્રૃજવા લાગ્યો અને કહ્યું કે આ તેજ બાળક છે કે જેણે મારા હાથ બાંધ્યા હતા.

પછી પયગમ્બર સાહેબે મૌલા મુર્તઝાઅલીને અરજ કરી કે, આ દેવના હાથ છોડી નાખો અને મુર્તઝાઅલીએ તે દેવના હાથ

છોડી નાંખ્યાં.

આ બનાવથી દેવને ઈમાન આવ્યું અને તે મુસલમાન થઈ મુર્તઝાઅલીનો મુરીદ થયો.

એક વખત હ. અમીરૂલ મોમનીન મૌલા મુર્તઝાઅલી "ફુરાત" નદીના કીનારે ગયા; અને ઘોડા ઉપર સવાર થઈ "અલી અલ્લાહ" માનનારી કોમ પાસે પહોંચ્યા તે "અલી અલ્લાહ" માનનારી કોમ એવી છે, જે મુર્તઝાઅલીને ખુદા સમજે છે. તે કોમના એક માણસને પોતા પાસે બોલાવીને ફરમાવ્યું કે, શું તું અલી અલ્લાહ કહે છે? તેણે કહ્યું કે, "મને ભરોસો છે આપ ખુદા છો!" પછી મૌલા મુર્તઝાઅલીએ તેનું માથું કાપી નાખી, મારીને પાછો જીવતો કરીને ફરમાવ્યું કે તું મને અલી અલ્લાહ શા માટે કહે છે? ત્યારે તે માણસે જવાબમાં અરજ કરી કે, આપે મને મારી નાખી. ફરી જીવતો કર્યો, જેથી હવે મને જે કંઈ શક હતો તે નીકળી ગયો છે, આપ સહી "અલી અલ્લાહ" છો.

મુર્તઝાઅલીએ હુકમ કર્યો કે, આ શખ્સને ડુંગર ઉપર લઈ જઈ કટકા થાય એવી રીતે ફેંકી દીઓ. ત્યારે તેને તેવી રીતે ફેંકી દેવામાં આવ્યો. બાદ તેને ફરી સજીવન કરી મૌલા મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તું અલી અલ્લાહ હજી બોલે છે? ત્યારે તેણે આધિનતાથી જવાબ આપ્યો કે, જે કટકા કરી, મારીને સજીવન કરે, તેના ઉપર મારૂં ઈમાન વધ્યું છે.

આવી રીતે, અનેક રીતે અને અનેક વખતે તેને મારીને જીવતો કરવામાં આવ્યો અને હરવખતે પુછવામાં આવ્યું કે, હજી પણ અલી અલ્લાહ કહે છે? જવાબમાં તે હર વખત એમજ કહેતો

હતો કે, આપ સહી અલ્લાહ છો. જે મારીને જીવતો કરે તેને અલ્લાહ કહેવો.

"ઈમાન અમુલ્ય વસ્તુ છે અને ઘણીને પ્યારી છે. અમારા દાદા હ.મૌલા મુર્તઝાઅલીને મોમન નુસેરી "અલ્લાહ" કહેતો હતો, તેને ૭૦ વખત કતલ કરવામાં આવ્યો પણ તેણે "અલી અલ્લાહ" કહ્યા કર્યું પછી હુકમ આવ્યો કે આ સાચો મોમન છે, અને એની ઔલાદ પણ એવી સચ્ચાઈવાળી થશે. આ મોમન અને એની ઔલાદને કયામતમાં પુછાણું નથી. આટલો દરજ્જો તેને તેના ઈમાનના અંગે મળ્યો હતો."

"મુર્તઝાઅલીની પાસે સફ્રાન ઈબ્ને અકલ નામના એક માણસ આવી અરજ કરી કે, યા મૌલા! હું તમારા દોસ્તમાંથી એક છું; પરંતુ, મારાથી ઘણા મોટા ગુન્હા થયા છે. તેની મને સજા કરો તો, હું આખરતના અઝાબથી છુટું.

મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તેં કેવા ગુન્હા કર્યા છે અને તારા ગુન્હા કેવા છે તેનું તું બ્યાન કર? ત્યારે તે શખ્સે પોતાના કરેલા ગુન્હાઓનું વર્ણન કર્યું.

જ્યારે તે શખ્સે, પોતાના કરેલા ગુન્હા જાહેર કર્યા ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તારા ગુન્હા એવા છે કે, કાંતો તને ભીંતમાં ચણાવીને મારી નાખું, યા તો તને ઝુલફિકારથી મારૂં અથવા તને આગમાં બાળીને મારૂં ત્યારે તું છુટે. માટે હવે તુંજ કહે કે; તારૂં દિલ કેવી સજા ભોગવવા રાજી છે? તો તે પ્રમાણે તને સજા કરૂં. ત્યારે તે શખ્સે અરજ કરી કે, મને આગમાં બાળો!

ત્યારે મૌલા મુર્તઝાઅલીએ અમાર ઈબ્ને આસરને ફરમાવ્યું

કે, આવતી કાલે સઘળા માણસોને ભેળા કરજો અને લાકડા પણ ભેગા કરજો અને ગામના સઘળા માણસોને કહેજો કે, મુર્તઝાઅલી પોતાના દોસ્તને, તેના કરેલા ગુન્હાની સજા કરે છે, યાને બાળે છે. તે તમે આવીને જુઓ કે, મુર્તઝાઅલી પોતાના દોસ્તને કેવી સજા કરે છે?

પાછળથી કેટલાક માણસો મુર્તઝાઅલીની ગિબત કરવા લાગ્યા અને એક બીજાને કહેવા લાગ્યા કે, મુર્તઝાઅલી તો કહેતા હતા કે, મારા જે દોસ્ત છે તેને આગ અસર નથી કરતી.

પરંતુ, સવારે તો તેનો દોસ્ત બળશે; જ્યારે તે બળી રહેશે ત્યારે આપણે મૌલાને કહેશું યાને મહેણું મારશું કેઃ તમે તો કહેતા હતા કે, મારા દોસ્તને આગ અસર નથી કરતી; તો આ તમારો દોસ્ત કેમ બળી ગયો. આવી રીતે પાછળથી ગિબત કરવા લાગ્યા.

જ્યારે સવારમાં સફાનને તેડી આવ્યા ત્યારે, બીજા લોકો, જે પાછળથી ગિબત કરવાવાળા હતા તેઓ પણ ત્યાં આવીને ઉભા રહ્યા.

જ્યારે સફાનને લાકડામાં ઉભો રાખી આગ સળગાવવામાં આવી ત્યારે, આગે તેને કંઈપણ અસર કરી નહિ."

અલ હમ્દો લિલ્લાહ! તમે પણ અમીરૂલ મોમનીન મુર્તઝાઅલીના દોસ્ત છો, જેથી, તમને પણ આગ અસર નહિ કરે.

પરંતુ તે દોસ્ત હતો તે દિલથી હતો. ફક્ત નામનો તે દોસ્ત નહિ હતો; માટે તમે ખાલી નામના ખાતર દોસ્ત નહિ કહેવડાવો, પણ દિલથી દોસ્ત થાઓ. જો દીલથી દોસ્ત થશો તો, તમને પણ આગ અસર નહિ કરે. જ્યારે તમે ચોકસાઈ કરી, દિલથી

દોસ્ત થશો ત્યારે તે મર્તબો તમને મળશે.

જ્યારે નબી મોહમ્મદ મુસ્તફા, આખરી હજ યાને છેલ્લી હજ કરવા ગયા, અને હજ કરીને જ્યારે પાછા વળ્યા, ત્યારે અડધે રસ્તે 'ગદીરે ખુમ' નામની જગ્યાએ આવ્યા. એ વખતે આગળ ગયેલા તેમજ પાછળ રહેલા કાફલાના માણસો પણ ત્યાં ભેળા થયાં.

હઝરત નબી મોહમ્મદ મુસ્તફાએ તેઓને ફરમાવ્યું કે, હવે અમારો આખરી વખ્ત નજીક છે, યાને હવે અમે થોડા દિવસ આ દુનિયામાં છીએ, માટે તમોને ફરમાવીએ છીએ કે, આજ દિવસ સુધીમાં, ખુદાના જેટલા ફરમાનો થયા હતા તે બધા અમોએ સાચા કહી સંભળાવ્યા છે. આ વાત સાચી છે કે નહિ તે તમે અમને કહો ?

ત્યારે, સઘળા માણસો કહેવા લાગ્યા કે, હા! તમોએ ખુદાના સઘળા ફરમાનો અમને સંભળાવ્યા છે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તમે ખુદા પાસે એ વિષે અમારી શાહીદી પુરશો યાને ગવાહી આપશો કે, અમોએ ખુદાના સાચા ફરમાનો તમને સંભળાવ્યા.

ત્યારે, સઘળા માણસો કહેવા લાગ્યા કે, હા! અમો ખુદા પાસે ગવાહી આપશું કે, તમોએ બધા ફરમાનો અમને સંભળાવ્યા છે.

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું.

આ હદીસને સુન્નીઓ પણ કબુલ રાખે છે. આ હદીસ સુન્નીની લખેલી છે. ઝહોરા નામનો એક સુન્ની જે મોટો કાબેલ

હતો, તેના હાથથી આ હદીસ લખાએલી છે; તે અમે તમને સંભળાવીએ છીએ.

પયગમ્બરે ફરમાવ્યું કે, અમે તમારા પયગમ્બર હતા એવી ગવાહી તમે આપશો ? ત્યારે તેઓએ કહ્યું કે, બરહક, તમે અમારા પયગમ્બર હતા, તેની ગવાહી આપશું.

પયગમ્બરે ફરમાવ્યું કે, અમે પણ ગવાહી આપીએ છીએ કે, અમે તમારા પયગમ્બર છીએ અને ખુદાવંદ આલમીને, અમને તમારા ઉપર પયગમ્બર કરીને મોકલ્યા છે.

ત્યાર બાદ પયગમ્બરે ફરમાવ્યું કે, અમારી પાછળ બે ચીજો અમે મુકી જઈએ છીએ; તે બન્ને ચીજો કયામત સુધી ચાલુ રહેશે, અને હોજે કૌસર સુધી સાથે રહેશે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તે બન્ને ચીજો કઈ છે ? એક તો અમારી આલ-જાંનશીન છે, અને બીજી ચીજ કુરઆન છે. આ બન્ને ચીજો કયામત સુધી હમેશાં ચાલુ રહેશે અને હોજે કૌસર સુધી સાથે રહેશે.

નબી મોહમ્મદ મુસ્તફાએ તે વખતે હઝરત અલીનો હાથ પકડીને સઘળા માણસોને ફરમાવ્યું કે, અમારા પછી અમારો જાંનશીન મુર્તઝાઅલી છે. જે કોઈ મુર્તઝાઅલીથી મહોબ્બત રાખશે, તે મુર્તઝાઅલી સાથે હોજે કૌસર સુધી હમેશાં ત્યાં સાથે રહેશે.

“ત્યાર બાદ પયગમ્બરે તેઓને ફરમાવ્યું કે અમારા જાંનશીન અને વસી, મુર્તઝાઅલીને તમારા ઉપર નીમી જાઉં છું. તેની

તમે ખુદા ગવાહી આપજો કે, અમે મુર્તઝાઅલીને અમારો વસી નીમી ગયા હતા અને તમારા ઉપર મુકી ગયા હતા.

તેઓએ કહ્યું કે, અલબત્ત, અમે ગવાહી આપશું અને કબુલ કરશું કે, તમે અમારા ઉપર મુર્તઝાઅલીને તમારા વસી તરીકે નીમી ગયા હતા.

એ વખતે મુર્તઝાઅલીના બન્ને હાથ પકડી ઉભા કરીને પયગમ્બરે ફરમાવ્યું કે, અમે ખુદાના રસુલ છીએ અને અમારો વસી તે મૌલા અલી છે. જેના અમે મૌલા છીએ, તેના અલી મૌલા છે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તમે કબુલ કરજો અને ખુદા પાસે ગવાહી પુરજો ! તે વખતે સઘળા લોકો કબુલ થયા.

સહુથી પહેલ વહેલા ઉમર ઈબ્ને ખિતાબ ઉભા થયા અને મૌલા મુર્તઝાઅલીને કહ્યું કે, "બકન ! બકન ! યા અલી ઈબ્ને અબુ તાલીબ તમને મુબારકી છે ! "આમ કહી પંજો લઈ કબુલાત આપી. ત્યાર પછી સઘળા માણસોએ કબુલાત આપી."

પયગમ્બર અને મૌલા મુર્તઝાઅલી ત્યાંથી પોતાને મકાને આવ્યા. ત્યા એક અરબ, ઈબ્રાહીમ ઈબ્ને હારસ નામનો રહેતો હતો; જે મોટો માણસ હતો, તેને 'ગદીરે ખુમ'માં બનેલી બીનાની ખબર પડતાં, તે પોતાને મકાનેથી ઊંટ ઉપર બેસીને પયગમ્બર પાસે આવ્યો અને કહ્યું કે, તમોએ અમને ખુદાના જે ફરમાનો સંભળાવ્યા અને તેની ગવાહી પુરવા અમને કહ્યું; જેથી અમોએ કબુલ કર્યું કે તમે સાચા છો."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું :

"પછી તે અરબે રસુલિલ્લાહને કહ્યું કે, તમોએ અમને ફરમાવ્યું કે, ખુદાવંદતઆલાએ તમને નમાઝ પડવા માટે ફરમાવ્યું છે, તે ફરમાન અમોએ કબુલ કર્યું અને તમોએ તે સાચેસાચું કહ્યું હતું. ત્યાર બાદ તમોએ અમને રોજા માટે ફરમાવ્યું અને તે પણ, તમોએ કહ્યું કે આ સાચા ફરમાન છે; તે પણ, અમોએ કબુલ કર્યા. ત્યારપછી તમોએ ફરમાવ્યું કે, જકાત આપવી યાને ખુમસ આપવી. તે પણ તમોએ સાચું કહ્યું અને અમે કબુલ થયા. ફરીથી તમોએ હજના માટે ફરમાન કર્યા તે પણ તમોએ સાચા કહ્યા જેથી અમે કબુલ થયા.

આટ આટલું કરવા છતાં, તમને સંતોષ ન થયો અને અમારા ઉપર ભાર નાખી જાઓ છો; અને તમારાં કાકાના ફરઝંદને અમારા ઉપર મૌલા કરીને નીમી જાઓ છો.

તે અરબે કહ્યું કે, આ તમારા કાકાના ફરઝંદ અલીનો ભાર અમને સોંપી જાઓ છો, તે શું તમને ખુદાનો હુકમ છે? કે તમારા પોતાના ખ્યાલથી તમારા કાકાના ફરઝંદને સોંપી જાઓ છો?

ત્યારે પયગમ્બર મોહમ્મદ મુસ્તફાએ ફરમાવ્યું કે, ખુદાના હુકમ વગર અમે એક પણ કામ કરતાં નથી અને ખુદાના હુકમ વગર અમે જરા જેટલું પણ બોલતા નથી.

ત્યારે તે અરબ ઊંટ ઉપર સવાર થઈને ચાલ્યો ગયો. તે વખતે તે, ઘણા ગુસ્સામાં હતો. રસ્તામાં ચાલતાં ચાલતાં, ગુસ્સામાં ખુદાને કહ્યું કે, યા ખુદા! અગર તેં અમારા ઉપર મુર્તઝાઅલીને નીમી જવાનું ફરમાન પયગમ્બરને કર્યું હોય, તો તે કરતાં, અમારા ઉપર પત્થરનો વરસાદ વર્ષાવ; તો તે સહન કરવા માટે અમે ખુશી છીએ."

મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

“તેજ વખતે આસમાનમાંથી એક પત્થર તે અરબ ઉપર પડયો, જેથી, તે જહન્નમમાં દાખલ થયો.”

જો વગર ઈમામે આ દુનિયા ચાલે તેવું હોત તો, હ. મુરતઝાઅલી પોતાને હાથે પોતાની ગાદીના વારસ મુકરર કરી જતેજ નહિ.

જેમ આગા શાહ હસનઅલી અને આગા અલીશાહ દાતાર હતા, તેમ અમે ઈમામ રૂપે તમારી પાસે છીએ. તમે હમેશાં દીનની કીતાબો પડશો તો માલમ પડશે કે, ઈમામની ગાદી હમેશાં કાયમ અને દાયમ ચાલતી આવે છે. ફરમાન તથા ગીનાન વાંચવાનો અભ્યાસ તમે નહિ રાખો તો શેતાન ફરેબ આપશે અને દીનમાં મુસ્તકીમ નહિ રહી શકશો.

તમે પણ અમારા મુરીદો છો. ધર્મ પાળવામાં તમને અહીં ઘણીજ સગવડ છે, ત્યારે તમે બીજા ધર્મવાળાને આ ધર્મમાં લાવવાને શા માટે મહેનત લેતા નથી? તમે તો ઉલ્ટા તે લોકોની શેતાનની બાજીમાં ફસાઈ પડો છો. આમ બનવાનું કારણ એ છે કે, તમારામાં તે હિંમત અને ઈલમ નથી. તમે બે ઈલમ તથા બે હિંમત છો, તેથી તમે શેતાનની બાજી ખાઈ જાઓ છો. જો તમારામાં જોઈતું ઈલમ તથા જોઈતી હિંમત હોય, તો તમે પણ આ સામા આવતા શેતાનને નસાડી શકો.

કોઈ ઈશ્નાઅશરી અથવા બીજા કોઈ દીનવાળો, તમને ફરેબ દેવા આવે તો એકદમ તમે તેને બંધ કરી શકો.

આ ધર્મ પાળવામાં હિંમત એ મુખ્ય ચીજ છે.

હિંમત રાખવાથી, તમે મહાન કામ કરી શકશો. બીજું એ કે, જો તમને પુરતું ઈલમ હોય, તો તમને ફેરવવા આવનાર બીજા

દીનવાળાને બંધ કરવા એક જ શબ્દ પુરતો છે. તે શબ્દ એ છે કે, તમે તેમને પુછો કે, તમારો ઈમામ કોણ છે? અને તે કયાં છે? તમારા ઈમામનો રસ્તો બતાવો. તો તેઓ એમ કહેશે કે, અમારો ઈમામ તો જીવતો છે, પણ તે ગેબ થઈ ગયો છે તો ફરીથી તેમને પુછો કે તમારો ઈમામ ગેબ થઈ ગયો છે તો તે શું ઈન્સાન જાતથી ડરે છે? શું તેને માણસોનો ડર છે કે માણસો તેને મારી નાખશે? કયા કારણથી ઈમામ ગેબ છે? તે સમજાવો. ઈમામ તો ગેબ થતો જ નથી, ત્યારે તેઓ કારણ શું સમજાવી શકશે? અને તમારા સવાલનો શું જવાબ આપી શકશે? તરત તેઓ આ સવાલથી બંધ થઈ જશે.

ત્યાર બાદ તમે તેને કહો કે, ઈમામ તો ઈન્સાનને આ દુનિયામાંથી તારનાર છે તે જો તમને છોડી ને ભાગીજાય અથવા ગેબ થઈ જાય, તો તમને શી રીતે પાર ઉતારી શકશે? તમારો ઈમામ જ તમને રઝળતા મુકીને, નાશી જાય એ કેમ બને? તમે તેના મુરીદ થયા, તો તમારો મુરશીદ તમને છોડીને ગેબ થઈ જાય, એ બનવા જોગ નથી; એ નહિ માનવા જેવી વાત છે. જો ઈમામ ગેબ થઈ જાય, તો પછી તમે મુરીદ કોના? તમે હાઝર ઈમામના મુરીદ, કે ગેબ ઈમામના મુરીદ? ઈમામ ગેબ થવાની તમારી વાત માની શકાય તેવી નથી. તમે તમારા ઈમામને શોધી કાઢો.

આ દુનિયામાં ઈમામનું કામ એજ છે કે, હાજર રહી વખતો વખત પોતાના મુરીદોના લાભ માટે બોધ આપવો તેમને સારે રસ્તે ચલાવવા અને ઈમામત બરાબર સાચવવી.

હ. નબી મહમદ સરખા પયગમ્બર પહેલવહેલા આ દુનિ-

યામાં આવ્યા હતા, તે પણ કહેતા હતા કે, દુનિયાની નબુવત મારી પાસે છે. હું પયગમ્બર છું, એમ જાહેર રીતે કહેતા હતા. તેઓ ઈન્સાનથી ડરતા નહિ હતા. તેઓએ જાહેરમાં ઘણા મોજીઝા દુનિયાને દેખાડયા. તેઓ ઈન્સાન જાતથી કોઈ પણ રીતે ડરતા નહિ હતા. તેઓ જો એવા જાહેર મોજીઝા નહિ દેખાડત તો તે વખતની દુનિયા તેમને નબી કરીને કેમ માનત અને નબી તરીકે તેમ તે કેમ કબુલ કરત ? તમે જાણો છો તેમ હ. નબી મહમદનું નામ સહુ કોઈ જાણે છે. જ્યારે તેઓને નબુવત મળી ત્યાર પછી ડર કોનો હોય ?

કરબલાના મેદાનમાં હ. ઈમામ હુસેન સામે મોટું જંગ કરવામા આવ્યું, તે વખતે તેઓ હજારો માણસોની સામે એકલા લડયા હતા. દુશ્મનો તરફનો ઝુલ્મ તથા મહા દુઃખ સહન કરવા છતાં પણ કહેતા હતા કે, હું ઈમામ છું, આવા સંકટો વખતે પણ તેઓ ગેબ થયા નહિ. પણ ફક્ત એક લાકડી લઈને દુશ્મનોની સામે આગળ અને આગળ જંગમાં ઘસી ગયા હતા, તે વખતે તેઓએ પોતાની ઈમામત છુપાવી નહિ, જો ઈમામનો જોમો હાઝર ન હોય તો સર્વે કાફર થઈ જાય.

હ. ઈમામ હુસેનની લાકડી (ગાદી) હાલ અમારી પાસે છે અમે પોતેજ ઈમામ હુસેન છીએ. તમે જુઓ છો કે, આજે પણ એક લાકડી હાથમાં રાખીને, અમે જ્યાં ત્યાં ફરીયે છીએ કારણ કે, અમે પોતે ઈમામ છીએ. અમને કાંઈપણ બીક નથી. ઈમામ હાઝર જ છે અને તેઓના ઉપર દુઃખ પડે, તે છતાં ગેબ થઈ જતા નથી. આ બાબતની સાબિતીના દાખલામાં દુર જવું પડે તેમ નથી.

જુઓ, અમારા દાદા શાહ હસનઅલી દાતારને તમે કેટલાકોએ દીઠા હશે. તેમના દિદાર પણ કર્યા હશે. તેમના ઉપર કેવો કેવો સિતમ ગુજારવામાં આવ્યો હતો? તેઓએ કેવી કેવી મુશ્કેલીઓ ભોગવી હતી? પોતાની સાથે એક લાકડી સિવાય બીજું કાંઈ પણ નહિ રાખ્યું ઈરાન દેશમાં મરહુમ શાહ ફતેહઅલીની સામે લડાઈ કરી હતી અને દુઃખ ભોગવતા ભોગવતા, આખરે હિંદુસ્તાનમાં પધાર્યા હતા, તેમ છતાં પણ તેઓ ગેબ થયા નહિ. ઈરાનમાં તેઓ ઉપર એટલી હાડમારીઓ પડી કે, તેમની પાસે કાંઈપણ ચીજ રહી નહિ; એટલે સુધી કે, તેઓને ઉભા રહેવાની જગ્યા પણ મળી નહિ, ત્યારે તે દેશ છોડી, આ હિંદુસ્તાનમાં પધાર્યા, પણ ગેબ થયા નહિ. પોતા ઉપર પડેલા સરવે દુઃખો સહન કર્યા, પણ ગેબ થયા નહિ.

જુઓ, ઈમામ હુસેનની ચુમાલીસમી પેઢીએ, "શાહ ખલીલલુલ્લાહ" શાહ હસનઅલીના પિતા, ઈમામના જોમામા હતા. તેમના દિદાર હમણા જેઓ એંશી વરસથી વધારે ઉમરના હશે, તેઓએ કીધા હશે. જાહેર રીતે તો શાહ ખલીલલુલ્લાહના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા હતા. જો તેઓને ગેબ થઈ જવું હોત, તો તે વખતેજ ગેબ થઈ જાત અને આવું દુઃખ સહન કરતેજ નહિ. ઈમામ થયા તો તેમનાથી એમ થાયજ નહિ. વળી તેઓએ એમ પણ નહિ કહ્યું કે, અમે હવે ગેબ થઈ જઈએ છીએ, કારણ કે અમારા ઉપર ઘણું દુઃખ પડયું છે.

હવે જ્યારે ઈશ્નાઅશરી લોકો કહે છે કે, ઈમામ દીનના જંગમાંથી યાને લડાઈના મેદાનમાંથી નાસી ગયા છે અને ગેબ થઈ ગયા છે, એ શી રીતે માની શકાય? તમે ખ્યાલ કરો કે, જ્યારે ઈમામ થઈને

દીનની લડાઈમાંથી નાસી જાય અને દીનની ખાતર ઉભો ન રહે ત્યારે દીનના કામમાં શી રીતે મદદ કરી શકે ? તમારો બચાવ પણ શી રીતે કરી શકે ? અને તમને બહેસ્તમાં શી રીતે લઈ જઈ શકે ? તેનામાં ધર્મને માટે ઈમામપણાની હિંમત ન હોય અને ઈમામપણાની હિંમત જાહેરમાં બતાવે નહિ, તો તે મુરીદોના કામ શી રીતે પાર પાડી શકે ?

આ ઉપરથી તમને ખાતરી થશે કે, ઈમામ આ દુનિયામાંથી ગેબ થયા જ નથી. ઈમામ ગેબ થઈ શકે જ નહિ. ઘણી તાજુબીની વાત છે કે, ઈશ્નાઅશરીઓ કહે છે કે અમારો ઈમામ તો ગેબ થઈ ગયો છે. કોઈ ઈમામ એમ નથી કહી ગયા કે, અમે હવે ગેબ થઈ જઈએ છીએ.

તમે તમારા દિલ સાથે ચોકસી કરો અને શેતાનની બાજી ખાઓ નહિ. તમને ફેરવવા આવે તેને સામો જવાબ આપી, તમારા દીનમાં મુસ્તકીમ રહો.

જેઓ ઈશ્નાશરીઓમાં જાય છે તે મઝહબ અમારો નથી. તેઓ અમને ઓળખતા નથી. ત્યાં જઈને ભુલ નહિ ખાતાં. તેઓ મોઢેથી કહે છે, "ઈમામ દુનિયામાં હાઝર કાયમ જોઈએ." ઈમામ વગર દુનિયા ખાલી નથી, ઈમામ દુનિયા ઉપર જરૂર જોઈએ, પણ તેઓ સમજતા નથી. તેઓ એક બાજુ નબીની આલની તારીફ કરે છે અને બીજી બાજુ કહે છે કે ઈમામ બાર સિવાય બીજો ઈમામ નથી.

તેઓ એટલું પણ સમજતા નથી - વિચાર કરતા નથી કે ૧૦૦૦ થી ૧૨૦૦ વર્ષ થયા શું ઈમામ ત્યાં બેસી રહ્યા હશે ?

તેઓ ઈમામને "સાહેબે ઝમાન" તરીકે તો સંબોધે છે; પણ તેઓ તેનો અર્થ નથી સમજતા, અને જ્યારે તે ઈમામ જગતમાં મૌજુદ નથી તો પછી તેને "સાહેબે ઝમાન"નો લકબ કેમ આપી શકાય ?

ઈમામ દુનિયામાં મૌજુદ હોવોજ જોઈએ. દુનિયાનો આધાર ઈમામ છે.

# પવિત્ર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું:-

અમારા પ્યારા પુજનીય યાદના દાદાજાનની સંપૂર્ણ ઈચ્છા અને નિમણુક મુજબ પવિત્ર ઈમામતની મારી ગાદીનશીની નિમિત્તે અમો આખી દુનિયાના બધા વ્હાલા રૂહાની બચ્ચાઓને અમારા માતા અને પિતા તરીકેના ઉત્તમ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ઈમામતની મસનદ ઉપર બિરાજમાન થયા બાદ શનિવાર તા.૨૦-૭-૧૯૫૭ના જીનીવા ખાતે વીલા બરકતમાં ત્યાં ખાતે હાજર રહેલા મુરીદો વચ્ચે પહેલીજ વાર મુખ મુબારકથી ફરમાવ્યું.

તમો મારા સઘળાં રૂહાની બચ્ચાઓને અમે ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમે સુખી અને આબાદ રહો.

અમારા દાદા પ્રત્યે તમોએ જે ભક્તિ ભાવ અને વફાદારી બતાવી છે તેની અમારા દીલ ઉપર ઘણી ઊંડી અસર થઈ છે.

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની બચ્ચાઓની ભલાઈ માટે કામ કર્યું હતું. અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ, અમો તમારી સમક્ષ બોલી રહ્યા છીએ એ સાથેજ તમારા આગલા ઈમામની યાદીઓને અમારી અંજલિ અર્પણ કરીએ છીએ.

જ્યારે આપણે એવણને યાદ કરીએ છીએ ત્યારે એવણની ઘણી ઘણી યાદો આપણા ખ્યાલમાં આવે છે.

એવણની જીંદગી દરમ્યાન એવણે આપણી કોમ માટે જે હાંસલ કર્યું છે તે સાધારણ રીતે કામયાબ કરતાં કેટલીક સદીઓ વીતી જાય છે. એમના કાર્યો કેટલા ભવ્ય અને પ્રભાવશાળી હતા એ દુનિયાએ એમને જે અંજલિઓ આપી, એ સાચી રીતે પૂરવાર કરે છે.

એવણ અમારા માટે પ્રેરણાદાયક હશે. અને એમના નકશે કદમ ઉપર ચાલવાની હંમેશા અમારી ખ્વાહીશ રહેશે.

આત્મા માટે બંદગી અને શરીર માટે કસરત કરવા સાથે શુભેચ્છા અને સહકારની ભાવના કેળવશો તો તમોને હંમેશા સફળતાં મળશે.

ઈન્સાનમાં બે ચીજો છેઃ એક શરીર અને બીજો આત્મા.

આત્માને રૂહાની ખોરાકની જરૂર પડે છે. તેજ પ્રમાણે શરીરને કસરતની જરૂર પડે છે.

સુખની એક માત્ર ખાત્રી પૂર્વકની ચાવી છે તે છે ઈબાદત.

તમારામાંના ઘણા ને એ સમજાશે કે જ્યારે તમારો મુસીબતનો સમય હોય અથવા વ્યક્તિગત ગમ હોય તો તેના નીવારણ નો ખરો ઈલાજ ઈબાદત છે.

પરંતુ માત્ર મુશીબતના વખતમાંજ બંદગી કરો તેમ ન હોવું જોઈએ.

સુખના દિવસોમાં પણ ઈબાદત કરવી જોઈએ. કારણ કે તે તમને ઈન્શાનિયતના ગુણો બક્ષશે જે તમારામાં હોવા જોઈએ.

સેંકડો વરસથી અમારા રૂહાની બચ્ચાઓ ઈમામતની રસી દ્વારા દોરવણી મેળવતા રહ્યા છે.

તમોએ સઘળી બાબતોમાં સલાહ અને સહાય માટે જમાનાના ઈમામ તરફ દ્રષ્ટી કરી છે અને તમારા ઈમામને પોતાના રૂહાની બચ્ચાઓ પ્રત્યે અતિશય પ્રેમ અને વહાલ હોવાથી, એમના નુરથી તમોને એંધાણ મળ્યું છે કે તમારે રૂહાની અને દુન્યવી સંતોષ પ્રાપ્ત કરવા કયાં અને કઈ દિશામાં મોઢું ફેરવવું જોઈએ.

ઈમાન એ મોટામાં મોટી વસ્તુ છે રસ્તામાં ધુળ પડી હોય તેની કંઈ કિંમત નથી, તેમ ઈમાન વગરના માણસની કિંમત ધુળ મીસાલ છે.

મઝહબી જ્ઞાન તેમજ ઈમાન વિના ઈન્સાન ધુળ મિસાલ છે અને તે વિના તેની જીંદગી અર્થ વગરની છે.

ઈમાનવાળા ગરીબ માણસનું જીવન, ઈમાન વગરનાં ધનવાન કરતાં ઘણુંજ કિંમતી છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ એક મુદ્દો ઘણી જ જબરી મહત્વતા ધરાવે છે અમો ઈચ્છીએ છીએ કે તમો હમેશાં એ યાદ રાખો કે તમો તમારી જીંદગી દરમ્યાન જમાતખાનાની હાજરીમાં નિયમીત રહેશો.

તમારી બંદગીઓમાં હમેશાં નિયમીત રહેશો.

તમારી મઝહબી ફરજોમાં નિયમીત રહેશો એવું અમો ચાહીએ છીએ.

અમે ઈચ્છીએ છીએ કે તમે એમ નહિ સમજતા કે તમે તમારા રસ્તાના (મંઝીલના) આખરી છેડા સુધી પહોંચી ગયા છો.

પણ તમારે એ યાદ રાખવું જોઈએ કે તમે હમેંશા તે રસ્તાના શરૂઆતના તબક્કામાં છો.

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણી જમાતની પ્રણાલીકાઓ તેરસો વરસથી ચાલી આવે છે.

અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાત ઈમામતની રસીને મજબુતપણે વળગી રહે.

અમો ઈચ્છીએ છીએ કે તમે આપણી પ્રણાલીકાઓને મજબુત પણે વળગી રહો.

અમો ઈચ્છીએ છીએ કે તમે નિયમીત જમાતખાને હાજરી આપો અને આપણી જમાતની પ્રણાલીકાઓનું પાલન કરો.

જમાતખાનામાં નિયમિત રીતે હાજરી આપો. અને નિયમીત રીતે દુઆ બંદગી ગુજારો કારણ કે માત્ર આ એક જ વસ્તુ છે કે જે તમને સાચું સુખ આપી શકશે.

તમારામાંના દરેકને પોતના મઝહબનું ઊંડું જ્ઞાન અને સાચી સમજ હોવી જોઈએ.

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસમાઈલીયા એસોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે તોજ આપણી આ અદભુત પ્રણાલીકાઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણે આપણો અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસસું કે, જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાઓનાં જીવન માટે અતી અગત્યનો છે.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

અમો માનીએ છીએ કે અમારી કોમી જીંદગીમાં ફેરફારો થવાજ જોઈએ.

દુન્યવી બાબતો માટે ઈમામ પોતે નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

પરંતુ અમારે ભારપુર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધાન્તોમાં પણ થવા જોઈએ.

અમો તમોને વખતો વખત દુન્યવી બાબતોને લગતા ફરમાનો કરીએ છીએ પણ જે બાબત અગત્યની છે અને હંમેશા અગત્યની રહેશે તે એ છે કે અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના મઝહબનો અર્થ સમજવો જોઈએ.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભુતકાળમાં હોય કે (૫૦૦) વરસ

ભવિષ્યમાં હોય.

અમો ઈચ્છીએ છીએ કે તમે ભુતકાળની જેમ તમારી ઈબાદત બંદગી નિયમીત ગુજારતા રહેજો.

માવિત્રોની એ ખાસ ફરજ રહેશે કે અમારા રૂહાની બચ્ચાઓ, અમારા નાના રૂહાની બચ્ચાઓને તેમનો મઝહબ શીખવે અમારી જમાતો એ યાદ રાખે કે આ સિવાય અન્ય કોઈ કામ કરવાનો કોઈ અર્થ નથી.

તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે એકલી કેળવણીજ પુરતી નથી, તમારામાં શ્રદ્ધા અને મઝહબ માટે પ્રેમ પણ હોવાં જોઈએ.

સૌથી વધારે મહત્વની બાબત તમારે એ યાદ રાખવાની છે કે દુન્યવી જીવન એ કાંઈ તમારૂં ધ્યેય નથી.

સૌ પ્રથમ તમારે તમારી મઝહબી ફરજો અને તમારી બંદગીમાં નિયમીત રહેવું જોઈએ.

યાદ રાખો કે તમારી પાસે અહીં (આ દુનિયામાં) જે કંઈ છે તે ટુંક મુદત માટે છે. તમો આ પૃથવી પર અમર્યાદિત સમય સુધી રહેવાના નથી.

અમો નથી ઈચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓ એ ભૂલી જાય. કે આ પૃથવી ઉપરનું જીવન અનંતતામાનો માત્ર એક ઘણો ટુંકો માર્ગ છે અને તમારે એમ ન માનવું જોઈએ . કે તમો અહિં માત્ર એક જ હસ્તી માટે છો ત્યાર પછી તમારે કોઈ હીસાબ આપવાનો નથી.

કોઈ પણ રૂહાની બાળક માટે આ દુન્યવી બાબતો સર્વોપરી અગત્યતા ધરાવતી નથી, તે ક્યારેય ધરાવશે પણ નહિ,

તમારે એ સમજવું જોઈએ કે આ દુન્યાની અંદર આપણે ઘણા થોડા સમય માટે છીએ.

આ દુનિયાનો જ્યારે  આપણે ત્યાગ કરીશું ત્યારે દુન્યવી ઉન્નતિ માટે જે કાંઈ કર્યુ હશે તે આપણે આપણી સાથે લઈ જઈ શકશું નહિ.

માટે દુન્યવી વસ્તુઓ પાછળ અવિચારી બની ભટકવું એ માત્ર નાદાનીજ નહિ પણ મોટી મુર્ખતાજ છે.

જેઓ અમર્યાદીત દૌલત ધરાવે છે પરંતુ તેઓ જાણતા નથી કે તેઓનું આ ધન આવે છે ક્યાંથી ? તેનું મુલ્ય કેટલું છે ? અને તે શા માટે છે ? વહેવારૂ રીતે પણ જોતાં આ ધનદૌલત આશિર્વાદરૂપ બનવાને બદલે તે વધુ અને વધુ બોજારૂપ બનવાની વલણ ધરાવે છે.

પૈસા અને દુન્યવી નિયામતો એ ખરી ફતેહમંદીથી ઘણાંજ દૂર છે.

એવો સમય આવે કે તમારે ન નીવારી શકાય તેવી લાલચોનો સામનો કરવો પડે, ત્યારે મઝહબના સંપૂર્ણ જ્ઞાન થકી તેની ઉપર વિજય મેળવી શકશો.

તમારા વડીલો એ ક્યારે પણ ન આપી હોય તેવી સલાહ અમો તમોને આપીએ છીએ.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો. તો તમે ફરિશ્તા બનશો.

આવતી પેઢીઓ દરમ્યાન તમે વધતી જતી ભૌતીક વિપુલતા અને દુન્યવી પ્રવૃત્તિ ધરાવતા એવા જગતમાં જીવી રહ્યા હશો કે જેમાં માનવીના મોટા વર્ગનું બુધ્ધિકૌશલ્ય અને વિચારશક્તિ તમને દુન્યવી લાભો પુરા પાડવા તરફ વળેલા હશે.

કદાચ એક દિવસ અમુક માનવીઓના મનમાં મઝહબના અર્થ અને તેની જરૂરત વિષે કંઈક ગુંચવડો પેદા થશે.

જો અમારા રૂહાની બચ્ચાઓ પોતાના માનસને સર્જાએલાને બદલે સર્જક ગણવા માંડશે, અને તેઓના દુન્યવી સુખ-ચેનને જોતાં તેઓ રૂહાની નમ્રતાને બીન જરૂરી માનવા પ્રેરાય એવી રીતે તેઓ પોતાના જીવનનું ઘડતર કરશે તો અમો તમને હમણા કહી શકીએ છીએ કે સાચા અને વાસ્તવિક સુખ - અમારી દુઆ છે કે જેનો તમને અનુભવ થાય - તે તમારા હૃદયને કદી સ્પર્શા નહીં કરે.

તમારી આસપાસના દુન્યવી વાતાવરણનું કોઈ પણ ઝડપી પરિવર્તન તમારા માટે અતિશય દુખદાયક, અતિશય ચિંતા કરાવનારૂં અને હતાશા લાવનારૂં બનશે.

તમારે ઠાઠ માઠ ભર્યું કે અમીરી જીવન જીવવું ન જોઈએ. કે જે માત્ર તમનેજ નહિ, પણ તમારા બાળકોને અને તમારા કુટુંબને નુકશાન પહોંચાડે છે.

તમો સમજી નહીં શકો કે દુન્યવી લાભોએ તમારા હૃદયમાં

માત્ર અસંતોષ અને ભ્રમણા પેદા કર્યા છે.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો તો તમે ફિરસ્તા બનશો.

તમારે તમારી આવકની મર્યાદામાં રહેવું જોઈએ તમારે ઠાઠ માઠથી કે ખર્ચાળ રીતે રહેવું ન જોઈએ. કારણ કે ન તો અમારી જમાતોના હીતમાં છે કે ન તો તમારા બચ્ચાંઓ કે તમારા પૌત્રાઓ કે તમારા પર પૌત્રાઓના હીતમાં છે.

અમો તમોને ભારપૂર્વક ફરમાવીએ છીએ કે તમે સાવચેતીથી અક્કલ હુશિયારીથી અને કરકસરથી રહો ખાનાવાદાન.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો તો તમે ફિરસ્તા બનશો.

તમારામાંના દરેકને પોતાના મઝહબનું ઉંડુ જ્ઞાન અને સાચી સમજ હોવી જોઈએ.

આ જ્ઞાન તેમજ સમજ મેળવવામાં જેઓ બીજાઓને સહાય કરે છે તેઓને અને પોતાના મઝહબ વિષે માહીતી મેળવવાની જેઓએ નેમ રાખી છે તેઓને અમો અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

અમોને એ જાણીને અતિશય હર્ષ થયો છે કે જે સ્થળે અમારા દાદાજાનનો જન્મ થયો હતો એ સ્થળે પાકિસ્તાનની જમાતે અમારા માટે એક ઘર ધરાવવાનું શકય બનાવ્યું છે.

તમો કોઈ વેળાએ બસમાં અગર બીજે ક્યાંએ જઈ રહ્યા હો અને જો તમારા પાસે તસ્બી હોય તો અચુક ત્યાંજ અને ત્યારેજ તમારી દુઆ ગુજારી લ્યો અને તેમાં જરાએ અચકાઓ નહીં અથવા શરમાઈને મુલતવી રાખો નહીં.

સાચા સુખની એક માત્ર ખાત્રી પુર્વકની ચાવી છે તે છે ઈબાદત.

યાદ રાખો જે અમો તમોને અવર નવર દુન્યવી ફાયદા માટે ફરમાન ફરમાવીએ છીએ પરંતુ અમો જોઈએ છીએ કે તમારામાંના ઘણા ખરા દુનિયા પાછળ લાગેલા હોય છે અને દુન્યવી પ્રગતિનેજ પોતાના જીવનનો ધ્યેય બનાવેલ છે આવા લોકો અવળે રસ્તે દોરવાઈ ગયેલા છે.

ખરો માર્ગ એ છે કે તમો તમારી બંદગીના વખતને બરાબર સંભાળો અને એકાગ્રતાથી ખરૂં સુખ મેળવો.

તમારે યાદ રાખવું જોઈએ કે ગરીબ કે પૈસાદાર સર્વે માટે બંદગી જરૂરી છે.

તમારી દુકાનો તમારા મકાનો તમારી સર્વે ઔલાદ પૈસા વિગેરે બધું અહીજ રહી જશે માત્ર તમારો રૂહ એકલોજ જશે આ બાબત તમે કદી પણ ભુલશો નહિ.

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ પણ, પરીક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે અને સમજે છે કે, તેઓને શું ચીજ મળી છે.

પણ તમે નાદાન છો.

ઈસા પયગમ્બર નાદાન પાસેથી નાસી ગયા હતા તેવા નાદાન તમે છો ત્યારે મોતીના ઢગલા માંથી શું ફાયદો તમે હાંસલ કરી શકશો ?

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઈન્સાન છે તેઓ જવાહીર ઉંચકી લેશે. જેઓ હેવાન છે તેઓની નિગાહ ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

તમે ઈન્સાન રૂપમાં છો, ખુદાવંદતઆલાએ તમારી ઉપર ઘણી જ મહેરબાની કરી છે કે, તમને મહોબતથી સતપંથ દીનમાં જન્મ આપ્યો છે પણ હેફ છે કે, ઢોરની મિસાલ જન્મ ચાલ્યો જાય છે અને ઈન્સાન પાછો ખાકમાં દાખલ થઈ જાય છે.

રોજ કયામતમાં બીજી જાતોને તો એક બહાનું પણ છે કે, તેઓને સતપંથ દીનની ખબર નહિ હતી. તમે અરબ, બદકશાની, ખોજા, મુમના તથા બીજા જેટલા ઈસમાઈલી સતપંથી છો, તેઓ રોજ કયામતના દિવસે કાંઈપણ બહાનું કાઢી શકશો નહિ.

ઈન્સાન ખ્યાલ કરતો નથી કે, જો મરણ પછી કયામતમાં તે

એવો જવાબ આપશે કે ફલાણાએ મારા રૂહને ફરેબ દીધો, તો તે બહાનું કાંઈપણ ચાલવાનું નથી.

તમારી હવેની આટલી જીંદગી છે તે, બે ફાયદે અને બેખબરીથી કેટલોક વખત ખોતા રહેશો ?

તમારા આદમના અવતારને ઓળખો.

ઈન્સાન અવતાર તરીકેનો તમારો મરતબો સમજો.

ઈન્સાન થઈને ક્યાં સુધી હેવાન જેવા રહી જશો ?

દુનિયા ઉપર ક્યાં સુધી મહોબત રાખશો ? ક્યાં સુધી દુનિયાની બાજી ખાધા કરશો ?

તમે ઈન્સાન થયા ત્યારે તમને જન્મ તથા મરણ છે.

ઈન્સાન જન્મ અને મરણની વચમાં ફર્યા કરે તેમાં શું ફાયદો થાય ?

કોઈ માણસ પાસે આખી બાદશાહી હોય, એટલે કે તેને ઘેર આખી દુનિયાનું રાજ હોય, તેની પાસેથી બાદશાહી છીનવી લઈને, તેને ફકીર બનાવવામાં આવે તો, તેની કેવી ખરાબ હાલત થાય ? હવે તમે ઈન્સાન રૂપી ઉત્તમ દેહીમાં આવ્યા પછી, ફિરસ્તા થવાને બદલે ઈન્સાન મટીને હેવાન જેવા બનશો તો, તમારી પણ એવી જ ખરાબ હાલત થશે.

ઈન્સાનમાંથી ફિરસ્તો થઈ શકાય છે.

પરંતુ ઈન્સાનમાંથી ફિરસ્તા થવું તેમાં ઘણી મહેનત છે.

તમારા રૂહનો અવતાર પહેલાં પત્થરથી શરૂ થાય છે.

અવ્વલમાં ઈન્સાન માટી તથા પત્થર રૂપે હતો.

ખુદા સાથે ખ્યાલ બાંધે તો ઈન્સાન ફિરસ્તો થાય.

ઈન્સાન પહેલા તો પત્થર હતો, પછી ઝાડ થયો, હેવાન થયો, વાંદરો થયો, ત્યારબાદ માણસ થયો. માણસ ફિરસ્તો થાય, તેથી પણ વધારે ઉંચો થાય. પાછો હેવાન પણ થાય, પત્થર પણ થાય. આ સઘળું પોતાના હાથમાં છે. આ બાબત નસીબ ઉપર આધાર નથી રાખતી.

મૌલાના રૂમી કહી ગયો છે કે, હું પથ્થર હતો, તેમાંથી ઝાડમાં પેદા થયો, તેમાંથી બદલીને કીડીમાં પેદા થયો, ત્યારબાદ જાનવરમાં પહોંચ્યો, જાનવરમાંથી મટીને વાંદરામાં પહોંચ્યો; તેમાંથી ઈન્સાન થયો છું. ઈન્સાનમાંથી શું થઈશ? મલાએક બનીશ. ત્યાંથી ક્યાં જઈશ? તે કરતાં ઉંચે જઈશ.

ઈન્સાન તે છે, જે ઉપર જવાની ઉમેદ રાખે છે. તે સિવાય આ દુનિયામાં ઈન્સાન માત્ર જનાવર મિસાલ છે.

જેઓ ઉપર જવાની ઉમેદ ધરાવે છે તેઓ ઉપર પહોંચવા માટે બંદગી વધારે કરે છે અને મહોબત પણ વધારે કરે છે.

પીર સદરદીન હતો. તે તમારા જેવો એક માણસ હતો. તમારાથી કાંઈ ફરક નહિ હતો તેની આંખો કાન વગેરે તમારા જેવા જ હતા કોઈ પણ ખોજો હશે તે કહેશે કે, પીર સદરદીને ખોજા બનાવેલ છે. તે પીર સદરદીન પણ તમો ખોજાઓનો દીનબંધુ હતો.

પીર સદરદીન બુધ્ધિવાન, દાના, સાચો અને બાતુનમાં સાફ હતો.

પીર સદરદીન એકલો જતો હતો ત્યારે પણ સમજતો હતો

કે, ખુદા મારી પાસે છે.

તમે પણ મહેનત કરો અને પીર સદરદીન જેવા થાઓ.

અક્કલવાળો માણસ કહેશે કે, ઈન્સાન એ એક મોટી ચીજ છે.

સારા નરસાને બરાબર ઓળખે તે ઈન્સાન છે.

હવે જુઓ કે સારા અને નરસા વચ્ચે શું ફરક છે ?

પોતાનો રૂહ અસલ મકાને પહોંચે તે સારૂં.

એવું ન બને કે રૂહ અહીંયાજ રહી જાય અને ઢોર માફક ખાય તથા સુએ.

સમજદાર ઈન્સાનને મોટી ઉમેદ રાખવી જોઈએ; તે એ છે કે, રૂહ જે ઠેકાણેથી આવ્યો છે તે અસલ મકાને પહોંચે.

રૂહની અસલ ઉમેદ છે તે બીજું ઝવહર છે.

જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું ?

અસલ મકાન કરતાં બીજું કયું મોટું મકાન છે ?

તમારૂં અસલ મકાન ઘણું મોટું છે, પણ હવે ઘણું દુર છે.

તમારૂં મકાન કેવું મોટું છે તેથી તમે અજ્ઞાન છો.

અસલ મકાને પહોંચવા માટે નામર્દીને જડ મુળમાંથી ઉખેડી નાખવી જોઈએ. હિચકારાપણું છોડી દઈને હિંમત રાખવાથી અસલ મકાને પહોંચાય છે.

તમે જ્યારે સિજદો કરો ત્યારે, માંગો કે અમને અસલ

મકાને પહોંચાડો.

જેમ બાળક પોતાની માતાથી જુદું પડે છે, ખોવાઈ ગયું હોય છે, ત્યારે તે રડે છે કે ક્યારે મા પાસે જઈ પહોંચું! તમે પણ તેવા થાઓ.

તમે દુનિયામાં બેઠાં છો તો તમારે દિલથી રોવું જોઈએ.

આ દુનિયામાં બે જાતના મોમન છે, જેમાં એક બદનના મોમન છે, તથા બીજા રૂહના છે.

જેઓ બદનના મોમન છે, તેઓ અહીંજ રાજી થાય છે, અને આ દુનિયામાં જ રહેવાને રાજી છે. તેમની જગ્યા જમીનમાં જ હોય છે. આ વડાઈના મોમન છે, તેઓ આખરે જમીનમાં જ જાય છે.

બીજા જે રૂહના મોમનો છે, તે એવા થાય છે કે, દીનના કામમાં તેઓ આગળ અને આગળ કદમ ભર્યા કરે છે. તેઓ ઉભા રહેતા નથી તે, મોમનો નિરંતર આગળ વધ્યાજ કરે છે. આવા માણસો બહેશ્તથી પણ ઉંચે જશે.

બહેશ્તથી પણ વધારે પાક એક જગ્યા છે, ત્યાં રૂહને પહોંચવું જોઈએ.

તમારામાંના જેઓ તમારા કરતાં વધારે અક્કલવાળા હતા, તેઓ અમારે રસ્તે ચાલ્યા છે.

મિસાલ મનસુર ચાલ્યો.

મનસુર માટે બહેશ્ત મોજુદ હતી; પણ તે કહેતો હતો કે, ખાલી બહેશ્તમાં જઈને શું કરૂં; જ્યાં સુધી મગજને ચાખીશ નહિ ત્યાં

સુધી પાછો નહિ વળું, આગળ વધીશ.

રૂહની અસલ ઉમેદ છે તે બીજું જવહર છે. જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું ?

હાલ તમારી બન્ને બાજુએ બે રસ્તા છે. એક તરફ એક સડક ગઈ છે તથા બીજી તરફ બીજી સડક ગઈ છે. એક સડક હેવાન એટલે બદનની છે અને બીજી સડક રૂહની એટલે ફિરસ્તાની છે.

ફિરસ્તાની સડક આસમાન ઉપર જાય છે.

જો તમે એ સડક પકડશો તો સાતમે આસમાને જઈ પહોંચશો.

અગર એ સડક છોડી આપશો તો, તમારો રૂહ જમીન ઉપર જ રહેશે.

સાતમા આસમાન ઉપર જે સડક જાય છે તેનો ખ્યાલ કરો.

તમે તમારો સુકો રસ્તો શોધો.

તમારો સુકો રસ્તો સાતમા આસમાન ઉપર છે.

જ્યારે તમે ત્યાં પહોંચશો ત્યારે સુકી જમીન તમને મળશે અને તમારૂં દિલ પણ તમને ખાત્રી આપશે.

આ દુનિયા રૂપી દરિયામાંથી સાતમાં આસમાનની સુકી જમીને પહોંચવા માટે, રસ્તામાં જે સડક છે, તે પર શેતાન ઘણી જાતનાં વરસાદ વરસાવે છે. ફિતના, દુશ્મની, જુઠું બોલવું વિગેરે હજારો જાતના વરસાદ તે રસ્તા ઉપર વરસાવે છે અને મોમનને સુકી જમીને પહોંચવા આપતો નથી.

મહેનત કરીને ઈલમ શીખો અને હિંમત રાખો. જેનામાં હિંમત છે તે સાતમા આસમાન સુધી પહોંચી જાય છે.

મારા વાસ્તે ઘણી મહેનત છે. “એ” બેઈલ્મી કેમ રાજી થાય? “એ” હકીકતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી.

જેઓ બેઈલ્મી છે તેઓ હકીકતને છોડી આપે છે.

પણ જેઓ હકીકતી છે તે બીજે રસ્તે ચાલે છે.

જેમ આગળ (૧) ઈસા (૨) પીર સદરદીન (૩) નાસર ખુશરૂ (૪) પીર શમ્સ (૫) મૌલાના રૂમી, એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલ્યા.

આ રસ્તો નાદાનના માટે બહુ મુશ્કીલ છે.

પણ જે દાના અક્કલવાળો હશે તે કહેશે કે, આ રસ્તો સારો છે.

હકીકતના રસ્તાથી વાકેફગાર થશો ત્યારે તમે આઝાદ થશો.

ખોટું ન બોલવું. મારા દીનમાં ખોટું બોલવાની મનાઈ છે.

પૈસા સાથે દિલ બાંધવું નહિ.

ઘણા પૈસા કમાવો તેમાં ખુશી પણ નહિ થશો.

મહેનતથી કમાવેલા પૈસા જતાં રહે તો દિલગીર થવું નહિ.

ખુદા ન કરે ને કોઈનો છોકરો ગુજરી જાય તો તેણે અફસોસ ન કરવો.

મોમનને દુનિયામાં કાંઈ પણ નુકશાની થાય છે તેનું તેને દુઃખ થતું નથી.

દુનિયામાં મોમનને નુકશાની થાય તો પણ ગમ ન કરે. દીનનો ઈત્તેકાદ અને ઈમાનની નિશાની એજ છે.

ઈન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખરૂપ લાગે છે.

ઈન્સાન ઉપર બિમારી, કોઢીયાપણું, રગતપીત વિગેરે દરદ આવે છે, પણ મોમન તેનો અંદેશો રાખતો નથી અને નાખુશ બનતો નથી.

મોમનને અગર રગતપીતનું દરદ હોય, તો પણ તેનું દિલ નુરાની અને દરિયાના પાણી જેવું સફેદ હોય છે. તેના ઉપર ગમે તેટલા દુઃખ આવી પડે, તો પણ તેમને તે દિલ ઉપર લાવતો નથી.

ઈસા હકીકતી હતો. તે ખુદામાં ફના થયો.

તમે પણ ફના ફિલ્લાહ થાઓ.

તમે વિચાર કરો કે, ફના થઈએ. જે કોઈ ચાહે અને કોશીષ કરે તે ત્યાં પહોંચી શકશે. પણ તમારા ગુન્હા તમને ત્યાં પહોંચવા આપતા નથી. તે ગુન્હાઓએ તમને કેદખાનામાં બંધ કીધા છે.

તમે ફિલસુફી પડો તો ખુદાવંદતઆલાની નજીક થઈ શકો.

પીર શમ્સ પીર સદરદીન તથા મૌલાના રૂમ, ફિલસુફી ઘણી પડયા હતા, તેમજ કુરાને શરીફ માયના સાથે પડયા હતા.

રૂહ કયાંથી આવ્યો ? પાછો રૂહ કયાં જશે ? જેઓ ફિલ્સુફીની કિતાબો પડયા છે, તેઓ એ સર્વે જાણે છે.

પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ, એઓ જ એવા થઈ શક્યા એમ નહિ સમજતા.

તમે પણ મહેનત કરી પડો તો એવા થઈ શકશો.

આવું ઈલ્મ તમારા ઉપર વાજબ છે.

હું તમારા માટે ફિલસુફી રાખીશ તે તમે પડજો તથા સમજજો. તેમાં મોટી હિંમત છે.

હિંમતવાળાનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે.

તમારો રૂહ એક નદીની મિસાલ છે.

અમે એક દરિયો છીએ.

તમારા રૂહનો આખરનો છેડો દરિયામાં એટલે અમારા પોતામાં છે. છેવટે તમે દરિયામાંજ મળી જશો.

જુઓ આ કચ્છના મુલકમાં જે નદીઓ છે, તે દરિયામાં મળી શકતી નથી. રસ્તામાં જ સુકાઈ જાય છે.

આ પ્રમાણે જે લોકો બેહિંમત છે તેનો રૂહ પણ આ કચ્છની નદીઓની માફક રસ્તામાં જ સુકાઈ જાય છે.

તમે ઘણા જ બેહિંમત છો, તેથી તમારો રૂહ જલદીથી ત્યાં પહોંચી શકતો નથી.

તમે તમારા રૂહને રસ્તામાં સુકાવા આપો નહિ, પણ જલદીથી દરિયામાં મળી જવા આપો. તમે આ બાબત પર સારી રીતે ખ્યાલ કરજો.

તમે ઉંઘમાં પડેલા છો તેથી, તોપના અવાજ સાંભળતા નથી.

સુતેલા માણસને ઉઠાડવામાં આવે છે તેમ, અમે તમને જગાડીએ છીએ કે, ઉઠો! ઈબાદતમાં મશગુલ થાઓ, ભુલો નહિ! ત્રણ વાગાની ઈબાદતમાં ઘણો જ ફાયદો છે. એક તરફ આખી દુનિયાનો માલ બીજી તરફ ઈબાદત એવું ઈબાદતનું જબરૂ વજન છે.

ખુદાને મળવું ઈબાદત ઉપર છે. ઈબાદત ઈમાન ઉપર છે. વળી ઈમાન હાંસલ થવું એ ઈશ્ક ઉપર છે.

ઈશ્ક કેવો હોવો જોઈએ?

જેમ એક બિયાબાન જંગલમાં કોઈ તરસ્યો પાણી માટે તલબ કરે છે, તેવીજ રીતે રૂહને પણ ઈમામનો ઈશ્ક હોવો જોઈએ. ઈમામ ના બદન ઉપર નહિ, પરંતુ ઈમામના રૂહ ઉપર ઈશ્ક હોવો જોઈએ.

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

ઈન્સાનને લાજમ છે કે ખુદાવંદતઆલાનો ઈશ્ક દિલમાં રાખે.

ઈન્સાન દુનિયાના ઈશ્કમાં કેટલો મુસ્તાક રહે છે અને કેટલી બેકરારી કરે છે? તે કરતાં હજારો દરજ્જે વધારે ખુદાવંદતઆલાનો ઈશ્ક રાખવો જોઈએ.

તમે મોમન છો તો ખુદાવંદતઆલા ઉપર આશક થાઓ.

હકીકતીઓનો ઈશ્ક ઔલાદ, સ્ત્રી તથા પૈસા ઉપર નથી હોતો પરંતુ ખુદાવંદતઆલા ઉપર હોય છે.

મોમન જેમ જેમ ખુદાવંદતઆલા ઉપર વધારે અને વધારે મોહબ્બત રાખે છે, તેમ તેમ ખુદાને વધારે અને વધારે નજીક થતો જાય છે; તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે.

એવી જાતની મહોબત તમે મારા માટે તમારા દિલમાં રાખો.

કે તમારૂં શરીર જ તમારી સાથે હોય પણ તમારો રૂહ અમારી સાથે હોય.

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

જો ઈશ્ક બરાબર હોય તો, ઈમાન રૂહ સાથે એક જ થઈ જાય છે.

તમે ઈમાનની બરાબર સંભાળ રાખજો.

જેમ માણસો પોતાની દોલત સંભાળે છે, તે પ્રમાણે મોમન પોતાના ઈમાનની સંભાળ રાખે છે.

તમે તમારૂં ઈમાન મનસુર જેવું રાખો.

જુઓ મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો તો પણ તેણે પોતાનું ઈમાન મુક્યું નહિ.

જ્યારે મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો ત્યારે તેના શરીરમાંથી લોહી નીકળ્યું, એ લોહીમાંથી પણ "અનલહક"નો અવાજ નીકળતો હતો. આખરે તેને શળગાવી દેવામાં આવ્યો. આ ઈમાનની નિશાની છે.

ઈમાન અમુલ્ય વસ્તુ છે અને ધણીને પ્યારી છે. અમારા દાદા હ. મૌલા મુર્તઝાઅલીને મોમન નુસેરી "અલ્લાહ" કહેતો હતો તેને ૭૦ વખત કતલ કરવામાં આવ્યો તો પણ તેણે "અલી અલ્લાહ" કહ્યા કર્યું પછી હુકમ આવ્યો કે આ સાચો મોમન છે. અને એની ઔલાદ પણ સચ્ચાઈવાળી થશે. આ મોમન અને એની ઔલાદને કયામતમાં પુછાણું નથી. આટલો દરજ્જો તેને તેના ઈમાનના અંગે મળ્યો હતો.

જેનું ઈમાન ગયું તેનું બધું ગયું જેનું ઈમાન સલામત રહ્યું તેનું સઘળું સલામત રહ્યું માટે પોતાના ઈમાનમાં કદી ખલલ થવા દેશો નહિ.

જે શખ્સ ઈબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઈમાન લુંટી લ્યે છે.

કેટલા દિવસ તમારા દિલને ઈબાદત વગરનું રાખશો.

ઈબાદતનો બોજો ગરીબ તથા પૈસાદાર બન્ને ઉપર સરખો છે.

પૈસા ન હોય તો નહિ આપો પણ ઈબાદત કરો.

જો ઈબાદત નહિ કરો તો જહન્નમમાં જશો અથવા પાછા હેવાન થશો તેમાં શું ફાયદો ?

સલમાન ફારસ પણ તમારા જેવો માણસ હતો. તે પોતાના અસલ મકાને પહોંચ્યો.

તમે પણ ઈબાદત કરી સલમાન ફારસ જેવા થાઓ.

તમે ઈબાદત કરો તો પીર સદરદીન જેવા થાઓ.

તમારે તમારી ઈબાદત છોડી દેવી જોઈએ નહિ.

જો કદાચ તમે બીમારીના બીછાના પર પડયા હો, તો પણ ઈબાદત છોડતા નહિ.

જ્યાં સુધી તમારા તનમાં પ્રાણ છે ત્યાં સુધી તમારી ઈબાદત છોડતા નહિ.

ખુદાવંદતઆલાની ઈબાદત કરતી વખતે દુનિયાનો કોઈ પણ ખ્યાલ દિલમાં રાખશો નહિ.

ઈન્સાન રાત દિવસ પૈસા પેદા કરે, અને સારા કામ કરે પછી મરી જાય, ત્યારે શું ફાયદો ?

તમે પીર સદરદીન જેવા થવાનું ધારો છો, તે કેમ બની શકે ? તમારામાં હિંમત તો છે નહિ, ત્યારે તમારાથી બીજું શું થાય તેમ છે ?

હમેશાં બંદગી કરવા છતાં જો આઝાદીમાં ન પહોંચ્યો. તો શું વળ્યું ?

કેદખાનામાં ઈબાદત કરે અને સમજે કે મરી જશું ત્યારે કેદખાનામાંથી છુટા થઈ બહેશતમાં જશું પરંતુ બહેશ્ત પણ કેદખાનું જ છે.

તમે બંદેખુદા છો. ખુદા રહેમુર રાહેમીન છે. ત્યારે શું તમને કોઈ વખત આઝાદ નહિ કરે ? હું નથી કહેતો કે આ દુનિયા પછી પણ તે આઝાદીમાં તમે પહોંચી શકશો. એ સર્વે સીધા રસ્તા ઉપર ચાલવા તથા આલા હિંમત ઉપર આધાર રાખે છે. એ સઘળું તમારા હાથમાંજ છે.

અમે અમારા દિલથી તમને દુઆ કરીયે છીએ કે, 'ખુદા યા ! તેમના દિલમાં એવી તાકાત બક્ષ કે આઝાદ થાય, હકીકતી થાય ખરાબીથી દુર ભાગે. રસ્તો સવળો પકડે. અને સીધે રસ્તે ચાલે.

ખુદા યા ! તેઓને હકીકતી આંખો બક્ષ. આ દુઆ સઘળી દુઆ કરતાં વધારે છે.

અમારી દુઆ તો જેઓ હિંમતવાળા છે. તેઓને જ કામ આવે છે.

સારી દુનિયાની લિજ્જતથી દુર રહે એવો રોજો રાખે, તો ત્યારે

બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઈન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસને પેદા કરી શકે, પણ એવી રીતે જુએ કે જેથી, ખુદાના ભેદ અને કરામતની ખબર પડે.

તમે કહો છો કે, અમે મોમન છીએ; ત્યારે અમે પુછીએ છીએ કે, જનાવરથી કયો હુન્નર તમારામાં વધારે છે?

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય ત્યારે મોમન થાય.

આવા આવા વિચારો કરશો ત્યારે જ મોમનના લક્ષણ તથા દીનની ખબર પડશે.

દરેક ઈન્સાનના રૂહ સાથે ઈમામનું નુર જોડાએલું છે.

જ્યારે તમે માણસને જુઓ છો, ત્યારે માણસની શિકલ જોવામાં આવે છે. હાથ, પગ, મોઢું, આંખો, સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી.

તમે રૂહને જોવાની તજવીજ કરો.

તમારી ફઝીલત તથા સારો વખત રૂહને ઓળખવાનો છે.

ખુદાના નુરનો દીવો તમારી અંદર છે, તમારા હાથમાં છે. એ દીવો તમારા સર્વેમાં છે. તે તમે જુઓ. તમે એને પુછો, તમે એને નહિ પુછશો તો તમને કયાંથી ખબર પડશે? તમારો મઝહબ ઘણો કઠણ તથા મુશ્કિલ છે.

કેટલાક હજાર વર્ષો થઈ ગયા તેમાં કેટલા માણસો તે મકસુદ ને પહોંચ્યા? હ. ઈસા, હ. રસુલ સ., મનસુર, પીર શમ્સ અને

દુનિયાના બીજા થોડા માણસો પહોંચ્યા છે. તે સર્વેના કામ તથા રસ્તો એક સરખાંજ હતા.

જેઓ ત્યાં પહોંચ્યા તેઓ પોતાના રૂહના આશક હતા, રૂહના દોસ્ત હતા, તેઓ તે મકાને પહોંચ્યા.

મુર્તઝાઅલીએ ફરમાવ્યું છે કે, 'જેણે પોતાને ઓળખ્યો તેણે જાણે કે ખુદાને ઓળખ્યો.'

જ્યાં જોઈએ છીએ ત્યાં રૂહ-દોસ્તને જોઈએ છીએ.

ખુદાનો દરજ્જો સમજ્યાં અગાઉ પોતાનો દરજ્જો સમજો ત્યારબાદ ખુદાના દરજ્જાની ખબર પડશે.

મોમનનો રૂહ તે અમારો રૂહ છે.

તમે પોતાના દિલમાં પોતાના રૂહને એટલે અમારા નુરને જુઓ.

હું કહું છું કે, જે કાંઈ છે તે રૂહજ છે, માટે તેની તપાસ કરો કે તે શું છે ? તે ક્યાંથી આવ્યો ? તે નુરની નિગાહ કરવી જોઈએ.

સારી દુનિયાની લિજ્જતથી દુર રહે એવો રોજો રાખે, ત્યારે બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઈન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસ ને પેદા કરી શકે, પણ એવી રીતે જુએ કે જેથી, ખુદાના ભેદ અને કરામતની ખબર પડે.

અક્કલવાળો માણસ કહેશે કે મારી આરઝુ આઝાદીની છે. હું આઝાદી પછવાડે દોડું છું, હું દોડીશ, હું શોધીશ !

અક્કલવાળો મોમન હોય, તેના માટે દુનિયા જહન્નમ છે.

અગર બાદશાહ હોય તો પણ દુનિયા જહન્નમ છે.

જો હજાર બે હજાર કે કરોડ રૂપિયાની દૌલત હોય, ઉમર પણ સો બસોની હોય, તોપણ સઘળું ઝેર બરાબર છે.

અમારા ફરમાન તમને સખત લાગે છે અને ઘણા મુશ્કીલ માલુમ પડે છે, પણ મારી ફરજ એ છે કે તમને ફરમાન કરીયે.

જેવી રીતે છાપા, ન્યુઝ પેપર વાંચી જાઓ છો તેવી રીતે વાંચી ગયા તો શું ફાયદો ?

જેમ જમીનમાં બી વાવવામાં આવે છે, તેમ અમારા ફરમાન દિલમાં રોપજો, તો તેમાં સારા સારા ફળ ઉત્પન્ન થશે.

અમારા ફરમાન ઉપર બે કલાક વિચાર કરજો.

અમારા ફરમાન જેઓ સમજી શકશે તેને મીઠાશ લાગશે.

અમારા ફરમાનને કિંમતી સમજજો જો મામુલી સમજશો તો નુકશાન થશે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નહિ નાખતા.

અમારા ફરમાનની ખબર તમને આખરતમાં પડશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, તમે પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે, "તૌબા તૌબા" રાત દિવસ ગુરજ માથામાં લાગશે.

બે ખબરીનો ગુરજ ઘણોજ ઈજા પહોંચાડનાર છે.

આતશના ગુરજથી ડરીને ધાસ્તીના લીધે ઈબાદત કરે, તે મોમન નથી; પણ ખરૂં ડરવું એ છે કે, ખુદાના દીદારથી દુર ન થવાય; તેનાથી ડરવું જોઈએ.

મોમનનું દિલ છે, તે ખુદાવંદતઆલાનું ઘર છે.

મોમનના દિલની ખુબી એવી છે કે, અમે તેના દિલમાં રહીએ છીએ.

તમારી પાસેથી ન તો અમે માલ માગીએ છીએ કે, ન તો જાન માગીએ છીએ; ફક્ત તમારૂં દિલ માગીએ છીએ.

હવે પછી પોતાના દિલથી કરાર કરો અને તમારા ખુદાવંદને તમારા દિલમાં જગ્યા આપો.

જ્યારે તમારૂં દિલ રાજી રહે ત્યારે ખુદા રાજી રહે.

તમે દુનિયામાં કેદમાં છો ત્યાં સુધી રાજી નહિ થાઓ.

જે લોકો ગામમાં છે તેઓની રૂહાનીને નસિહતના બોલ સમજાવવા જોઈએ.

તેઓ એમ ન કહે કે, દીનના બોલ અમારી રૂહાનીને સંભળાવવામાં ન્હોતા આવ્યા.

દીન અને નસિહતના જે બોલ તેઓની રૂહાનીને પહોંચવા જોઈએ તે જ્યારે પહોંચતા નથી ત્યારે તેનું દિલ દરેક ઠેકાણે ફરતું ફરે છે.

તમારા દિનમાં તથા બીજાના દીનમાં કેટલો બધો ફરક છે? તમે ખ્યાલ કરો.તમારો દીન "રૂહાની" છે અને બીજાઓનો દીન "જીસ્માની" છે.

રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલો બધો ફરક છે? તે મુખી કામડીયા બચ્ચાંઓને નહિ સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતના બોલ નહિ લાગે તો જીસ્માની દીન બચ્ચાંઓના ધ્યાનમાં બેસી જશે.

દરેક જમાતની ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

જેઓને ઈલમની ખબર નથી, તેઓને રૂહાની બાબતમાં તમારા જેવા કરો.

તમે હકની વાત જાણતા હશો, અને બીજાને નહિ કહો તો તમને ગુન્હા થશે.

તમે મોમન હો, પણ થોડી કસર હોય, તે કામ ન આવે.

તમને ઈલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ

તમને ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે.

જે શખ્સ ઈબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઈમાન લુંટી લ્યે છે.

મારા ફરમાન તમારા દિલમાં ધડ બેસે છે કે નહિ? હું મુશ્કીલ સમજું છું.

બીજી ફરજો ઉપરાંત પ્રથમ તો તમારે ત્રણ વખતની દુઆ કદી ચુકવી નહિ. હમેશાં દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેવું અને ત્યાંજ દુઆ પડવી.

જો જમાતખાનું દુર હોય અને તમને ખાત્રી હોય, કે વખતસર ત્યાં પહોંચી નહિ શકાય તો રસ્તામાં હો તો રસ્તામાં દુકાને હો તો દુકાને રેલગાડીમાં હો તો ત્યાં જ્યાં તમે હો, ત્યાં દુઆનો વખત ગુજારી લેવો.

મોમનને લાજમ તથા વાજબ છે કે, મગરિબ વખતે હમેશાં દુઆ પડવા હાજર થાય.

જેઓ મગરબ ટાણે દુઆ પડવા નથી આવતા, તેઓ પોતા ઉપર જુલમ કરે છે.

જમાતખાનું દુઆ પડવા માટે છે, માટે તમે હમેશાં દુઆ પડવા આવો. અગર કોઈ બીમાર હોય તે કારણથી આવી ન શકે, તે કદાચ ન આવે, પણ બાકીના બધા દુઆ વખતે સાંજે જમાતખાનામાં આવો.

તમે ઘણા જ નસીબવાળા છો, કે સવારે જમાતખાને આવો

છો, અને અમારા દિદાર કરો છો.

જે કોઈ બાઈ ભાઈ જમાતખાને આવે છે, તેને રાત અને દિવસ અમારા બાતુની દિદાર થાય છે.

અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો તો દિલ સાફ થશે. અને તેમાં રોશની પેદા થશે.

અમારા ફરમાન પ્રમાણે ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે.

અમારા ફરમાન તમારા રૂહને પહોંચાડો. એ મોટી ચીજ છે.

જે ફરમાન અમે કર્યા છે તેને જીવતા જાગતા રાખવા તમારા હાથમાં છે. તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાન જીવતા રાખ્યા ગણાય, તેમ નહિ કરો તો તેને મારી નાખ્યા ગણાય.

અમારા ફરમાનની તારવણી કરી જમાતને સમજણ પાડવી એ મિશનરીઓનું ખાસ કામ છે.

"કરબલામાં બધી જાતના માણસો હતા, તેમાં કેટલાકો ઈમામ હુસેનને ઈમામ કહેતા હતા."

તેના વિષે મૌલાના હાઝર ઈમામે એક બેત કહી સંભળાવી, જેની મતલબ એ હતી કે:

"ઈમામ! ઈમામ કહેતા હતા પણ પોતાના ઈમામને શહીદ કર્યા."

શીમર પણ ખુદાને યાદ કરતો હતો અને કહેતો હતો કે, હું તમારો બંદો છું, છતાં તેણે પોતાના મૌલાને શહીદ કર્યા.

તે શીમર એમ સમજ્યો કે, ઈમામ પણ અમારા જેવો માણસ છે. એણે ખ્યાલ કર્યો કે મુર્તઝાઅલી ખુદાના હાથ હતા, પણ તે કાંઈ હમણા નથી, કે જેથી અમે ડરીએ.

તે શીમર ન ઓળખ્યો કે ઈમામ હુસેન એજ મુર્તઝાઅલી છે. દુનિયાની લાલચ અને મતલબ ખાતર ભુલી ગયો. આજ પણ, જે હકીકતીએ દુનિયાથી દિલ નથી બાંધ્યું તે ઓળખશે અને તેનું દિલ રોશન થશે. જેને દુનિયાની તલબ છે તે ઓળખશે નહિ.

નમરૂદ, જેમ પોતાને ખુદા કહેડાવતો હતો, એવો કાંઈ શીમર નહિ હતો. એતો કહેતો હતો કે, હું તો ખુદાનો બંદો છું, અને ખુદાની ઈબાદત બંદગી પણ કરતો હતો છતાં, હ. ઈમામ હુસેનને શહીદ કર્યા; એટલું જ નહિ પણ શહીદ કરવા માટે ઘણી ઉતાવળ કરતો હતો. હ. ઈમામ હુસેને ફરમાવ્યું કે, આટલી બધી ઉતાવળ શા માટે કરે છે? ત્યારે શીમરે કહ્યું કે, નમાઝનો વખત થયો છે જેથી, તમને જલ્દી શહીદ કરી નાખી, નમાઝમાં શામીલ થાઉં અને નમાઝ પડું.

નમરૂદ આખી રાત ઈબાદત કરતો હતો છતાં, દિવસના પોતાને ખુદા કહેવડાવતો હતો અને પયગમ્બર સામે લડતો હતો. તેથી તેની ઈબાદત અને નમાઝ શું કામ આવી? કારણ કે તે પયગમ્બરને ઓળખતો નહિ હતો.

અમે જોઈએ છીએ કે અમારા દીનમાંથી ફરી જઈને કોઈ ઈશ્નાઅશરી અથવા સુન્ની તથા નસારા થઈ જાય છે, તેમાં અમે અજબ થતા નથી. કારણકે તે પોતે બેઈલ્મ છે. બેઅક્કલ આદમ માટે હકીકતી દીન ઘણો જ મુશ્કીલ છે. બેઅક્કલને માટે અમારો દીન ઘણો જ મુશ્કીલ છે. બેઅક્કલ ફરી જાય, તેમાં અમને તાજુબી લાગતી નથી, કેમકે આ દીન ઘણો સખત છે.

આપણા મઝહબમાં નિકાહ સિવાય બીજી કોઈ પણ રસમ કે રિવાજ વાજબ નથી. નિકાહ સિવાય બીજી રસમો તરત બંધ કરો.

અમારો મઝહબ રૂહાની છે અહીંયા લાકડી કે, પથ્થરનો મઝહબ નથી. પણ રૂહાની મઝહબ છે, ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અગાઉ મિસરમાં અમારા બાપ દાદાના રાજમાં, દારૂલ હિકમત નામનું એક મોટું મકાન હતું. તેમાં દીન તથા દુનિયાની કેટલીક બાબતોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. છેવટે મુરીદો એવા નાહિંમત થયા કે, એક વખત પોતાના ઈમામને પણ છોડીને એક બાજુ બેસી રહ્યા. આ કારણથી તે કામ ટકી શક્યું નહિ. એવીજ રીતે જો તમે પણ નાહિંમત થશો તો નુકશાની થશે.

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

તમારામાં કેટલાક એવા છે કે જેમને પોતાના દીનની કાંઈ ખબર નથી.

તમે પણ બેખુદ છો. તમારા દીનની અસલ ખુબી તમે જાણતા નથી, તેની માયના સમજતા નથી. દીનની કેવી ઉમેદ છે તે વિષે તમને ખબર નથી.

તમારામાં ઘણા એક એવા છે કે જેઓએ પોતાના નામો ઈસમાઈલી મઝહબમાં રાખેલા છે અને કહે છે કે અમે ઈસમાઈલી છીએ; પણ ઈસમાઈલી મઝહબ શું છે અને તેની ખુબી શું છે તે વિષે તેઓને કાંઈ ખબર નથી.

અમે જોઈએ છીએ કે અમારા દીનમાંથી ફરી જઈને કોઈ ઈશ્નાઅશરી અથવા સુન્ની તથા નસારા થઈ જાય છે, તેમાં અમે અજબ થતા નથી. કારણકે તે પોતે બેઈલ્મ છે.

બેઅક્કલ આદમ માટે હકીકતી દીન ઘણો જ મુશ્કીલ છે. બેઅક્કલને માટે અમારો દીન ઘણોજ મુશ્કીલ છે. બેઅક્કલ ફરી જાય, તેમાં અમને તાજુબી લાગતી નથી, કેમકે આ દીન ઘણો સખત છે.

તમે ઈસમાઈલી દીનની માયના નથી સમજતા. તમે સહી ચોક્કસ કરીને સમજો કે, તમારો દરજ્જો કેવો છે?

દુનિયામાં ઘણા મઝહબ છે, જેઓ સુફી નથી.

શરિયતી, નસારા, યહુદી, હિંદુ વિગેરે સર્વે મઝહબવાળાઓ સુફી નથી. તેઓના ખ્યાલ તથા બંદગી નીચે જવાની હોય છે.

તેઓ જે ઉમેદ ધરાવે છે, તે ઉમેદ સારી નથી. તેઓને એ ઉમેદ છે કે, બહેશ્તમાં જઈ ત્યાં સારૂં સારૂં ખાવું, સારા લુગડા, ઝાઝી સ્ત્રીઓ અને બહેશ્તના સુખ પોતાને મળે. તેઓની આવી ઉમેદો સારી નથી. એવી ઉમેદો શરિયતીની છે. બહેશ્ત પણ દુનિયા માફક છે. રૂહની જે અસલ ઉમેદ છે તે જુદી વસ્તુ છુ.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે, તો તેમના દિલમાં અસર કરતા નથી.

મારા વાસ્તે ઘણી મહેનત છે. એ બેઈલ્મી કેમ રાજી થાય? એ હકીકતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી.

જેઓ બેઈલ્મી છે તેઓ હકીકતને છોડી આપે છે.

મારા ફરમાન તમારા દિલમાં ધડ બેસે છે કે નહિ? હું મુશ્કીલ સમજું છું.

જેઓના દિલ જઈફ છે અને હિંમત નથી તેમના દિલમાં થોડો અથવા વધારે શક ઉત્પન્ન થશે, કારણ કે હકીકત ઉપર તેમને ઓછો ઈતબાર છે.

અધુરા મનવાળા અમને પોતાના જેવા સમજે છે.

અમે પયગમ્બરની આલ છીએ.

અમારા ઘરની તારીફો, અને કુદરત જેઓ ઈલ્મમાં વાકેફગાર છે તેઓ સમજશે.

અધુરા ઈમાનવાળાઓને અમારા ઉપર બીલકુલ વિશ્વાસ નહિ આવશે.

જેઓ ઈશ્નાશરીઓમાં જાય છે તે મઝહબ અમારો નથી. તેઓ અમને ઓળખતા નથી. ત્યાં જઈને ભુલ નહિ ખાતાં. તેઓ મોઢેથી કહે છે, "ઈમામ દુનિયામાં હાઝર કાયમ જોઈએ." ઈમામ વગર દુનિયા ખાલી નથી, ઈમામ દુનિયા ઉપર જરૂર જોઈએ, પણ તેઓ સમજતા નથી. તેઓ એક બાજુ નબીની આલની તારીફ કરે છે અને બીજી બાજુ કહે છે કે ઈમામ બાર સિવાય બીજો ઈમામ નથી.

તેઓ એટલું પણ સમજતા નથી - વિચાર કરતા નથી કે ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ થયા શું ઈમામ ત્યાં બેસી રહ્યા હશે?

તેઓ ઈમામને "સાહેબે ઝમાન" તરીકે તો સંબોધે છે; પણ તેઓ તેનો અર્થ નથી સમજતા, અને જ્યારે તે ઈમામ જગતમાં મૌજુદ નથી તો પછી તેને "સાહેબે ઝમાન"નો લકબ કેમ આપી શકાય?

ઈમામ દુનિયામાં મૌજુદ હોવોજ જોઈએ. દુનિયાનો આધાર ઈમામ છે.

અમારા ફરમાન ઉપર ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે.

મુરશિદ જે ફરમાન કરે તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવા જોઈએ.

કેટલીક વાતો તમારી અક્કલમાં ન ઉતરે તો પણ, પીર મુરશિદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઈએ.

તમારા ઉપર વાજબ છે કે, હું જે ફરમાનો કરૂં તે પ્રમાણે તમે અમલ કરો. એજ મોમનનો ધર્મ છે.

ફરમાન ધ્યાનમાં નહિ લીએ તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

તમે યઝીદનું નામ સાંભળ્યું હશે ? યઝીદ કોણ હતો ?

યઝીદ એક અરબ હતો. જાહેરમાં મૌલાનો ભત્રિજો થતો હતો. જાહેરમાં કુરઆને શરીફ ઘણું પડતો હતો અને મુસલમાન પણ કહેવાતો હતો; પણ હાઝર ઈમામના ઘરનો દુશ્મન હતો.

# ચાંદરાત

મુંબઈ તા.૪-૨-૧૮૯૪

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે હસનાબાદમાં મુખી લાડકભાઈ હાજી અને કામડીઆ ઈસમાઈલ ભાઈ કાસમાણીના વખતમાં રવીવારના પંજેભાઈઓની મીટીંગમાં પંજેભાઈઓને પોતાના મુખ મુબારકથી ફરમાવ્યું.

આ ફરમાન સર્વે જમાત હકીકતીના છુટકારા માટે ફરમાવું છું.

તમે આઠ આઠ દિવસે મીજલસ કરવાનો ઠરાવ કર્યો છે તે ઠીક છે. પણ, કુલ્લ મુંબઈના પંજેભાઈઓ ભેળા થઈને મહિનામાં એક રાત યાને ચાંદરાતના મીજલસ કરો તો ઘણું સારૂં. તમે સઘળા પંજેભાઈઓ એક દિલ થઈને જમાતખાનામાં આવી બંદગી કરો. ખુદા તમારા ગુન્હા માફ કરે અને તમે દુનિયામાંથી પાક થઈને બહેશ્તમાં જાઓ અને દિદાર નસીબ થાય.

પહેલાં તો પોતામાં એકદિલ થાઓ. કોઈ હકીકતીની, તેમજ બીજા દીનની ગીલ્લા ગિબત કરશો નહિ. બીજું, કોઈ ઉપર બદનઝર કરશો નહિ. પારકા માલથી દુર રહેજો.

જે કોઈ પંજેભાઈ, ચાંદરાતની મીજલસમાં નામ નોંધાવે તેની પાસેથી મહિને મહિને એક પૈસાથી આઠ પૈસા સુધી લેજો. જેમાં પૈસાથી ઓછું નહિ અને આઠ પૈસાથી વધારે નહિ.

ગરીબ તેમજ પૈસાવાળા બધા સરખાં છે. પૈસાથી આઠ પૈસા સુધીના જે કાંઈ પૈસા ભેળા થાય તે જુદા રાખજો; તેના માટે છ અમલદાર ઠરાવ્યા છે, તે ઉપજના પૈસા છ જણા પાસે રહે.

અગર ચાંદરાતના પંજેભાઈઓમાંથી કોઈ આ ફાની દુનિયા છોડી આખરત તરફ જાય યાને કોઈના સો વર્ષ પુરા થાય, તો તેના નામની એક નાની મીજલસ જમાતખાનામાં કરજો, જેમાં થોડો જુરો પણ કરજો. તેમાં એમ નહિ કરજો કે, ગરીબ વાસ્તે થોડો અને નાણાવાલા વાસ્તે વધારે. બધાનો હક્ક સરખો છે, ને કાયદા પ્રમાણે ખર્ચ કરજો.

બધાં ભેળા થઈને તેના હકમાં દુઆ માંગશો તો ખુદા તેના ગુન્હા માફ કરે અને બહેશ્ત નસીબ કરે, તેમ તમને પણ ફાયદો થાય.

અમે તો જ ખુશી થાશું કે અમારો કોઈ પણ મુરીદ દુનિયામાંથી ગુન્હેગાર થઈ ગુજરી ન જાય.

ઈન્શા અલ્લાહ! તમે બધાં એકદિલ થઈને જમાતખાનામાં આવી બંદગી કરો. તેમાં સલવાત ઝાઝી પડશો તો ઈન્શા અલ્લાહ તમારૂં જોર દિન પ્રતિ દિન વધશે અને તમારા દુશ્મન દફે થશે; તમારા ગુન્હા માફ થશે; તમે બહેશ્તમાં જશો અને દિદાર નસીબ થશે. ઈન્શા અલ્લાહ!

# પવિત્ર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું:-

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની ફરજંદોની ભલાઈ માટે કાર્ય કર્યું હતું. અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

એવણ અમારા માટે પ્રેરણાદાયક હશે. અને એમના નકશે કદમ ઉપર ચાલવાની હંમેશા અમારી ખ્વાહીશ રહેશે.

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણી જમાતની પ્રણાલીકાઓ તેરસો વરસથી ચાલી આવે છે.

અમો ઈચ્છીએ છીએ કે તમે આપણી પ્રણાલીકાઓને મજબુતપણે વળગી રહો.

અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાત ઈમામતની રસીને મજબુતપણે વળગી રહે.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

દુન્યવી બાબતો માટે ઈમામ પોતે નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

અમો માનીએ છીએ કે અમારી કોમી જીંદગીમાં ફેરફારો થવાજ જોઈએ.

પરંતુ અમારે ભારપુર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધાન્તોમાં પણ થવા જોઈએ.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો. તો તમે ફરિશ્તા બનશો.

અમો તમોને વખતો વખત દુન્યવી બાબતોને લગતા ફરમાનો કરીએ છીએ પણ જે બાબત અગત્યની છે અને હંમેશા અગત્યની રહેશે તે એ છે કે અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના મઝહબનો અર્થ સમજવો જોઈએ.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભૂતકાળમાં હોય કે (૫૦૦) વરસ ભવિષ્યમાં હોય.

આત્મા માટે બંદગી અને શરીર માટે કસરત કરવા સાથે શુભેચ્છા અને સહકારની ભાવના કેળવશો તો તમોને હંમેશા સફળતાં મળશે.

આત્માને રૂહાની ખોરાકની જરૂર પડે છે, તેજ પ્રમાણે શરીરને કસરતની જરૂર પડે છે.

ઈન્સાનમાં બે ચીજો છેઃ એક શરીર અને બીજો આત્મા.

સુખની એક માત્ર ખાત્રીપૂર્વકની ચાવી છે તે છે ઈબાદત.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ એક મુદ્દો ઘણી જબરી મહત્ત્વતા ધરાવે છે અમો ઈચ્છીએ છીએ કે તમો હમેંશા એ યાદ રાખો કે તમો તમારી જીંદગી દરમ્યાન જમાતખાનાની હાજરીમાં નિયમીત રહેશો.

તમારી બંદગીઓમાં હમેંશા નિયમીત રહેશો.

# ફરમાબરદારી (કાંગવો)

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

હ. મૌલા મુર્તઝાઅલી તથા નબી સાહેબના વખતથીજ કાંગવા ભરવાનું, એટલે કોલ લેવાનું કામ ચાલતું આવે છે. તે વખતે પણ મુરીદો થતા હતા.

આ સતપંથ દીન ઈસ્માઈલીનો એ કાયદો છે કે, દરેક મુરીદે દરેક નવા જામાનો એકવાર ખાસ કરીને જરૂર કાંગવો ભરવો વાજબ છે. દરેક નવે જામે એકવાર પોતાની જીંદગીમાં કાંગવો ભરવો જોઈએ.

કાંગવા ભરવાનું કામ, છાંટા નંખાવવા અથવા ધર્મના બીજા કામો જેવું નથી.

કાંગવા ભરવાથી તમે અમારી બૈયતમાં આવો છો અને અમારા મુરીદ થવાનો કોલ આપી અમારી કબુલાતમાં આવો છો.

જ્યારે અમે ગાદી ઉપર બિરાજ્યા તે વખતે જેઓએ અમારો કાંગવો ભર્યો હતો, તેઓ તે વખતે અમારા નવા મુરીદ થયા હતા.

એવા પણ કેટલાક માણસો છે, જેઓ અમારા ઉપર ઈમાન બરાબર રાખે છે, પંજેભાઈઓ થયા છે તથા મિજલસ જાગરણમાં હમેશાં જમાતખાનામાં આવે છે, છતાં તેઓએ હજી અમારા કાંગવા ભર્યા નથી. વળી તેઓના દશ બાર વરસના નાના બચ્ચાંઓનાં પણ કાંગવા અમારી પાસે ભરાવ્યા નથી, તેથી તે લોકો હજી પણ અમારા મુરીદ થયા નથી. કારણ કે તે લોકોએ મુરીદ થવાનો કોલ અમને આપ્યો નથી; તેમજ તેઓના છોકરા પાસે મુરીદ થવાનો કોલ અપાવ્યો નથી.

પંજેભાઈઓ થયા પણ અમને મુરીદ થવાનો કોલ આપ્યો નથી, ત્યાં સુધી પંજેભાઈ થયા તે કાંઈ કામ આવશે નહિ.

નવા જામાનો એક વખત કાંગવો ભરવો જોઈએ, એ બાબતથી ઘણા માણસો બેખબર છે. પોતાની ઉમરમાં જે જામો હોય તેનો એક વખત કાંગવો ભરવો દરેક મોમનને વાજબ છે. એક વખત નવા જામાની બૈયતમાં આવવું લાજમ છે.

મા બાપોને ખાસ કરીતે વાજબ છે કે, બચ્ચાંઓને પ્રથમ કાંગવા ભરાવીને મુરીદ કરવા.

જે લોકોએ અમારા કાંગવા ભર્યા નથી, તે લોકોએ અમારો દીન કબુલ કરવાની સહી કરી નથી.

જેમ તમે વેપારમાં અથવા બીજા કામમાં સહી કરી કબુલ થાઓ છો, તેમ કાંગવા ભરાવીને અમે તમારા રૂહની સહી લઈએ છીએ.

અમારા કાંગવા ભરવા તે અને અમારી દસ્તબોશી કરવી એ બન્ને સરખા કામ નથી. દસ્તબોશી તો કોઈ પણ માણસ કરી શકે છે. જેઓ અમારા મુરીદ નથી તેઓ પણ અમારી દસ્તબોશી કરી શકે છે.

અરબો, અમારા નોકર ચાકરો, અથવા બીજા માણસો, કે જેઓ અમારા મુરીદ નથી, તેઓ પણ અમારા હાથ ચુમે છે, તેમાં જરાપણ ફાયદો નથી.

અમારો કાંગવો ભરી, મુરીદ થઈ, કોલ આપી, દસ્ત ચુમે તેનો ફાયદો મોટો છે.

અમારા મુરીદો સિવાય, કાંગવા ભરવાનું કામ બીજું કોઈ કરી શકતું નથી. કાંગવો ભરવાનું કામ તો મુરીદો જ જાણે છે.

જે લોકોએ અમારા કાંગવા ભર્યા છે અને અમારા મુરીદ થવાનો અમને કોલ આપ્યો છે, તેઓએ પોતાના દિલ સાથે ચોકસી કરવી કે, તેઓએ અમને આપેલો કોલ કદી પણ તોડવો નહિ.

અમારા કાંગવા ભરનાર અમારી સાથે એવો કોલ કરે છે કે, જ્યાં સુધી જીવતા છીએ ત્યાં સુધી તમારા ફરમાનથી કદી પણ બહાર જઈશું નહિ.

તમે કાંગવો ભરો છો, એટલે અમારી બૈયત કરો છો; એટલે કે તમે કોલ આપીને તમારો હાથ અમારા હાથમાં આપો છો.

કોલ એ છે કે, તમારી હૈયાતી સુધી અમારૂં ફરમાન તમારી ગરદન ઉપર હોય અને તમે અમારી ફરમાનબરદારી કરો. જેમ ગરદનમાં રસી હોય તેમ અમારૂં ફરમાન અકલથી ગરદન ઉપર રાખવું. આટલુંજ ફક્ત સમજીને રાજી થવાનું નથી; પણ આ કામ તથા ફરમાનની મતલબ પણ સમજવી જોઈએ. તમે આ કામ કીધું તેનો તથા ફરમાનનો સબબ તમે ભૂલી જાઓ તો આ કામ કરવાથી શું ફાયદો હાંસલ થાય? તમે જ્યારે આ કામ કરો ત્યારે સમજો કે તમે મુરશીદને કોલ આપ્યો કે, જ્યાં સુધી તમે જીવતા છો, ત્યાં સુધી અમારા ફરમાનથી બહાર નહિ જાઓ.

તમે કાંગવો ભરો છો એટલે કે, તમે અમને કોલ આપો છો કે "સાહેબ અમે તમારો દીન અખત્યાર કીધો છે અને કોઈ પણ વખત તમારા ફરમાનથી બહાર જઈશું નહિ."

જે લોકોએ અમને એવો કોલ આપ્યો છે તેના માટે કાંઈ પણ ધાસ્તી નથી. અમે કોઈ પણ વખતે ફરમાન કરીએ છીએ, તેમાં તમારો ફાયદો છે.

અમે એવા કોઈ પણ ફરમાન કરતા નથી કે, અમારા કોઈ પણ મુરીદને દુનિયામાં અથવા આખરતમાં નુકસાન થાય; માટે આ કારણથી તમે આ દીન ઉપર મુસ્તકીમ રહો.

જે લોકોએ અમને કોલ આપ્યો છે તે, લોકોએ પોતાનો કોલ બીલકુલ તોડવો નહિ.

તમે કાંગવો ભરો છો તેની માએના એ છે કે, તમે અમારી બૈયત કરો છો એટલે કે, તમે અમારી સાથે એવો કોલ કરો છો કે, અમારા હુકમથી કદી પણ બહાર જશો નહિ.

આવો કોલ કરીને પછી અમારી સાથે નથી ચાલતા, અમારા ફરમાન ઉપર નથી ચાલતા તો તેના કરતાં કાંગવો નહિ ભરવો અને કોલ નહિ આપવો એ જ બહેતર છે.

મકસદ એમ છે કે, તમે બૈયત કરો છો કે, અમે તાબામાં થયા. એ વાત તોડી નાખો ત્યારે એ તો મશ્કરી થઈ તમે મશ્કરી કરવા તો નથી આવતા ?

હઝરત અમીરૂલ મોમનીનના ઝમાનામાં પણ બૈયત કરેલા માણસો હતા. તેમાંના કેટલાક બૈયત કરીને ફરી ગયા; તેઓ ઘણા ખરાબ હતા.

તમે આજ કાંગવો ભરો છો, અને કાલે શેતાની ઉપર ચાલશો તો કાંગવાનો શું ફાયદો ?

અમરૂઆસ, જે પયગમ્બરની હયાતીમાં મોમન તરીકે ખિદમત કરતો હતો, પછી મઆવીયાના દોરમાં તેણે મઆવીયાની દોસ્તી કરી અને હઝરત અલીનો દુશ્મન થયો.

તમારામાં અમરૂઆસ જેવા કેટલાક માણસો છે, તેઓ ઈમામના ફરમાન માનતા નથી.

જે લોકો ખુદાવંદના મોમન હોય છે, તેમને બૈયત કરાવવાને ઈમામ પોતાના વારસ નીમી જાય છે. મોમનોને વાજબ છે કે, તેઓએ તે ગાદીવારસના ફરમાનો માનવા જોઈએ.

કુરઆને શરીફમાં પણ એવું છે કે, પયગમ્બર અને વખતના ઈમામ જે તમને ફરમાન કરે તે મુજબ વર્તવું જોઈએ.

તમે જમાત પણ અમારા અસહાબો છો. પયગમ્બરના સર્વે અસહાબોએ ઘરબાર છોડી આપ્યા હતાં. પયગમ્બરની સાથે જવા માટે, મક્કામાંથી ઘરબારનો ત્યાગ કર્યો, પોતાના બચ્ચાંબાલને છોડી આપ્યાં અને તમામ ચીજો મુકી દઈને મદીનામાં હઝરત અલી પાસે આવ્યા અને પયગમ્બર પાસે હાજર થયા. તમે પણ એવી જ રીતે ફરમાન ઉપર ચાલો.

અમે તમારા વાસ્તે કહીએ છીએ, અમારા વાસ્તે કાંઈ નથી. તમે કબુલ કરશો તો ફાયદો થશે. નહિ તો નુકશાન થશે. સર્વે વાતો તમારા હાથમાં છે.

તમે દીન ઈસમાઈલીમાં આવ્યા છો; તેથી અમે તમારા મુખત્યાર છીએ. હવે તમને ઘટારત છે કે, તમે દિલોજાનથી અમારા હુકમ પ્રમાણે ચાલો.

તમારા મનની ઈચ્છા પ્રમાણે કદી પણ ચાલશો નહિ. જો

એવી રીતે કરો તો, પીરી મુરીદી શાની? અમારા ફરમાન તમે કબુલ કરો.

તમારી જાનમાલના માલિક જ્યારે તમે અમને સમજો છો, ત્યારે તો અમારો જે કાંઈ હુકમ થાય તે તમારે ઉપાડવો જોઈએ.

અમે તમારાં સારા કામો કરવા માટે અહિં આવ્યા છીએ. કપતાન તથા માલમ આગબોટને દરિયામાં ચલાવે છે તેમને રસ્તાની માહેતગારી છે. તેઓ જાણે છે કે, અહીંયા પાણી થોડું છે, અહીંયા પત્થરા છે, અહીંયા ડુંગરા છે, અહીંયા રેતી છે, અહીયાં પાણી ઝાઝું છે, અહીંયા રસ્તો સાફ છે, અહીંયાથી ચાલીશ તો પાર ઉતરીશ, આ પ્રમાણે ઈમામ છે. તેને દીનના રસ્તાની સઘળી માહેતગારી છે.

અમે તમને સહેલે રસ્તે પાર ઉતારવા માટે આવ્યા છીએ.

અમે અહિ આવ્યા છીએ તે, તમારા દિલને પત્થર જેવા કઠણ કરવાને આવ્યા નથી પણ, તમારા દિલને નરમ તથા ચોખ્ખા કરવાને આવ્યા છીએ.

તમારા દિલ પથ્થર જેવા કઠણ છે, તેના ઉપર અમે નુરનો વરસાદ વરસાવી નરમ કરશું.

અમે જેટલા દિવસ અહીંયા છીએ, તેટલા દિવસ હમેશાં આવશું અને હરરોજ તમને ફરમાન કરશું. જેટલા દિવસ અમે અહીંયાં છીએ તેટલા દિવસ હમેશાં નુરનું પાણી તમારા દિલમાં રેડશું અને તમારા દિલ નુરાની કરશું.

પીર મુરશીદની એ રીત છે કે, જેમ માવિત્ર છોકરાઓનો હાથ ઝાલી ચલાવે છે, તેમ અમે પણ તમારો હાથ ઝાલી ચલાવીએ છીએ.

અમે તમને અમારી ઔલાદ ગણીએ છીએ, માટે તમારી ફરજ એ છે કે, અમારા ફરમાન મુજબ વર્તવું.

તમે ખરૂં સમજજો કે, અમે તમને અમારા ફરઝંદો સમજીએ છીએ. તમે ચોકસી કરો અને પિતાના હુકમ પ્રમાણે ચાલો.

તમે ફરમાન બરદારી કરો અને જે હુકમ થાય તે સિર ઉપર ચડાવજો.

અમે તમને અમારી ઔલાદ ગણીએ છીએ ત્યારે તમારે પણ એવી જ મહોબત તથા ઈશ્કથી વર્તવાની જરૂર છે, એટલે કે અમારાં ફરમાન ઉપર મુસ્તકીમ રહેજો.

ફરમાન માનવામાં તમોને પોતાને લાભ છે.

અમારૂં કામ એ છે જે, તમને રસ્તો બતાવીએ. રસ્તામાં પથ્થર કે ઝાડ હોય તેને ખસેડી રસ્તો સાફ કરી આપીયે, તે રસ્તા ઉપર તમે ચાલશો તો તમને ફાયદો છે, નહિ ચાલશો તો અમને કંઈ નુકશાન નથી.

તમારૂં ભલુ થાય એનો વિચાર કરીને ફરમાન કરીયે છીએ.

તમે એમ નહી ધારતા કે, સવારમાં વિચાર કરીને પછી તમને અમે અહીં ફરમાન કરીયે છીએ.

તમે યકીન રાખજો કે, અમારો મકસદ તમારા ફાયદા માટે છે. અમારો એ મકસદ છે કે, જે અમારા ફરમાન પ્રમાણે ચાલે ને ફિરસ્તા જેવો થાય અને તેમાં કાંઈ એબ ન હોય. તેઓના દીન તથા દુનિયાના કામ સારા હોય, અને તેઓમાં દુનિયા તથા દીનનો ઈલ્મ હોય.

અમારા ફરમાન તમારા દિલ તથા કાનમાં રાખજો. તમારા ભલાના માટે ફરમાન કરીયે છીએ.

તમે અમારા ફરમાન કબુલ કરશો તો, અમે તમારા ઉપર રાજી થાશું અને તેનો ફાયદો પણ તમને મળશે.

તમારા ઉપર વાજબ છે કે, અમે જે ફરમાન કરીએ તે પ્રમાણે અમલ કરો.

મોમન હોય તે હાઝર ઈમામના ફરમાન કબુલ કરે અને જે કાંઈ હાઝર ઈમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે.

મોમનને વાજબ છે કે, ઈમામ જે ફરમાન કરે તે માનવું જોઈએ.

તમોને વાજબ છે કે, ઈમાન સાથે હાઝર જોમાનું ફરમાન માનવું.

જેમ મુર્તઝાઅલીનું ફરમાન માનતા હતા તેમ અમારા ફરમાન માનો અને તે પ્રમાણે અમલ કરો.

મુરશિદ જે ફરમાન કરે, તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવા જોઈએ.

આવી રીતનું ફરમાન કેમ થયું ? તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ, પણ ઈમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ.

ઈન્સાનની અક્કલનું મુળ પણ ઈમામની અક્કલ છે. ઈમામના હુકમ વચ્ચે તમારી અક્કલ દોડાવવાનું કાંઈ પણ કામ નથી.

જ્યારે પણ ફરમાન થાય ત્યારે, તેના માટે ફરીથી પૂછવું તે વાજબ નથી.

અગર અમે તમને ફરમાવીએ કે, દુઆ નહિ પડો તો, તમારે દુઆ નહિ પડવી.અમે ફરમાવીએ કે, આ કામ સવાબનું છે, તો તેના માટે ફરીથી પૂછવું નહિ કે, કેવો સવાબ થશે. કોઈ પણ ફરમાન થાય તો તે પ્રમાણે કરવું.

થએલ ફરમાન માટે, ફરીથી પૂછવાનો સબબ એ છે કે, પૂછનાર સમજે છે કે, હું કેવો હુશિયાર છું, એવી મગરૂરી કરે છે.

મુરીદની ફરજ એ છે કે, મુરશીદના હુકમ પ્રમાણે વર્તે.

જો એક વખત એવું ફરમાન થાય કે, ચિરાગની બતી બનાવો, તો તે કામ કરવું જોઈએ; અગર ફરમાન થાય કે, બબરચી થઈને જમવાનું પકાવો તો તેમ કરવું. મુરીદોથી એમ ન કહેવાય કે આ કામ હું નહિ કરૂં, મોટું કામ હોય તેજ કરીશ.

મુરશિદ જે કાંઈ હુકમ ફરમાવે તે મુરીદે બજાવવો જોઈએ.

બહેશ્તમાં જવાનો રસ્તો કયો છે તે પીર મુરશિદને ખબર છે.

તમે બીજા મુલ્કમાં જાઓ અને તમને રસ્તાની ખબર ન હોય અને ભોમિયો કહે કે, આ રસ્તે ચાલો, તો તે રસ્તે ચાલવું જોઈએ. તેનો હુકમ ન માનીએ તો ઘરે અગર પંથે પહોંચી ન શકીયે. તમને ખબર ન હોય અને તે કહે, તે રસ્તે પાઘડી ઉતારી ચાલવું; તો તે પ્રમાણે કરવું જોઈએ.

તમને સવાલ પુછું છું કે, તમને રસ્તાની ખબર ન હોય તો, તે ભોમિયો કહે તેજ પ્રમાણે ચાલવું જોઈએ કે નહિ ?"

"ભોમિયો તમારી સાથે હોય અને તે કોઈના ઘરે તેડી જાય; ત્યાં તેનો ધણી ન હોય અને તે કહે કે, "હું છું તો ફીકર નહિ", અને કહે કે અહિં બેસોતો, તમારે ત્યાં બેસવું જોઈએ, કેમ કે તેને ખબર છે.

મુર્તઝાઅલી મહાન છે, તેમના ફરમાન માનવા જોઈએ, કારણ કે, તેઓ પોતાની કુદરતથી ગુન્હા બક્ષી બહેસ્તમાં મોકલી શકે છે.

જે વખતે, જે ફરમાન થાય તે મહોબ્બતથી માનવું જોઈએ અને ફરમાન કરે તે પ્રમાણે ચાલવું જોઈએ.

કેટલીક વાતો તમારી અક્કલમાં ન ઉતરે તો પણ, પીર મુરશિદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઈએ, કારણ કે, તેમને સઘળું રોશન છે.

હકીકતી મોમનોએ અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઈએ.

હકીકતી મોમનને જો ફરમાન થાય કે, છ માસ અથવા એક વર્ષ દસ્ત નહિ ચુમવા, તો ફરમાન કબુલ કરીને દસ્ત ચુમવાનો ખ્યાલ પણ ન રાખે. જ્યારે ફરીથી હુકમ થાય ત્યારે તેણે હાજર રહેવું જોઈએ.

એક લશ્કર પોતાની અખત્યારી થી કાંઈ પણ કરી શકતું નથી. પોતાના સરદારના હુકમ સિવાય એક કદમ પણ આગળ પાછળ રાખી શકે નહિ. તેવીજ રીતે હકીકતી મોમનોએ અમારા ફરમાનો મુજબ ચાલવું જોઈએ.

માલેવાજબાત આપવાનો સવાબ તમે સમજો છો, તેમાં પણ

જો એક વખત અમારા તરફથી એવો હુકમ કરવામાં આવે કે, તે આપે તે ગુન્હેગાર છે, તો તમારે તે આપવું નહિ. અમારા ફરમાન મુજબ અમલ કરવો જોઈએ. અમારો હુકમ ન હોય છતાં આપે તે ગુન્હેગાર ગણાય.

કોઈ વખત અમારા તરફથી એવો હુકમ આવે કે, છ અથવા આઠ માસ લગી દુઆ નહિ પડવી, તો તેટલો વખત તેમજ કરવું.

જેઓ અમારા ફરમાન ઉપર અમલ કરે છે, તેઓ જ હકીકતી મોમન છે.

તમારે લશ્કરની પેઠે પોતાના સરદારના હુકમ મુજબ વર્તવું જોઈએ.

જેવી રીતે એક હેલકરી પોતાની મરજી પ્રમાણે જરાવાર સડક પર ચાલે છે અને જરાવાર નીચે ચાલે છે, એ પ્રમાણે મરજી મુજબ ચાલવું એ હકીકતી મોમનનો રસ્તો નથી.

હકીકતી મોમનોએ હમેશાં ફરમાન ઉપર નિગાહ રાખવી.

ના ફરમાની કરે તો, તેવી પીરી મુરીદીથી કાંઈ ફાયદો નથી.

હાલ તમોને ફરમાવીએ કે, આ રસ્તે ચાલો તો તેજ રસ્તે ચાલવું જોઈએ. જે વખતે જે કાંઈ ફરમાન થાય, તે પ્રમાણે ચાલે તો જ ફરમાન પાળ્યું ગણાય.

જેમ ભોમિયો ચલાવે તે પ્રમાણે ચાલે તો મંઝીલે પહોંચે. તમે પણ તે પ્રમાણે ચાલશો તોજ ઠેકાણે પહોંચશો, નહિ ચાલો તો નહિ પહોંચો.

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઈન્સાન છે તેઓ જવાહીર ઉંચકી લેશે. જેઓ હેવાન છે તેઓની નિગાહ ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

અમારા ફરમાન ઝવેરાત પ્રમાણે સમજો.

અમારા દીનમાં એવા એવા મેવા છે કે, તે મેવા ખાનાર કદી પણ બહાર જઈને ઘાસ ખાતો નથી.

અમારા ફરમાન કિંમતી સમજજો. મામુલી સમજશો તો નુકશાન થશે.

અમે તમને હીરા, ઝવાહીર રૂપી ફરમાનો ફરમાવ્યા છે, તે ભુલી નહિ જશો. એ ઝવાહીરોને દિલ રૂપી ખજાનામાં સંભાળી રાખજો.

તમને હીરા, માણેક ઝવેરાત આપેલ છે. તેને તમે ઓળખતા નથી અને ફેંકી દીયો છો. તેમાં તમને ઘણું નુકશાન છે, માટે બરાબર સંભાળો.

અમે તમારા પાસે ઝવેરાતની કોથળી છોડી તમને બતાવી છે, તેને તમે બરાબર સંભાળો.

અમે જે ફરમાન કરીએ છીએ તે જવાહીર જેવા છે. જ્યારે તમને ફુરસદ મળે ત્યારે અમારા ફરમાન ઉપર બે કલાક ખ્યાલ કરો.

જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ પણ, પરીક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે અને સમજે છે કે, તેઓને શું

ચીજ મળી છે.

પણ તમે નાદાન છો, ઈસા પયગમ્બર નાદાન પાસેથી નાસી ગયા હતા તેવા નાદાન તમે છો, ત્યારે મોતીના ઢગલા માંથી શું ફાયદો તમે હાંસલ કરી શકશો ?

નાદાન દીનનો દુશ્મન છે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

ફરમાન ન સાંભળે તે નાદાન છે.

તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી ?

દરેક જમાતને ફરજ છે કે નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

તમો જમાતને જે નસિહત થાય છે તે દિલમાં રાખો અને બહારગામ તમારા ભાઈઓને તે સંભળાવો કે જેથી, તેના ઉપર અમલ કરે.

તમો જમાત, સહુ જમાતખાનામાં નસિહત કરો. તમે હુઝુરમાં બેઠા છો ને અમે ફરમાન કરીએ છીએ તે, આ કાને સાંભળી બીજા કાને કાઢી નાખશો નહિ. તમામ ઠેકાણે આ ફરમાન સંભળાવો.

અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નહિ નાખતાં. જો તમે બીજા કાનથી કાઢી નાખશો અને તેનો તોલ નહિ કરો, આમાલ સારા નહિ કરો તો, અમે અમારી જગ્યાએ છીએ. તમે તમારી જગ્યાએ રહેશો. તેમાં શું ફાયદો છે ?

અમારા ફરમાન સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખો.

તમારા દીનનો ખ્યાલ કરો અને તે મુજબ ચાલો.

અમે હમેશાં તમને ફરમાન કરીએ છીએ અને તમે હમેશાં અમારા ફરમાન સાંભળો છો. તે ફરમાન પ્રમાણે ચાલજો.

જેઓ અમારા ફરમાન પ્રમાણે ચાલશે. તેઓ ઉપર અમે ઘણા જ રાજી થઈશું.

અમે હકીકતીઓના હકીમ છીએ. તમારો રૂહ બિમાર હોય તેના અમે હકીમ છીએ. જેને દરદ થાય, તે ડાકટર પાસે જાય તો તેણે ડાકટરની વાત માનવી જોઈએ. તેમ તમારે અમારા ફરમાન માનવા જોઈએ.

પહેલાં અમારા ફરમાન સાંભળો પછી ગીનાન. અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

ગીનાન તથા ફરમાનમાં ફરમાવ્યું છે તે પ્રમાણે ચાલો. તેની કિતાબો બરાબર પડો. તેની માએના કાઢો, તે ઉપર અમલ કરો.

હમણાં તમારો વખત છે, તેમાં તમારી અક્કલ ખોલો, સાંભળો, યાદ કરો અને તમે ખ્યાલ કરો.

પીર સદરદીને જે રૂહાની ગીનાન ફરમાવ્યા છે તથા હાજર જોમાના જે ફરમાનો છે તેને તમે યાદ કરો.

જેવી રીતે છાપા ન્યુઝ પેપર વાંચી જાઓ છો તેવી રીતે વાંચી ગયા તો શું ફાયદો ?

એક એક લીટી દિલમાં ગ્રહણ કરો. ગીનાનની તથા અમારા ફરમાનની એકએક લીટી હઝાર હઝાર લીટી જેવી છે.

અમારા ફરમાન ઉપર ચાલો; અમારા ફરમાન માનો. અમારા સિવાય બીજો ગમે તે હોય તેનો બોલ નહિ માનવો.

અમારા ફરમાન સાંભળીને ભુલી નહિ જતા. હમેશાં દિલમાં રાખજો. ખરાબ કામથી હમેશાં દુર રહેજો. આ વાતને નાની સરખી નહિ સમજતા ઘણી મોટી છે.

તમે અમને કોઈ ચીજ વસ્તુ આપો, તેથી અમે ખુશી થઈએ એમ નથી. અમારા ફરમાન ઉપર અમલ કરો, ત્યારે અમે રાજી થઈએ.

કોઈ વસ્તુ કે ચીજ લાવવા કરતાં તમે અમારા ફરમાનમાં રહેશો તો અમે વધારે રાજી થઈશું.

તમે અમારા ફરમાન સાંભળી દિલમાં રાખજો. તમે અમને જોશો અને દીનના ફરમાન મુજબ નહિ ચાલો તો શું ફાયદો થશે ?

તમે હમેશાં અમારા ફરમાનો નો વિચાર કરજો. જરૂર વિચાર કરજો, ભુલી નહિ જશો તો અમારી મહેનત લેખે લાગી કહેવાશે.

અમારા ફરમાનોનો ખ્યાલ કરજો. અમારા ફરમાનોની હજારો માયના છે તેની સમજણ લઈને ચાલો તો, શેતાન તથા ચોરના ફરેબમાં નહિ આવો.

જેમ તમે ગીનાનની માયના કાઢો છો, તેમ અમારા ફરમાનોની પણ માયના કાઢજો. તેમાં શું ભેદ અને ખુબીઓ સમાયેલી છે, તે સમજવી જોઈએ.

અમારા ફરમાનના એકે એક શબ્દની માયના કાઢો. તેમાં ઘણા ભેદ છે, તે સમજવા જોઈએ.

અમે ફરમાન કરીયે છીએ તે તમે હમેશાં વાંચજો. તેની માયના કાઢજો. ખ્યાલ રાખજો. ભુલી નહિ જતા.

જ્યારે તમે ઈલ્મ પડો છો ત્યારે બેસીને ખ્યાલ કરો. આ તરફ પણ ખ્યાલ કરો અને પેલી તરફ પણ ખ્યાલ કરો. જ્યારે તમે બહુ ખ્યાલ પહોંચાડશો ત્યારે તેમાંથી થોડું ઘણું સમજી શકશો.

અમારા ફરમાન ફક્ત સાંભળી લીધા એટલું જ બસ નથી, તમારા ઉપર વાજબ છે કે, અમારા ફરમાન ઉપર ખ્યાલ કરો, તેની માયના કાઢો તથા માયના સમજો. એક કાનેથી સાંભળી, બીજે કાનેથી કાઢી નાંખો તો શું ફાયદો થાય ? પણ એકઠા મળીને વાચો અને તેની માયના કાઢો.

કોઈ મકસુદ પુછે કે, આ ફરમાનની શું માયના થઈ ? બીજો જવાબ આપે કે, એની આ મકસુદ છે. આવી રીતે એકબીજા સાથે મશવેરો કરો.

બધાં પેગમ્બરોના વખતમાં પણ ફરમાન થતાં હતા તેની પણ માયના કાઢવામાં આવતી હતી; તેજ પ્રમાણે તમે પણ અમારા ફરમાનોની માયના કાઢો.

અમારા ફરમાન હમેશાં દિલમાં રાખજો, ભુલી નહિ જશો. એમ ન બને કે, જ્યાં સુધી અમે જાહેરીમાં અતરે હાઝર છીએ ત્યાં સુધી અમારા ફરમાન વાંચો અને પછી ન વાંચો, એમ નહિ થવું જોઈએ.

જેમ ગીનાન વાંચો છો તેમ અમારા ફરમાન વાંચજો. જેમ ગીનાનની માયના કાઢો છો તેમ અમારા ફરમાનની પણ માયના કાઢજો. અમારા ફરમાન એજ ગીનાન છે.

# ફરમાન મુબારક

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

જે ફરમાનો અમે કર્યા છે, તેને જીવતા જાગતા રાખવા તમારા હાથમાં છે; તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાનોને જીવતા રાખ્યા ગણાય. તેમ નહિ કરો તો તેને મારી નાંખ્યા ગણાય.

જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ પણ, પરીક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે અને સમજે છે કે, તેઓને શું ચીજ મળી છે.

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઈન્સાન છે તેઓ જવાહીર ઉંચકી લેશે. જેઓ હેવાન છે તેઓની નીગાહ ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

મોમન હોય તે હાઝર ઈમામના ફરમાન કબુલ કરે અને જે કાંઈ હાઝર ઈમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે.

તમારા ઉપર વાજબ છે કે, હું જે ફરમાનો કરૂં તે પ્રમાણે તમે અમલ કરો. મોમનનો એજ ધરમ છે.

દરેક જમાતની ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

હકીકતી મોમનોએ હમેશાં ફરમાન ઉપર નિગાહ રાખવી.

હકીકતી મોમનોએ અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઈએ.

હકીકતી મોમનને જો ફરમાન થાય કે, છ માસ અથવા એક વર્ષ દસ્ત નહિ ચુમવા, તો ફરમાન કબુલ કરીને દસ્ત ચુમવાનો ખ્યાલ પણ ન રાખે. જ્યારે ફરીથી હુકમ થાય ત્યારે તેણે હાજર રહેવું જોઈએ.

એવી રીતે જેઓ અમારા ફરમાન ઉપર અમલ કરે છે, તેઓ જ હકીકતી મોમન છે.

જેવી રીતે એક હેલકરી પોતાની મરજી પ્રમાણે જરાવાર સડક પર ચાલે છે અને જરાવાર નીચે ચાલે છે, એ પ્રમાણે મરજી મુજબ ચાલવું એ હકીકતી મોમનનો રસ્તો નથી.

મોમનને વાજબ નથી કે, તે પોતાની નિગાહમાં આવે તેમ કરે.

મુરશીદ જે ફરમાન કરે, તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવા જોઈએ.

આવી રીતનું ફરમાન કેમ થયું? તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ, પણ ઈમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ.

અમારા ફરમાન ઉપર ચાલો; અમારા ફરમાન માનો. અમારા સિવાય બીજો ગમે તે હોય તેનો બોલ નહિ માનવો.

પહેલાં અમારા ફરમાન સાંભળો પછી ગીનાન. અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી?

અમારા ફરમાન વાંચવા તથા તેની માયના કાઢવાની જે કોઈ

મના કરે છે, તે દીનનો દુશ્મન છે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

ફરમાન ઉપર અમલ નહિ કરશો તો શેતાન થશો. તકબ્બુરી વાળા થશો.

અમારા ફરમાન તમારા દિલમાં ધડ બેસે છે કે નહિ ? અમે મુશ્કીલ સમજીએ છીએ.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે, તો તેમના દિલમાં અસર કરતા નથી. જેઓ હકીકતી નથી તેઓ બેઅક્કલ છે.

મુર્તઝાઅલી મહાન છે, તેમના ફરમાન માનવા જોઈએ.

જે વખતે, જે ફરમાન થાય તે મહોબ્બતથી માનવું જોઈએ કારણ કે, તેમને સઘળું રોશન છે.

મુરશિદનું ગમે તેવું ફરમાન માનવું જોઈએ.

અમારા ફરમાન તમને સખત લાગે છે પણ અમારી ફરજ છે કે તમને ફરમાન કરીયે.

જેવી રીતે છાપા, ન્યુઝ પેપર વાંચી જાઓ છો તેવી રીતે વાંચી ગયા તો શું ફાયદો ?

જેમ જમીનમાં બી વાવવામાં આવે છે, તેમ અમારા ફરમાન દિલમાં રોપજો, તો તેમાં સારા સારા ફળ ઉત્પન્ન થશે.

અમારા ફરમાન ઉપર બે કલાક ખ્યાલ કરો.

અમારા ફરમાન જેઓ સમજી શકશે તેમને મીઠાશ લાગશે.

અમારા ફરમાન કિમતી સમજજો મામુલી સમજશો તો નુકશાન થશે.

અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખતા.

અમારા ફરમાનની ખબર તમને આખરતમાં પડશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, તમે પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે, "તૌબા તૌબા" રાત દિવસ ગુરજ માથામાં લાગશે.

બે ખબરીનો ગુરજ ઘણો ઈજા પહોંચાડનાર છે.

અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો તો દિલ સાફ થશે અને તેમાં રોશની પેદા થશે.

અમારા ફરમાન પ્રમાણે ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે.

અમારા ફરમાન તમારા રૂહને પહોંચાડો એ મોટી ચીજ છે.

કેટલીક વાતો તમારી અક્કલમાં ન ઉતરે તો પણ, પીર મુરશીદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઈએ.

[ ૮૭ ]

# ઈબાદત

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

તમે ઉંઘમાં પડેલા છો તેથી, તોપના અવાજ સંભળાતા નથી. સુતેલા માણસને ઉઠાડવામાં આવે છે તેમ, અમે તમને જગાડીએ છીએ કે, ઉઠો! ઈબાદતમાં મશુગલ થાઓ, ભુલો નહિ! ત્રણ વાગાની ઈબાદતમાં ઘણો ફાયદો છે. એક તરફ આખી દુનિયાનો માલ અને બીજી તરફ ઈબાદત એવું ઈબાદતનું જબરૂં વજન છે.

ખુદાને મળવું ઈબાદત ઉપર છે, ઈબાદત ઈમાન ઉપર છે. વળી ઈમાન હાંસલ થવું એ ઈશ્ક ઉપર છે.

ઈશ્ક કેવો હોવો જોઈએ?

જેમ એક બિયાબાન અરણ્યમાં કોઈ તરશ્યો પાણી માટે તલબ કરે છે, તેવીજ રીતે રૂહને પણ ઈમામનો ઈશ્ક હોવો જોઈએ. ઈમામના બદન ઉપર નહિ, પરંતુ ઈમામના રૂહ ઉપર ઈશ્ક હોવો જોઈએ.

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

ઈન્સાનને લાજમ છે કે ખુદાવંદતઆલાનો ઈશ્ક દિલમાં રાખે.

ઈન્સાન દુનિયાના ઈશ્કમાં કેટલો મુસ્તાક રહે છે અને કેટલી બેકરારી કરે છે? તે કરતાં પણ હજારો દરજ્જે વધારે ખુદાનો ઈશ્ક રાખવો જોઈએ.

તમે મોમન છો તો ખુદાવંદતઆલા ઉપર આશક થાઓ.

હકીકતીઓનો ઈશ્ક ઔલાદ, સ્ત્રી તથા પૈસા ઉપર નથી, હો તો પરંતુ ખુદાવંદતઆલા ઉપર હોય છે.

મોમન જેમ જેમ ખુદાવંદતઆલા ઉપર વધારે અને વધારે મોહબ્બત રાખે છે, તેમ તેમ ખુદાને વધારેને વધારે નજીક થતો જાય છે; તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે.

એવી જાતની મહોબત તમે અમારા માટે તમારા દિલમાં રાખો. કે, તમારૂં શરીરજ તમારી સાથે હોય પણ તમારો રૂહ અમારી સાથે હોય.

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

જો ઈશ્ક બરાબર હોય તો, ઈમાન રૂહ સાથે એકજ થઈ જાય છે.

તમે ઈમાનની બરાબર સંભાળ રાખજો.

જેમ માણસો પોતાની દોલત સંભાળે છે, તે પ્રમાણે મોમન પોતાના ઈમાનની સંભાળ રાખે છે.

તમે તમારૂં ઈમાન મનસુર જેવું રાખો.

જુઓ મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો તો પણ તેણે પોતાનું ઈમાન મુકયું નહિ.

જ્યારે મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો ત્યારે તેના શરીરમાંથી લોહી નીકળ્યું, એ લોહીમાંથી પણ "અનલહક" નો અવાજ નીકળતો હતો. આખરે તેને શળગાવી દેવામાં આવ્યો. આ ઈમાનની નિશાની છે.

ઈમાન અમુલ્ય વસ્તુ છે અને ધણીને પ્યારી છે. અમારા દાદા. હ. મૌલા મુર્તઝાઅલીને મોમન નુસેરી "અલ્લાહ" કહેતો હતો,

તેને ૭૦ વખત કતલ કરવામાં આવ્યો તો પણ તેણે “અલી અલ્લાહ” કહ્યા કર્યું પછી હુકમ આવ્યો કે આ સાચો મોમન છે, અને એની ઔલાદ પણ એવી સચ્ચાઈવાળી થશે. આ મોમન અને એની ઔલાદને કયામતમાં પુછાણું નથી. આટલો દરજ્જો તેને તેના ઈમાનના અંગે મળ્યો હતો.

જેનું ઈમાન ગયું તેનું બધું ગયું. જેનું ઈમાન સલામત રહ્યું તેનું સઘળું સલામત રહ્યું માટે ક્યારે પણ પોતાના ઈમાનમાં ખલલ થવા દેશો નહિ.

જે શખ્સ ઈબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઈમાન લુંટી લ્યે છે.

કેટલા દિવસ તમારા દિલને ઈબાદત વગરનું રાખશો.

ઈબાદતનો બોજો ગરીબ તથા પૈસાદાર બન્નેના ઉપર સરખો છે.

પૈસા ન હોય તો નહિ આપો પણ ઈબાદત કરો.

જો ઈબાદત નહિ કરો તો જહન્નમમાં જશો અથવા પાછા હેવાન થશો તેમાં શું ફાયદો ?

સલમાન ફારસ પણ તમારા જેવો માણસ હતો. તે પોતાના અસલ મકાને પહોંચ્યો.

તમે પણ ઈબાદત કરી સલમાન ફારસ જેવા થાઓ.

તમે ઈબાદત કરો તો પીર સદરદીન જેવા થાઓ.

તમારે તમારી ઈબાદત છોડી દેવી જોઈએ નહિ.

જો કદાચ તમે બીમારીના બીછાના પર પડયા હો, તો પણ ઈબાદત છોડતા નહિ.

જ્યાં સુધી તમારા તનમાં પ્રાણ છે ત્યાં સુધી તમારી ઈબાદત છોડતા નહિ.

ખુદાવંદતઆલાની ઈબાદત કરતી વખતે દુનિયાનો કોઈ પણ ખ્યાલ દિલમાં રાખશો નહિ.

ઈન્સાન તે છે, જે ઉપર જવાની ઉમેદ રાખે છે. તે સિવાય આ દુનિયામાં ઈન્સાન માત્ર જનાવર મિસાલ છે.

જેઓ ઉપર જવાની ઉમેદ ધરાવે છે તેઓ ઉપર પહોંચવા માટે બંદગી વધારે કરે છે અને મહોબત પણ વધારે કરે છે.

હમેંશા ખુદાની ઈબાદત કરજો.

હરપળ, હર સાયત ખુદાને યાદ કરવા જોઈએ.

અગર તમે ભુલી ગયા હો, અને ગાફલ થઈ ગયા હો, તો અમે તમને યાદ અપાવીએ છીએ.

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

દુનિયામાં ઈબાદત કરવાવાળા ઘણાં ઓછા છે. ઈબાદત નહિ કરવા માટે પુછાણું લેવાશે.

માણસો પૈસામાં ગુલતાન થઈ જમાતખાને જતાં નથી.

ઘણાં ખરા દોલત ઝાઝી માંગે છે, પણ જમાતખાને ઓછાં જાય છે.

ઈન્સાફથી જવાબ આપો કે, તમે ઔલાદ માંગો છો અને જમાતખાનાથી મોહબ્બત કેમ કરતા નથી?

તમે દૌલતને ઈબાદતથી પણ વધારે ચાહો છો!

જ્યારે નફસા નફસી થશે ત્યારે, ઔલાદ, દૌલત કાંઈ પણ કામ નહિ આવે. ઈબાદત કામ આવશે.

કયામતના દિવસે જહન્નમમાં એવા લોકોને નાખવામાં આવશે કે જેઓએ ઈબાદત બંદગી કરી નહિ હોય.

કેટલા દિવસ તમારા દિલને ઈબાદત વગરનું રાખશો.

ઈબાદતનો બોજો ગરીબ તથા પૈસાદાર સર્વેના ઉપર સરખો છે.

પૈસા ન હોય તો નહિ આપો પણ ઈબાદત કરો.

જો ઈબાદત નહિ કરો તો જહન્નમમાં જશો અથવા પાછા હેવાન થશો તેમાં શું ફાયદો?

તમારે તમારી ઈબાદત છોડીદેવી જોઈએ નહિ.

જો કદાચ તમે બીમારીના બીછાના પર પડયા હો, તો પણ ઈબાદત છોડતા નહિ.

જ્યાં સુધી તમારા તનમાં પ્રાણ છે ત્યાં સુધી તમારી ઈબાદત છોડતા નહિ.

જે શખ્સ ઈબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઈમાન લુંટી લ્યે છે.

જેનું ઈમાન ગયું તેનું બધું ગયું જેનું ઈમાન સલામત રહ્યું તેનું સઘળું સલામત રહ્યું માટે પોતાના ઈમાનમાં કદી ખલલ થવા દેશો નહિ.

સલમાન ફારસ પણ તમારા જેવો એક માણસ હતો. તે પોતાના અસલ મકાને પહોંચ્યો.

તમે પણ ઈબાદત કરી સલમાન ફારસ જેવા થાઓ.

તમે ઈબાદત કરો તો પીર સદરદીન જેવા થાઓ.

લખચોરાસીના ફેરા ફરીને ઈન્સાન થવાનો શું ફાયદો ?

જ્યારે ઈન્સાન થયા તે વખતમાં નહિ ચેત્યા. ગધેડા કુતરા જ રહી ગયા, લખ ચોરાસીમાં પડી હેવાન થયા અને મરી ગયા ત્યારે શું હાંસલ ? મરીને પાછા કુતરા થયા તેમાં શો લાભ ?

તમે ઈન્સાન થયા ત્યારે તમને જન્મ તથા મરણ છે.

ઈન્સાન જન્મ અને મરણની વચમાં ફર્યા કરે તેમાં શું ફાયદો થાય ?

તમારા ખ્યાલ એવા રાખો કે, મરવા પછી તમારો રૂહ અવતાર

લઈને પાછો ત્યાંથી નહિ વળે અને પાછો દુનિયામાં અવતાર નહિ લીયે.

સમજદાર ઈન્સાનને મોટી ઉમેદ રાખવી જોઈએ; તે એ છે કે, રૂહ જે ઠેકાણેથી આવ્યો છે તે અસલ મકાને પહોંચે.

અસલ મકાન ઉપર પહોંચવાને માટે નામર્દીને જડ મુળમાંથી ઉખેડી નાખવી જોઈએ. હિચકારાપણું છોડી દઈને હિંમત રાખવાથી અસલ મકાને પહોંચાય છે.

હિંમતવાળાનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે.

તમને ઈલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ તમને ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે.

મારા ફરમાન તમારા દિલમાં ધડ બેસે છે કે નહિ? હું મુશ્કીલ સમજું છું.

અમારા ફરમાન તમને સખત લાગે છે અને ઘણા મુશ્કીલ માલમ પડે છે, પણ અમારી ફરજ એ છે કે તમને ફરમાન કરીયે.

અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નહિ નાખતાં.

ફરમાન ધ્યાનમાં નહિ લીએ તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

ફરમાન ઉપર અમલ નહિ કરશો તો શેતાન થશો. તકબ્બુરી વાળા થશો.

પહેલાં અમારા ફરમાન સાંભળો પછી ગીનાન. અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી ?

અમારા ફરમાન વાંચવા તથા તેની માયના કાઢવાની જે કોઈ મના કરે છે, તે દીનનો દુશ્મન છે.

અમારા ફરમાનની ખબર તમને આખરતમાં પડશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, તમે પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે, "તૌબા તૌબા" રાત દિવસ ગુરજ માથામાં લાગશે.

તમે હકની વાત જાણતા હશો, છતાં બીજાને નહિ કહો તો તમને ગુન્હા થશે.

દરેક જમાતની ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલો બધો ફરક છે ? તે મુખી કામડીયા બચ્ચાંઓને નહિ સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતના બોલ નહિ લાગે તો જીસ્માની દીન બચ્ચાંઓના ધ્યાનમાં બેસી જશે.

અમારી દુઆ તો જેઓ હિંમતવાળા છે, તેઓને જ કામ આવે છે.

હિંમતવાળાનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે.

અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો તો દિલ સાફ થશે. અને તેમાં રોશની પેદા થશે.

અમારા ફરમાન પ્રમાણે ચાલે છે, તે જ અમારા ખરા મોમન છે.

જે ફરમાન અમે કર્યા છે તેને જીવતા જાગતા રાખવા તમારા હાથમાં છે. તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાન જીવતા રાખ્યા ગણાય, તેમ નહિ કરો તો તેને મારી નાખ્યા ગણાય.

રોજ કયામતના દિવસે એવા લોકોને જહન્નમમાં નાખવામાં આવશે કે જેઓ એ ઈબાદત બંદગી કરી નહિ હોય.

# આમાલ

## હ.ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

હાલ તમે ખાક છો, એ ખાકમાંથી તમે પાક થાઓ.

ઈન્સાન કેવી રીતે પાક થાય? આંખ, કાન, નાક, મોઢું સર્વે પાક થાય ત્યારે રૂહ ઉપર ચડી શકે.

ઈન્સાનમાંથી ફિરસ્તો થઈ શકાય છે.

પરંતુ ઈન્સાનમાંથી ફિરસ્તા થવું તેમાં ઘણી મહેનત છે.

તમે મોમન હો, પણ થોડી કસર હોય, તે કામ ન આવે.

કુતરો જ્યારે કરડે છે ત્યારે તેનું મોઢું બંધ કરવામાં આવે છે, બીજા હેવાનનું મોઢું પણ બંધ કરવામાં આવે છે તેમ, ઈન્સાનનું મોઢું પણ ફરમાનથી બંધ કરવામાં આવે તો બંધ થાય છે.

હકીકતી ઈન્સાન તથા હેવાનનો ફરક એ છે કે, ઈન્સાનનું મોઢું નહિ બાંધો તો પણ તે કરડતો નથી.

હકીકતીનું દિલ કોઈને કરડવાને ચાહતું નથી કારણ કે, તે કરડવાને ખુશી નથી પણ એવા આખી દુનિયામાં થોડાજ મળી આવશે.

તમારૂં મોઢું ખુલ્લું હોય તો પણ તમારે કરડવું નહિ. તમે કોઈને કરડવાના ખ્યાલ પણ રાખો નહિ.

તમને ખબર નથી કે, એક ગાળ દેવામાં કેટલા ગુન્હા છે? જો ખબર હોય તો ગાળ ન દીઓ.

મોમનનું મોઢું બગીચા મિસાલ છે.

મોમનના મોઢામાંથી લાનત અથવા ખરાબ શબ્દો નીકળવા ન જોઈએ.

જબાન પાક રાખવાની મતલબ એ છે કે, કોઈ પણ વખત કોઈ મોમન કે બીજાની ગીબત અથવા બદગોઈ કરવી નહિ. આવી રીતે તમારી જબાન પાક રાખો.

કદાચ કોઈ મોમનમાં કોઈ જાતનો એબ માલમ પડે તો, તેનો ઈન્સાફ કરીને તમારી જબાનથી તેનો એબ ખોલવો નહિ.

કોઈ પણ માણસ અથવા મોમનનો ઈન્સાફ કરવો એ તમારૂં કામ નથી.

ખુદાવંદતઆલા પણ માણસોના એબ ઉપર પડદો ઢાંકે છે, ત્યારે તમારે પણ પોતાની જબાનથી કોઈનો એબ ખુલ્લો કરવો નહિ જોઈએ. આવી રીતે તમારી જબાન પાક રાખો.

ખોટું ન બોલવું.મારા દીનમાં ખોટું બોલવાની મનાઈ છે.

જે ઈન્સાનની આંખ પાક નહિ હોય તેને મોટા ગુન્હા છે.

આંખો પાક રાખવાનું કામ બહુજ મુશ્કેલ છે.

તમારી આંખો પાક હોવી જોઈએ.

જો તમે પાક આંખોથી જોશો તો, દરેકમાં ખુદાવંદતઆલાનું નુર જોશો.

ફરમાન છોડીને બદ નજરથી જોશો, તો તમારા દિલની આંખો આસ્તે આસ્તે આંધળી થઈ જશે. દિલમાં અંધારૂ થઈ જશે.

તમારા હાથને ખરાબ કામ કરવાથી અટકાવો. આવી રીતે તમારે

દરેક કામમાં પાક થવું જોઈએ.

જેમ ડાકટર બિમાર માણસની નાડ તપાસે છે કે, આ દરદીને તાવ છે કે નહિ? તેજ રીતે તમે પોતેજ ડાકટર થઈને તમારા દિલની નાડ તપાસો.

તમે તપાસ કરો કે મેં બે ફરમાનીના કામ કર્યા છે કે કેમ? મારૂં દિલ કોઈ ઉપર હસદ કરે છે કે કેમ? મને ખરાબ શેતાની ખ્યાલ ઉત્પન્ન થાય છે કે કેમ? કોઈની દુશ્મની કરૂં છું કે કેમ? કોઈની સાથે દગલબાજી કરૂં છું કે કેમ? આવી રીતે તમારા દિલને તપાસો. જો તમે એવા કામ કરતા હશો તો તમારો રૂહ જરૂર તમને એ વિષે ખાતરી આપશે.

જો તમારૂં દિલ તમોને ખાત્રી આપે કે, તમે ગીલા ગીબત કરો છો, કોઈ સાથે દગાબાજી કરો છો, જુઠું બોલો છો, તો તમારા દિલને એવા ખરાબ કામ કરવાથી દુર રાખજો.

જે શખ્સ સાથે તમે દગાબાજી કરી હોય, જેની નીંદા કરી હોય, જેને વાસ્તે બુરૂં બોલ્યા હો, તે શખ્સ પાસે તરત તમે જાઓ. તે શખ્સ જમાતખાનામાં અથવા બીજે કોઈ ઠેકાણે હોય, ત્યાં જઈને આજીજી તથા ખુલ્લા દિલથી, દગાબાજી, દુશ્મની તથા જે પ્રકારનો તેનો ગુન્હો તમે કર્યો હોય, તે કબુલ કરી તેની પાસે તમે માફી માંગો. સાફ દિલથી માફી માંગીને એક દિલ કરો.

મોમનને ગુન્હાથી દુર ભાગવું જોઈએ.

જેમ માણસો બિમારીથી દુર ભાગે છે. તેમ મોમન ગુન્હાથી દુર નાસી જશે.

મોમન મોમન વચ્ચે હમેશાં એકદિલી તથા સંપ રાખવો.

મોમનના દિલમાં ફિતનો હોતો નથી.

કુસંપ રાખવો એ મોમનનું કામ નથી.

કોઈની દુશ્મની કરવી એ મોમનને વાજબ નથી.

તમોએ કોઈની નીંદા કરી હોય તો, તરત તેની રૂબરૂમાં જઈ તેના તરફ કરેલો તમારો ગુન્હા તેની પાસે કબુલ કરજો અને તે માફ કરવા માટે તેને આજીજી કરજો. મોમનની પીછાણ એજ છે. આમ કરવાથી જરૂર તે માફ કરશે.

મોમન ફિરસ્તા જેવા થાય.

સારી બાઈ તે છે કે, જેના કામ સારા હોય. તેના કામ મોમન જેવા સારા હોય.

જે બાઈઓ પોતાના ધણીના હક્ક રાખશે તેમની જ ઈબાદત કબુલ થશે.

જે ધણીના હક્ક નહિ રાખે તેની ઈબાદત કબુલ નહિ થશે.

# હ કી ક ત

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

ધર્મનો જે ફાયદો લેવાનો છે તે બાતુની છે. જાહેરનો ફાયદો કાંઈ કામનો નથી.

તમને સર્વે જાહેરી કામ જોઈએ છે, બાતુની કામમાં તમે કાંઈ ધ્યાન આપતા નથી. જાહેરી સઘળું દુનિયાને લગતું છે, તમે બાતુન ઉપર નિગાહ રાખો. જો તમે બાતુનને જોશો તોજ તમારાં કામ થશે.

ખુદાની મહેરબાનીથી હાલમાં જુના જુના ગીનાનો અને જુદે જુદે ઠેકાણે કરેલા અમારા ફરમાનોનો લાભ તમોને મળે છે. આવો લાભ અગાઉના વખતમાં માણસોને નહિ મળતો હતો, જેથી કરીને દીનથી બે ખબર રહી શેતાની કામ કરતા હતા. આ ઈસમાઈલી દીનની અંદર શરીયત, તરીકત અને હકીકતને તેઓ સમજી શક્યા નહિ.

તમારામાં ઘણા એક એવા છે કે જેઓએ પોતાના નામો ઈસમાઈલી મઝહબમાં રાખેલા છે અને કહે છે કે અમે ઈસમાઈલી છીએ; પણ ઈસમાઈલી મઝહબ શું છે અને તેની ખુબી શું છે તે વિષે તેઓને કાંઈ ખબર નથી. તેઓ નાદાન છે.

તમારો મઝહબ ઘણો કઠણ તથા મુશ્કિલ છે. જમાતખાનામાં હમેશાં દુઆ પડવા આવવું એ મુશ્કીલ નથી; એ સહેલું તથા આસાન કામ છે.

ફળનું ઉપલું છીલટું દેખાવમાં સારૂં લાગે છે, પણ ફળની અંદરનો ગરભ ખાશો ત્યારે લીજ્જત તથા મીઠાશ આવશે,

હમણાં જે ફરમાન થાય, જેમાં, તમારા જીવનો છુટકો થાય, તે પડો.

તમે મગજ છોડીને છીલટાં ખાઓ છો, પણ ખરી ખુબી વિષે તમે તલાશ કરતા નથી.

તમે એવા કામ કરો કે, ખુદા તમારાથી રાજી થાય. સિજદા કરવા, રૂકુમાં જવું એ તો આસાન છે, પણ હકીકતની પેરવી ઉપર ચાલવું મુશ્કિલ છે.

તમે સડક ઉપર નકામી દોડધામ કરો છો અને દિલમાં એમ સમજો છો કે, અમે ખોજા છીએ તેમાં શું ફાયદો ?

જેમ મરઘી જમીન ઉપર માથું પટકે છે તેમ કેટલા દિવસ તમે જમીન ઉપર માથું પટકતા રહેશો ? તમે ઉપર જવાના ખ્યાલ રાખો; એટલે કે, પોતાના રૂહનો ખ્યાલ આસમાન ઉપર જાવાનો રાખો.

તમારૂં માથું પછાડવાથી ખુદા તમને નજીક નહિ થાય. સારા આમાલ કરશો તો ખુદા તમને નજીક થશે. ઈન્શા અલ્લાહ ! અમારા ફરમાન ઉપર ચાલશો તો તમને ફાયદો થશે.

તમને લાજમ છે કે, અમારા ફરમાનો સાંભળી તમારૂં દિલ આરીસા માફક સાફ કરશો તો ખુદા તમને નજદીક થશે.

આ જે સઘળા ફરમાન થાય છે, તે તમે સમજો. હકીકત અને શરિયત શું છે ? આ બીજી સોબત છે. **"આ"** અને **"તે"** ક્યારે પણ એક થવાના નથી. ક્યારે પણ એક નહિ થશે. **"આ" કિતાબ, રોઝા, નમાઝ** તથા **બંદગી** ને ચાહે છે **"તે" ઉમેદ આઝાદી**

**ની રાખે છે.** એ બે વાતો છે. બન્નેના વિચારો જુદા જુદા છે. અમારા વાસ્તે ઘણી મહેનત છે.

એ બેઈલ્મી કેમ રાજી થાય? એ હકીતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી. જેઓ બેઈલ્મ છે તેઓ હકીકતને છોડી આપે છે.

પણ જે હકીકતી છે તે બીજે રસ્તે ચાલે છે. જેમ આગળ (૧) ઈસા (૨) પીર સદરદીન (૩) નાસર ખુશરૂ (૪) પીર શમ્સ (૫) મૌલાના રૂમી, એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલ્યા. આ રસ્તો નાદાનને માટે બહુ મુશ્કીલ છે.

તમે તમારા ધર્મમાં મજબુત તથા મુસ્તકીમ રહેજો. જાહેર પરસ્ત એટલે, બહારની વસ્તુને માનનાર ખરાબ છે. બાતુન પરસ્ત એટલે બાતુન વસ્તુને માનનાર બહેતર છે. તમે બાતુન પરસ્ત થજો.

તમે રૂહ પરસ્ત છો માટે તમારે રૂહ પરસ્ત જ રહેવું જોઈએ. જાહેરમાં હાથ પગ ધોઈને દોસ્તી રાખવાનું દીન પાળનાર મૌલાના દીનમાં કાંઈ ફાયદો મેળવી શકતા નથી, માટે તમારે રૂહ પરસ્ત રહેવું જોઈએ.

અમારા દરવેશી ધર્મને હકીકતી કહેવામાં આવે છે. હકીકતી દીન દિલની અંદર પાળવાનો છે.

ગીનાન ઉપર ચાલો તો સાચો દીન મળ્યો. અત્યાર સુધી ગીનાન પ્રમાણે ચાલ્યા તો સાચે રસ્તે રહ્યા.

ગીનાનના રસ્તા ઉપર ચાલો તો અમે અહિં પણ રાજી છીએ,

અને ત્યાં પણ રાજી થઈશું."

ઈલમ વડે પહાડ જેવી મુશ્કીલ બાબતો આસાન કરી દેવાય.

તમારા વાસ્તે ઈલમ છે તે "ગીનાન" છે.

જેમ ગીનાન વાંચો છો તેમ અમારા ફરમાન વાંચજો. જેમ ગીનાનની માયના કાઢો છો તેમ અમારા ફરમાનની પણ માયના કાઢજો. અમારા ફરમાન એજ ગીનાન છે.

કેટલાક એવા છે કે જે, બીજાઓ ઉપર નઝર રાખે છે, પણ એમ નહિ કરવું જોઈએ. દરેકે પોતપોતાને માટે ખ્યાલ કરવો જોઈએ અને પોતપોતાનો રસ્તો ગોતી લેવો જોઈએ.

ખુદાએ સર્વેને અક્કલ આપી છે, તે પ્રમાણે વિચાર કરીને પોતાના દીન ઉપર મુસ્તકીમ રહેવું જોઈએ. જે બાબતમાં તમને સમજાણ ન પડે તે અમને પુછો તો, અમે તમને દીનનો ખુલાસો આપીએ.

અમારી તમને કહેવાની મતલબ એ છે કે, તમારે પોતપોતાનું મગજ પહોંચાડવું જોઈએ; જેથી તરત તમને દીન રોશન થઈ આવશે.

અમારો દીન છે તે વિષે, અક્કલથી વિચાર કરશો તો, વધારે રોશની હાંસલ થશે. અમારો દીન અક્કલ ઉપર રચાએલો છે. અક્કલ વગર દીનની તપાસ કરશો તો, વધારે સમજાણ નહિ પડે, અને કાંઈ પણ હાંસલ થશે નહિ, પણ અક્કલથી વિચાર કરશો તો, વધારે સમજાણ પડશે.

જ્યારે તમે ઈલ્મ પડો છો ત્યારે બેસીને ખ્યાલ કરો. આ તરફ પણ ખ્યાલ કરો અને પેલી તરફ પણ ખ્યાલ કરો. જ્યારે તમે બહુ ખ્યાલ પહોંચાડશો ત્યારે તેમાંથી થોડું ઘણું સમજી શકશો.

તમારો દીન અક્કલ ઉપર છે, તેને તમે ત્રાટી ઉપર કરી મુક્યો છે, તેથી જ કચાસ થઈ જાય છે.

તમે બદામના છીલટાં ખાઓ છો પરંતુ, બદામના મગજની લીજ્જત તમે ચાખી નથી. તમે મગજ ખાઓ તો, દીનની વધારે ખબર પડે અને તમને વધારે ઈતબાર અને ખુશી હાંસલ થાય.

ધર્મ કરવાનો છે, તે દિલની અંદરનું કામ છે. મોમન અને મુરશીદની વચમાં એક રસ્તો છે.

ઈમાનદાર મોમન જો લાખો ગાઉ અમારાથી દુર હોય તો પણ અમે તેની નજદીક છીએ અને બેઈમાન જો અમારી હુઝુરમાં હશે અને તે બેઈમાન અમને પોતાના જેવો સમજશે તો અમે તેને તેવા પ્રકારની દોસ્તી બતાવીએ છીએ.

મોમનનું દિલ ટેલીગ્રાફ અને ટેલીફોન માફક છે. જેને એક છેડે મુરશીદ છે તથા બીજે છેડે મોમન છે. જ્યારે તમે અમને યાદ કરો છો ત્યારે, તેજ વખતે તમે અમને પણ યાદ આવો છો.

તમે અમારા ફરમાન હમેશાં દિલમાં રાખજો, જેથી તમારા દિલ રોશન થશે.

તમને હીરા, માણેક ઝવેરાત આપેલ છે. તેને તમે ઓળખતા નથી અને ફેંકી દીયો છો. તેમાં તમને ઘણું નુકશાન છે, માટે બરાબર સંભાળો. અમે તમારા પાસે ઝવેરાતની કોથળી છોડી તમને

બતાવી છે, તેને તમે બરાબર સંભાળો.

તમે હમણાં નથી સમજતા પણ જ્યારે મરશો ત્યારે, ફાયદાની ખરી કિંમત માલમ પડશે. ઝવેરાતને ન ઓળખે ત્યાં સુધી ખબર પડે નહિ. મરશો ત્યારે સમજ પડશે.

અમારા ફરમાન ઝવેરાત પ્રમાણે સમજો.

તમારી પાસે ઘણો કિમતી સાચો હીરો છે અને તમે આગગાડીમાં બેઠા છો, તમારી સાથે ચોર હોય તો શું તમે સુઈ રહેશો? નહિ સુઓ. તમે જાણો છો કે તમારો દીન ઝવેરાત કરતાં પણ વધારે ઉત્તમ છે.

તમારા દીન કરતાં બીજો કોઈ દીન ઉત્તમ નથી. હજારો હીરા તથા ઝવેરાત હોય અને તે અમુલ્ય કિંમતના હોય તો પણ તમારા દીનના એક વાળ બરાબર થઈ શકે નહિ. તમારો દીન આવો અમુલ્ય છે, માટે તમે પોતાના દીનથી ગાફેલ નહિ થાઓ.

અમે તમને હીરા, ઝવાહીર રૂપી ફરમાનો ફરમાવ્યા છે, તે ભુલી નહિ જશો. એ ઝવાહીરોને દિલ રૂપી ખજાનામાં, સંભાળી રાખજો. તમારૂં ઈમાન સાબીત રાખજો, અને પહાડ જેવું મજબુત કરજો.

દરેકે પોતપોતાનું ઈમાન સંભાળવું. જે સોનું હશે તેની તેવી કિંમત થશે, ચાંદી હશે તો તેની તેવી કિંમત થશે, તાંબુ અને લોખંડ હશે તો તેની તે પ્રમાણે કિંમત ઉપજશે. પત્થરાની શું કિંમત ઉપજશે? તમે સાચ અને જુઠને ઓળખો. ઈન્શાઅલ્લાહ અમને ઓળખવાવાળા ઝવેરાત છે, જેની એક રતીની કિંમત સોગણી છે.

ઈમાન છે તે પોતાના હાથમાં છે. જો તમોને આખરત જોઈતી હોય તો પોતાના રૂહને ખુદાના ઈશ્ક તથા મહોબતમાં રાખજો. હમેશાં ખુદાના ખ્યાલમાં રહેજો. ખુદાનો ખ્યાલ ઘડી એક પણ નહિ વિસારતા.

જુઓ! પતંગિયું છે તે, બતીની રોશની જોઈ ઈશ્ક તથા મહોબ્બત સાથે પોતાની જાન બાળી નાખે છે. તેઓને એટલી મહોબ્બત અને ઈશ્ક છે કે, કંઈક પતંગિયા જીવ આપી દે છે. તમારે પણ એવીજ મહોબ્બત ખુદાવંદતઆલા પ્રત્યે રાખવી જોઈએ. તમે એવા આશક થાઓ.

ઈન્સાનને વાજબ છે કે, ઈમામને પોતાના સીનામાં જગ્યા આપે. તમે પોતાને કાંઈ નહિ લેખો. મોટાઈ છોડી આપો તો ઈમામ તમારા સીનામાં રહે; પણ તે ક્રિયાઓ તમે પાળતા નથી.

અહિંઆ તમે અમારી પાસે એક દિવસ બેઠા, તેવીજ રીતે એક મહિનો પણ બેસી રહો તો પણ તમને શું ફાયદો થાય?

ફક્ત અમને જોઈને તમે ખુશી થાઓ તેમાં શું ફાયદો થાય? તમે અમારા ફરમાન સાંભળી, દિલમાં રાખજો. તમે અમને જોશો અને દીનના ફરમાન મુજબ નહિ ચાલો. તો શું ફાયદો થશે?

અમે જાહેરીમાં અહીંયા આવ્યા છીએ અને તમે અમારા દીદાર કરો છો. જાહેરીમાં અમે તમારી પાસે નહિ પણ હોઈએ, એટલે અહીંયાથી ગેર હાજર હોઈએ તો પણ તમારા દિલ એવા પાક અને સાફ રાખો કે જેથી તમારા દિલમાં અમને પ્રત્યક્ષ જુઓ.

જો આ દુનિયામાં અમારા ફરમાનપર બરાબર ધ્યાન રાખશો તો, આ દુનિયા તથા પેલી દુનિયામાં, તમે સારી રીતે રહેશો અમે

તમારી પાસે રહીશું અને તમારો રૂહ પાક તથા સાફ રહેશે.

મુર્તઝાઅલીની હુઝુરમાં જવાવાળા છે તે બાતુની આંખથી જુવે છે. મુર્તઝાઅલીને તેઓ આંખોથી જુવે છે પણ, બાતુનથી મૌલા અલીનું નુર જુવે છે.

ખુદા તો પોતાના બંદાને અને કુલ ખલ્કતને જુએ છે પણ ઈન્સાન તેને જોઈ શકતો નથી; કારણ કે, તેની આડે પડદો છે. જ્યારે આડો પડદો હોય ત્યારે કેવી રીતે પોતે જોઈ શકે ? જ્યારે ખુદાને તે નથી જોઈ શકતો ત્યારે તેના ખ્યાલ ખુદા તરફ રહી શકતા નથી; કારણ કે, ખુદાને તે જોતો નથી તેના લીધે તેનું ધ્યાન ખુદા તરફ રહી શકતું નથી.

ખુદાને જે પોતાની આંખોથી જુએ નહિ તો, તેની આંખો આંધળી છે.

હાઝર ઈમામને ઓળખીને ઈબાદત કરે તેની જ ઈબાદત કબુલ થાય અને કામ આવે અને સઘળું સારૂં થાય. ખાનાવાદાન.

તમારામાં જુવાન બચ્ચાં છે તેમને દીનનો ઈલ્મ તથા ગીનાન શીખવો તો તમારા બચ્ચાં ઘણા સારા થશે. જો તમે તેમને ઈલ્મ નહિ શીખવશો તો તેઓ ગધેડા જેવા થઈ જશે અને બે બોલ બોલશે, મોઢાથી બકબક કરશે અને કહેશે કે, અમે ઈબાદત બંદગી કરી.

જબાનની ઈબાદત તો હેવાન પણ કરી શકે છે. તે શું કામની છે ?

તમે હરામખોરી તથા દુશ્મની કરો, નાફરમાનીના કામ કરો, ત્યારપછી ઈબાદત કરો, એ તો શેતાનની ઈબાદત કહેવાય.

દુનિયાને ઢોંગ કરીને દેખાડવાની ઈબાદત વિગેરેને પણ ગુનાહ ગણવામાં આવે છે.

બયતુલ ખ્યાલવાળાઓની બંદગી, મખ્ફી એટલે બાતુની છે અને એકાંતની છે.

જેઓ સાચા હકીકતી મોમનો છે તેઓને ફાયદો થાય છે; પોતાની મેળે થાય છે.

જેઓ અમારા ફરમાન ઉપર અમલ કરે છે, તેઓ જ હકીકતી મોમન છે.

મુરશીદના ફરમાનને જેઓ માન આપે છે, તેઓ મોટા છે અને દીનનો ખરેખર અર્થ પણ એજ છે.

તમારો દીન એવો છે કે, તેના ઉપર અમલ કરો તો ફિરશ્તા અને મલાએક જેવા થાઓ.

અમારો દીન સીધી સડક જેવો છે. તમે સડક પર સીધા ચાલ્યા જશો તો, તમારે ગામ પહોંચી જશો, એટલે કે તમારા અસલ નુરાની મકાને પહોંચશો.

ઈન્સાન રાત દિવસ પૈસા પેદા કરે, સારા કામ કરે પછી મરી જાય, ત્યારે શું વળ્યું ?

હમેશાં બંદગી કરવા છતાં આઝાદીમાં ન પહોંચે તો શું વળ્યું ?

તમે બંદેખુદા છો. ખુદા રહેમુર રાહેમીન છે. ત્યારે શું તમને કોઈ વખત આઝાદ નહિ કરે ? અમે નથી કહેતા કે આ દુનિયા

પછી પણ તે આઝાદીમાં તમે પહોંચી શકશો. એ સર્વે સીધા રસ્તા ઉપર ચાલવા તથા આલા હિંમત ઉપર આધાર રાખે છે. એ સઘળું તમારા હાથમાંજ છે.

અમે અમારા દિલથી તમને દુઆ કરીએ છીએ કે, 'ખુદા યા! તેમના દિલમાં એવી તાકાત બક્ષ કે આઝાદ થાય, હકીકતી થાય ખરાબીથી દુર ભાગે. રસ્તો સવળો પકડે. અને સીધે રસ્તે ચાલે.

'ખુદા યા! તેઓને હકીકતી આંખો બક્ષ.' આ દુઆ સઘળી દુઆ કરતાં વધારે છે.

અમારી દુઆ તો જેઓ હિંમતવાળા છે. તેઓને જ કામ આવે છે.

સારી દુનિયાની લિજ્જતથી દુર રહે એવો રોજો રાખે, તો બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઈન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસ ને પેદા કરી શકે, પણ એવી રીતે જુએ કે જેથી, ખુદાના ભેદ અને કરામતની ખબર પડે.

તમે કહો છો કે, અમે મોમન છીએ; ત્યારે અમે પુછીએ છીએ કે, જનાવરથી કયો હુન્નર તમારામાં વધારે છે?

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય ત્યારે મોમન થા.

આવા આવા વિચારો કરશો ત્યારે જ મોમનના લક્ષણ તથા દીનની ખબર તમને પડશે.

ગધેડા જેવા માણસો આવીને અમને પુછેછે કે, અમે શું કરીએ? અમારા ખ્યાલ દુનિયા ઉપર છે અને ઈબાદત પણ જબાનની છે. આવા માણસને અમારે શું જવાબ દેવો? તેથી અમારે કાન બંધ રાખીને ચુપ બેસવું પડે છે.

જ્યારે તમે માણસને જુઓ છો, ત્યારે માણસની શિકલ જોવામાં આવે છે. હાથ, પગ, મોઢું, આંખો, સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી.

તમે રૂહને જોવાની તજવીજ કરો.

ખુદાના નુરનો દીવો તમારી અંદર છે, તમારા હાથમાં છે. એ દીવો હમેશાં તમારા સર્વેમાં છે. તેને તમે જુઓ. તમે એને પુછો, તમે એને નહિ પુછશો તો તમને ક્યાંથી ખબર પડશે?

તમે નિયાજ પીઓ છો, ત્યાર પછી ખાલી પ્યાલી શા માટે આંખે લગાડો છો?

તમે નિયાઝ-આબેસફા પીયો છો, તેમાં માટી અને પાણીથી કાંઈ તમારૂં દિલ સાફ થતું નથી; દિલ કેવી રીતે સાફ થાય, તેનો તમને વિચાર નથી.

જે ઇતેકાદ, ઈમાન અને સચ્ચાઈથી તમે આબેસફા પીયો છો, તેનાથી દિલ સાફ થાય છે. જો દિલમાં સચ્ચાઈ ન હોય, તો ખાલી માટી અને પાણીનું નિયાઝ પીવાથી કાંઈ ફાયદો નથી.

જે અમારા સ્વરૂપને ઓળખતો નથી તેને માટી અને પાણી પીવાથી કાંઈ પણ ફાયદો થતો નથી.

અમારા ફરમાન સાંભળી એક જણ પણ તે પ્રમાણે અમલ કરે તો બસ છે.

અમારા ફરમાન દિલમાં રાખીને હમેશાં ધ્યાનમાં લેજો.

દિલ પાક રાખવાથી મુક્તી મળે છે.

નુર ને જોવા માટે ઈમાન સાફ હોવું જોઈએ.

જો તમે પાક આંખોથી જોશો તો દરેક માં ખુદાતઆલાનું નુર જોશો.

દુનિયામાં હમેશાં (૩૧૩) ત્રણસોને તેર મોમન હોય છે. જો તે ત્રણસો તેર જણા ન હોય તો દુનિયા ન ચાલે.

ત્રણસો ને તેર હકીકતી એક દિલ થાય અને સાપ જેવી અક્કલ રાખી કબુતર જેવા ગરીબ થાય ત્યારે, ઝહુરાત થશે.

એવું કહ્યું છે કે, "અક્કલ સાપ જેવી જોઈએ અને દુઃખ હોય ત્યારે કબુતર જેવા થવું જોઈએ."

ઈન્સાન ઝાલીમ થાય તેના કરતાં મઝલુમ થવું સારૂં છે.

દોઝકના દુઃખ અને બહેશ્તના મેવાની દુનિયાને અગાઉથી ખબર પડે અને જુવે તો, દુનિયાની દરકાર ન રાખે.

તમે બચ્ચાંની માફક દીનને દુર કરીને દુનિયા સાથે રમો છો; અમને સર્વે રોશન છે.

[ ૧૧૨ ]

# દુનિયા અને આખરત

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

દુનિયા એક નઠારી સ્ત્રી જેવી છે, તેને જલ્દી કાઢી મુકવી જોઈએ. ઈન્સાન એવી સ્ત્રીમાં મન લગાડે તેમાં શું ફાયદો થાય?

ગધેડા જેવા માણસો આવીને અમને પુછેછે કે, અમે શું કરીએ? અમારા ખ્યાલ દુનિયા ઉપર છે અને ઈબાદત પણ જબાનની છે. આવા માણસને અમારે શું જવાબ દેવો? તેથી અમારે કાન બંધ રાખીને ચુપ બેસવું પડે છે.

તમે બચ્ચાંની માફક દીનને દુર કરીને દુનિયા સાથે રમો છો; અમને સર્વે રોશન છે.

જેમ મરઘી જમીન ઉપર માથું પટકે છે તેમ કેટલા દિવસ તમે જમીન ઉપર માથું પટકતા રહેશો?

ખુદા કાંઈ મદારી નથી કે તમને દોરી નાખી ખેચી લેશે.

સોના ચાંદીની વીંટીઓ પહેરી દુઆ વખતે જવું નહિ કારણ કે, તેમાં ખુદા રાજી નથી.

જે બાઈઓ પોતાના ધણીના હક્ક રાખશે તેમની જ ઈબાદત કબુલ થશે; જે ધણીના હક્ક નહિ રાખે તેની ઈબાદત કબુલ નહિ થશે.

તમને ખબર નથી કે, એક ગાળ દેવામાં કેટલા ગુન્હા છે? જો ખબર હોયતો ગાળ ન દીઓ.

તમે મોમન હો પણ થોડી કસર હોય તો કામ નહિ આવે.

ઈમામ, ઈન્સાન ઉપર આવતા કિસ્મતી અને કુદરતી દુઃખો ટાળવા કોશિષ ન જ કરે જો ઈમામ તેમ કરે, તો પછી બીજી દુનિયા

અહીંજ હોય, યાને કે દુનિયા અને આકબત કે આખરત જેવું કંઈ રહે નહિ.

ઈન્સાનને આ દુનિયામાં જે દુઃખ પડે છે, તેથી નારાજ થવું જોઈએ નહિ, પણ તેના માટે ઈન્સાને ખુશી થવું જોઈએ. કારણ કે આવા કુદરતી દુઃખોથી ઈન્સાનના પાપો ધોવાય છે અને આત્માને પાપમાંથી મુક્તિ મળે છે.

અમે જ્યારે મુંબઈ હતા ત્યારે બદકશાનનો મુખી અમારી પાસે આવ્યો હતો કે જેનું આખું શરીર સફેદ કોઢથી નહી પણ કાળા કોઢથી જખ્મી થયેલ હતું અને તેના શરીરનાં બધાં અવયવો બહુ અશક્ત હાલતમાં હતા, છતાં પણ તે ખુશી થતો હતો અને અમારો આભાર માની કહેતો હતો કે, આથી અમારા પાપ ધોવાય છે, અને જે તકલીફ મને આ દુનિયામાં પડે છે, તેથી આવતી દુનિયામાં મને તકલીફ ભોગવવી નહી પડે.

તમને જે દુઃખ અને તકલીફ આવે છે, તેની ફરિયાદ નહી કરતા, તેને ખુશી થઈને કબુલ કરી લેવી જોઈએ.

તમારે સમજવું જોઈએ કે, કિસ્મતના જે દુઃખો અને તકલીફો નિર્માણ થએલ હોય છે, તે સહન કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે.

પણ જે બીમારીઓ અને દુઃખો તમારી બેદરકારીથી આવે છે, તેનાથી પાપ ધોવાતા નથી.

ઈન્સાનને ખુદાવંદતઆલાએ અક્કલ આપી છે જેથી તેનો ઉપયોગ કરી ગફલતીથી આવતી બિમારીઓના ઉપાયો કરવા જોઈએ. ખાનાવાદાન.

પચાસ ટકા દુઃખો કિસ્મતના અને કુદરતી હોય છે, કે જે દુઃખો ઈન્સાનની સત્તાથી બહાર હોય છે અને તેવા દુઃખો સહન કરવાથી જ ઈન્સાનનો આત્મા સાફ થાય છે. ખાનાવાદાન.

ઈત્માદી સબજાઅલીએ અમારી એવી ખિદમત કરી છે કે, તેને મરણ બાદ પીરનો દરજ્જો અમે આપ્યો છે. બીજા પણ જો એ મુજબની ખિદમત કરશે તો તેને પણ એવો દરજ્જો મળશે.

અમારી ૫૪ વર્ષની ઈમામતના વખત દરમ્યાન એકજ જણને અમે આવો દરજ્જો અર્પણ કર્યો છે. ખાનાવાદાન.

ઈત્માદી સબજાઅલી ખુદાની રહેમતે પહોંચ્યો. તેના હકમાં અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તેનું નામ તવારિખમાં હમેશાં કાયમ અને દાયમ રહેશે. અગાઉ જેઓ દાઈ થઈ ગયા છે, તેની માફક હાલની જમાતમાં તે મોટો દાઈ હતો.

ઈત્માદી સબજાઅલીએ પોતાની રૂહાનીનું બળ હજારો માણસોને, તેમજ બહારની કોમને દેખાડેલ છે.

ઈત્માદી સબજાઅલી હકીકતી મોમનનો અમલદાર હતો. દુનિયામાંથી એ રહેલત કરી ગયો છે, તેથી દુનિયાને ઘણું નુકશાન થયું છે, પણ તેની પોતાની રૂહાનીને ઘણો ફાયદો થયો છે એ હકીકતી ખુશહાલીમાં ગયો છે.

વારસ બસરીયા, વારસ રહીમ અને વારસ રહીમની માતાએ અમારી ઘણી ખિદમત કરી છે. વારસ રહીમે અમારી ખિદમત ઈશ્ક, મહોબત અને દિલોજાનથી કરેલ છે, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

હમેશાં એ ત્રણે અમારા ખ્યાલમાં જીવતા છે અને અમે હમેશાં યાદ કરીએ છીએ. જો કે એ ત્રણે આ ફાની દુનિયા મુકી ગયા છે પણ તે અમારા દિલમાં હઈયાત છે. ખાનાવાદાન.

એક ભાઈએ હાઝર ઈમામ પાસે અરજ કરી કે, "મને દુનિયામાં રહેવું ગમતું નથી મને અસલમાં વાસલ કરો." ત્યારે હાઝર ઈમામે ફરમાવ્યું:

દુનિયામાં રહો, દુનિયામાં રહીને મોમનના કામ કરો. આ દુનિયામાં પણ મોમન અસલમાં વાસલ થઈ શકે છે. આપણા મઝહબમાં દુનિયામાં રહીને અસલમાં વાસલ થવું આસાન બાબત છે. તમે બયતુલ ખ્યાલમાં દાખલ છો? દાખલ થતી વખતના હુકમ પ્રમાણે અમલ કરો તો ઈશ્ક પણ પેદા થશે અને સર્વે બની શકશે. ખાનાવાદાન.

તમે દુનિયાનો રસ છોડી આપો તો બહેશ્તમાં જાઓ.

દુનિયાના સ્વાદ છોડી દેશો ત્યારે જ મુશ્કીલીથી બહેશ્તમાં પહોંચશો.

મનજી લાલજી નાઈયાણીની ઘરવાળી તથા તેનો છોકરો હુસેન અતરે મેળામાં આવીને ખુદાની રહેમતે પહોંચ્યા છે એવી અરજ હુઝુરમાં કરવામાં આવી ત્યારે ફરમાવ્યું:

તેઓ સીધા અમારી હુઝુરમાં પહોંચ્યા છે, કારણ કે તેઓ અમારી ઉમેદ કરીને અતરે આવ્યા હતા, જેથી તેઓના સઘળા કામ અમે કબુલ કરીએ છીએ અને તેઓ અમારા નુરમાં પહોંચ્યા છે.

અગર તેઓ દુનિયામાં હૈયાત રહેતે અને અમારી હુઝુરમાં કામ કરત તો પણ ફરી તેઓથી ગુન્હા પણ થાત ને વળી માફી માંગત; એમ ગુન્હા થયા કરત, પણ એ તો નિર્દોષ સીધા અમારી હુઝુરમાંજ પહોંચ્યા છે. તેઓને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન.

એક બાઈની રૂહાનીની મેમાનીમાં ફરમાવ્યું:

એ બાઈ અમારી હજુરમાં છે અને તમે ખાત્રીથી માનજો કે તે ખુદ પોતે જ અમને મહેમાની કરે છે અને એ પોતે અહીં હાજર છે. ખાનાવાદાન.

મોમનને વાસ્તે પહેલું કામ એ છે કે, હેવાનની હાલત છોડી આપે. હેવાનની હાલત છે તે બદ છે.

ફિરશ્તા થવું હોય તો બદનઝર છોડી આપો.

દશ અવતારની ફિલસુફી લઈ ઈસ્લામી સિધ્ધાંતથી સમજાવવી જોઈએ અને દુનિયાની ઉત્પતિ પહેલાંથી ચાલતા આવેલા ખુદાઈ નુરની સમજણ આપવી જોઈએ.

ઈસ્લામશાહના વખતમાં પીર સદરદીને જે સિધ્ધાંતો સમજાવ્યા હતા, તે પ્રમાણે સમજાવવું જોઈએ.

વઝીર સાલેહ જેવા ઘણા થોડા માણસો છે. તે ગુજરી ગયો છે, હવે તેને તમે જોઈ શકશો નહિ, કારણ કે તે નુરમાં મળી નુર થઈ ગયો છે, જેવી રીતે કે નદી દરિયામાં મળી જાય છે. મરણ પછી આ થઈ શકે છે. હૈયાતીમાં નથી બની શકતું, પણ હૈયાતીમાં મહેનત કરવાથી મરણ બાદ ઈમામ સાથે એક થવાય છે.

બધાથી મહત્વની વાત એ છે કે, મા બાપ માલ અને જાન કરતા પણ મોહમ્મદ અને અલીના ગાદીવારસ પર તમારૂ ઈમાન મજબુત રાખજો. મહમદ અને અલીના વંશ જેઓ બીરાજે છે તેના ઉપર પ્યાર રાખશો તો તમને દુનિયામાં કોઈ ડર રહેશે નહિ આ એક ફરમાનમાં ઈબાદત બંદગી અને મઝહબની બધી ખુબીઓ આવી જાય છે.

જે હકીકતી દીદાર છે તે તમારા દિલમાં છે.

જે મોમન હકીકતી છે તેના દિલમાં અમારૂં રહેઠાણ છે.

તમે એમ નહિ સમજો કે સાહેબ ખુરશી ઉપર બેઠા છે, તેમ નથી.

સારા અમલ કરનાર અને હકીકતીનાં દિલમાં અમે છીએ, પણ તેમાં બે શરતો છે.

(૧) ઈમાન સાફ હોય. (૨) અમલ સારા હોય.

તેના દિલમાં અમે છીએ ખાનાવાદાન.

જે હકીકતી સાચા મોમન છે. તે હૈયાતી સુધી મોમન રહીને ગુજરી જાય તો તેનો રૂહ ઈમામના રૂહમાં દાખલ થાય છે, તે પણ મરણ બાદ થાય છે. પણ જ્યાં સુધી મોમનના બદનમાં રૂહ છે ત્યાં સુધી હૈયાતીમાં તે એક થઈ શકતો નથી.

જેમ મીઠા પાણીની નદી દરિયામાં મળી જાય છે. તેજ પ્રમાણે મરણ બાદ મોમનનો રૂહ ઈમામના રૂહમાં દાખલ થાય છે, પણ હૈયાતીમાં જમીન અને આસમાન જેટલું દુર છે.

મરણ બાદ હવાની માફક બીજી હવામાં મળી જાય છે.

જેમ વઝીર સાલેહ થઈ ગયો, તેમ અલબતા એક રૂપ થઈ શકાય છે.

વઝીર સાલેહ જેવા ઘણા થોડા માણસો છે. તે ગુજરી ગયો છે, હવે તેને તમે જોઈ શકશો નહિ, કારણ કે તે નુરમાં મળી નુર થઈ ગયો છે.

જેવી રીતે કે નદી દરિયામાં મળી જાય છે.

પરમાર્થ કરી બીજાને છોડાવવો, એ હજાર વર્ષ બંદગી કરો તે કરતાં વધુ છે. હજાર વર્ષ બંદગી કરો તે કરતાં પણ એ કામ મોટું છે.

સો વર્ષ બંદગી કરો તે કરતા બીજા જીવને છોડાવવો એ વધારે છે.

દુનિયામાં ઈબાદત કરવાવાળા ઘણાં ઓછા છે. ઈબાદત નહિ કરવા માટે પુછાણું લેવાશે.

માણસો પૈસામાં ગુલતાન થઈ જમાતખાને જતાં નથી.

ઘણાં ખરા દોલત ઝાઝી માંગે છે, પણ જમાતખાને ઓછાં જાય છે.

ઈન્સાફથી જવાબ આપો કે, તમે ઔલાદ માંગો છો અને જમાતખાનાથી મોહબ્બત કેમ કરતા નથી ?

તમે દૌલતને ઈબાદતથી પણ વધારે ચાહો છો !

જ્યારે નફસા નફસી થશે ત્યારે, ઔલાદ, દૌલત કાંઈ પણ કામ નહિ આવે. ઈબાદત કામ આવશે.

દુનિયામાં એવી રીતે ચાલો અને એવા કામ કરો કે, કયામતમાં કાળું મોઢું લઈને નહિ જાઓ.

કયામતમાં એક કલાક હજાર વર્ષ જેવડી લાગશે. ત્યાં તમે શું કરશો ? અને શું જવાબ આપશો ?

"મહાદનકા રોયા કુચ્છ કામ નહિ આવે."

ખુદાની બીક રાખો અને છેલ્લા દમ સુધી બીજો હરફ ન નિકળે તેની બીક રાખો.

ઈન્સાનની મકસદ એ છે કે, અસલ મકાને પહોંચે. દીનના કામમાં ગાફલ થશો તો નહિ પહોંચો, હેવાન થઈ જશો.

દીનને વાસ્તે ઔલાદ, જાનમાલ કુરબાન કરો. આવી રીતે વર્તશો ત્યારે અલમાસ જેવા થશો. આવી રીતે નહિ વર્તશો તો કાચ જેવા થશો.

કાચને ગમે તેટલો સાફ કરો તો પણ, તે અલમાસ જેવો નહિ થાય.

બે કલાક બેસીને દીનના ખ્યાલ કરવા જોઈએ.

ઈન્સાન પહેલા તો પત્થર હતો, પછી ઝાડ થયો, હેવાન થયો. વાંદરો થયો, ત્યાર બાદ માણસ થયો. આ સઘળું પોતાના હાથમાં છે. આ બાબત નસીબ ઉપર આધાર નથી રાખતી.

અર્ધી રાતે અર્ધો કલાક ફરાગતથી બેસી દીનનાં ખ્યાલ બરાબર કરજો, જરૂર કરજો. હાઝર જોમાના ફરમાન દિલ ઉપરથી વિસારી નહિ મુકતાં.

# દશોંદ

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

"મહાદનકા રોયા કુચ્છ કામ નહિ આવે."

તમારામાંથી ઘણા જણ રૂપીઆ સાત દઈને કહે છે કે, ગુન્હા માફ કરો! તેમ ગુન્હા માફ થતા નથી.

ભુલમાં માલેવાજબાત ખવાઈ ગયો હોય, તે છાંટા નાખવાથી માફ થાય; પરંતુ, મોમનના ગુન્હા કરશો તે માફ નહિ થાય.

તમારામાંથી કોઈ દીનભાઈની ગીલા કરે, તે ગુન્હા કેમ માફ થાય? તેનો હાથ ચુમીને અરજ કરે કે, મેં તમારી ગીલા કરી છે, મને માફ કરો, અને તે માણસ માફ કરે તો માફ થાય.

કોઈ માણસ જઈફ, બુઢી બાઈના દાગીના, પૈસા અનામત હોય તે પચાવી પાડે. તેનો ગુન્હો કેમ માફ થાય? આવા માલના પૈસામાંથી એક રોટલી વેચાતી લઈ ખાશો, તો તે રોટલી કયામતના દિવસે તમારી ગરદન પકડશે અને હિસાબ લેશે.

ઈન્સાન, જે કંઈ ખુદાના ગુન્હા કરે છે તેણે ઉમેદ મોટી રાખવી જોઈએ; યાને ખુદા રહેમ રહેમી છે.તે પોતાના ગુન્હા માફ કરશે માટે તે, જે ખુદાના ગુન્હા કરે છે, તેની મને ધાસ્તી નથી કારણ કે, કદાચ તે માફ કરે. ખુદા રહેમ રહેમી છે.

કોઈ મોમનનો ગુન્હો કરવો યાને કોઈ મોમનના માટે કિન્નો રાખવો, યા કોઈની ગીલા કરવી, યા કોઈનો માલ લઈ લેવો, યા કોઈની ઓરત ઉપર બદનઝર કરવી. તેવાઓના માટે મને ઘણી

ધાસ્તી છે. માટે તેનાથી તમે પાક રહેજો કારણ કે, તે પારકો હક છે. તે ગુન્હા ખુદા માફ નહિ કરે.

પરાયા હકના ગુન્હા, ખુદા માફ કરે તો તે રહેમ રહેમી ન કહેવાય, ઝાલીમ કહેવાય, માટે તે ગુન્હા ખુદા માફ નહિ કરે.

પરંતુ, જે ઇન્સાનના ગુન્હા કર્યા હોય, તે ઇન્સાન માફ કરે તો માફ થાય, ખુદા માફ નહિ કરે.

કોઈ પણ ઈન્સાનની પાછળ ગીલા કરી હોય અથવા દિલમાં દુશ્મની રાખી હોય તો, કોઈ પણ બહાનાથી તેની પાસે માફી કરાવી લઈ કહેવું કે, મારાથી આવા ગુન્હા થઈ ગયા છે, હું ખુદાથી ડરૂં છું. માટે તું મને માફ કર. એ પ્રમાણે વર્તી, તેની પાસે માફ કરાવી લીયો.

આખી જીંદગી સુધી અગર કોઈએ સરકાર (ઈમામ) ને એક પૈસો પણ નહિ આપ્યો હોય, તેવા ગુન્હા કરતાં કોઈ મોમનનો એક પૈસો ખાધો હોય તો, તે ગુન્હો મોટો છે.

ખુદાનો પૈસો છે તે જુદી બાબત છે. ખુદા રહેમ રહેમી છે. તે કદાચીત માફ કરશે. પણ મોમનનો પૈસો લીધો હશે તો મોમન કદાચ માફ નહિ પણ કરે કારણ કે, તે રહેમ રહેમી નથી.

તમે કોઈ વખત ભુલમાં કોઈનો પૈસો ખાશો તો તમારૂં તેટલું ગોસ્ત ખુદા કાપી લેશે. પારકો પૈસો તે સુવ્વર બરાબર છે.

દશોંદ આઠમો ભાગ બરાબર આપતા રહેજો. તમારા ખેતરમાં જે પાકે તેમાંથી, રાજા પોતાનો ભાગ લઈ જાય પછી, જે બાકી રહે તેમાંથી આઠમો ભાગ આપજો. ઉઘડ આપતા નહિ.

પારકા પૈસા લઈ દીનના કામમાં વાપરો એ ઘણું જ ખરાબ છે. કોઈ પરાયાનો માલ ખાઈ જવો એ ઘણું ખરાબ છે.

કોઈ બદકામ કરનાર હોય અથવા તમારા દીનનો વેરી હોય, તેનો પૈસો પણ ખાઈ જવો હરામ છે. આમાંથી તમે ધર્મમાં વાપરશો તેનો કાંઈ પણ ફાયદો નહિ થાય, ઉલ્ટાં ગુન્હા થશે.

કોઈ પરાયાનો માલ ખાઈ જવો તે, મોમન માટે વાજબ નથી.

દીનના દુશ્મનનો પણ માલ નહિ ખાવો.

કોઈનો પૈસો પણ નહિ ખાવો.

# દુ આ

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

બીજી ફરજો ઉપરાંત પ્રથમ તો તમારે ત્રણ વખતની દુઆ કદી પણ ચુકવી નહિ. વખત થયો કે તરત દુઆમાં હાજર થવું.

હમેશાં દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેવું અને ત્યાં જ દુઆ પડવી.

જો જમાતખાનું દુર હોય અને તમને ખાત્રી હોય કે વખતસર ત્યાં પહોંચી નહિ શકાય તે વખતે તમે રસ્તામાં હો તો રસ્તામાં, દુકાને હો તો દુકાને, રેલગાડીમાં હો તો ત્યાં, જ્યાં તમે હો ત્યાં દુઆનો વખત ગુજારી લેવો.

જમાતખાનું દુઆ પડવા માટે છે, માટે તમે હમેશાં દુઆ પડવા આવો. અગર કોઈ બીમાર હોય તે કારણથી આવી ન શકે, તે કદાચ ન આવે, પણ બાકીના બધા દુઆ વખતે સાંજે જમાતખાનામાં આવો.

મગરિબ વખતે દુઆ પડવામાં તમને કાંઈ નુકશાન કે અડચણ નથી. દુનિયાનો ધંધો કરવાનો એ વખત નથી, તથા બીજી કોઈ અડચણ નથી.

મગરિબ વખતે દુઆ પડવા નહિ આવો તો શું જવાબ આપશો? જમાતખાનામાં આવીને દુઆ પડો તેમાં ઘણું જ સારૂ છે. આનો ફાયદો દુનિયા તથા આખરતમાં ઘણો જ છે.

મોમનને લાજમ તથા વાજબ છે કે, મગરિબ વખતે હમેશાં દુઆ પડવા હાજર થાય.

જેઓ મગરબ ટાણે દુઆ પડવા નથી આવતા, તેઓ પોતા ઉપર જુલમ કરે છે.

દુઆ જમાત સાથે પડો. ઘરે પડવાથી કાંઈ ફાયદો નથી.

દુઆ ઘરે પડવાથી ભુલી જશો; ભુલી જશો તો હેવાન થશો, હકીકતને નહિ પહોંચો.

જમાતખાનામાં દુઆ પડવા નહિ જાઓ તો આસ્તે આસ્તે ભુલી જશો અને અસલ હેવાનની સાથે જઈ મળશો.

એક મોમન માણસ હોય તે એવો ખ્યાલ કરે કે, હું આજે જમાતખાનામાં નહિ જઈશ તેના બદલે કાલે જઈશ. વળી કાલ થાય ત્યારે એવો ખ્યાલ કરે કે, હવે આજ તો નહિ કાલે જઈશ. આ પ્રમાણે તે સુસ્તી કરશે તો સુસ્તી કરવાની તેને આદત થઈ જશે. અને આસ્તે આસ્તે તેનું ઈમાન ઓછું થઈ જશે. એમ કરતાં કરતાં આખરે તેનું સઘળું ઈમાન જતું રહેશે.

આવી સુસ્તી મોમનને થઈ તેનું કારણ શું? કારણ એ છે કે શેતાન તેની પુઠે લાગેલો હોય છે તે તેને સુસ્તી કરાવે છે અને કાંઈ પણ સારૂં કામ કરવા આપતો નથી.

તમને ઈલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ તમને ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે.

તમે ઘણા નશીબ વાળા છો કે, સવારે જમાતખાને આવો છો અને અમારા દિદાર કરો છો.

અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો

તો દિલ સાફ થશે અને તેમાં રોશની પેદા થશે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

અમારા ફરમાન ઉપર ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે.

અમારા ફરમાન તમારા રૂહને પહોંચાડો. એ મોટી ચીજ છે.

જેઓ જમાતખાને નથી આવતા તેઓને ઈમાન નથી, એ શક વગરની વાત છે, માટે તમે હમેશાં જમાતખાને આવવાની આદત રાખો. અમારા આ ફરમાનો કાનેથી સાંભળી, મગજમાં ખુબ યાદ રાખો. ખાનાવાદાન.

દુઆ પડવાની અને જમાતખાને આવવાની આદત છોડી દેશો તો ઈમાન ચાલ્યું જશે.

[ ૧૨૬ ]

# મિશનરીઓ

## હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું:-

મિશનરીઓ તમોને વાએજ સંભળાવવા આવે ત્યારે, તમે હાજર રહીને સાંભળજો.

અગર કોઈ મિશનરીની માએના તમોને ઠીક ન લાગે અને તેની ભુલ જણાય તો, માએના વખતે તેને અટકાવતા નહિ, પણ તમોને ઠીક ન લાગે તો, બીજે દિવસે વાએજ કરવાની મના કરવી.

જો કે મિશનરીઓની ઘણી જરૂર છે અને ગામોગામ જઈ બોધ કરવો જોઈએ, પણ તેવા ભગતો હોવા તો જોઈએ ?!

મિશનરીઓને જે મિજલસોમાં તેડાવ્યા હોય ત્યાંજ જાય, એ મિશનરીઓનું કામ નથી, એ તો મહેમાન માફક થયું.

મિશનરીઓએ દુનિયા તથા ઈજ્જત (માનપાન) ઉપરથી હાથ ઉપાડી લેવો જોઈએ.

જે મિશનરીઓ ઈજ્જત આબરૂ સાથે તેડું આવે તો જવું, એવો ખ્યાલ રાખતા હોય, તેમણે મિશનરીના કામ ઉપરથી હાથ ઉપાડી લેવો જોઈએ.

પાદરી, સાધુ, દરવેશ વિગેરે જે મિશનરીઓ છે, તેઓને કોઈ ગાળો ભાંડે છે, અથવા પથ્થર મારે છે. તો પણ સહનશીલતાથી ખમી લઈને ખુલ્લી રીતે બજારોમાં પોતાની વાએજો કરે છે.

જ્યાં પાંચ, દશ અથવા વીસ ઘર હોય ત્યા મિશનરીઓએ વગર બોલાવે જવું જોઈએ. વર્ષમાં છ માસ લગી વાએજ માટે

તેઓએ ગામોગામ ફરતાં રહેવું જોઈએ.

મિશનરીઓએ જમાતખાના સિવાય, બીજે કયાંયે ઉતારો કરવો નહિ.

લોકો વાએજ સાંભળે અથવા ન સાંભળે, તો પણ મિશનરી પોતાની ફરજ પ્રમાણે વાએજ કર્યા જાય. આવી રીતે વર્તનાર ખરા મિશનરી છે. તે સિવાય બીજાઓ મિશનરીનું ખોટું નામ ધારણ કરે છે.

મિશનરીઓને લોકો જાણે પણ નહિ, તો તેઓ કઈ જાતના મિશનરીઓ છે ? આવું ખોટું નામ ધારણ કરનાર મિશનરીઓ ન હોય તો વધારે સારૂં.

દરેક માણસ પાસે જઈ તેને દીનમાં મજબુત કરવાનો બોજો મિશનરીઓ ઉપર છે.

તમને ઈલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ તમને ફાયદો કરશે નહિ આ મોટી નસિહત છે.

ઈમાની માણસોની ફરજ છે કે, પોતાના દોસ્તો તથા કુટુંબ કબીલાને દીનનું શિક્ષણ આપતા રહે.

જેઓને કુરઆન શિખવાની ઈચ્છા હોય, તેઓ કુરઆનનો હકીકી અર્થ જાણનાર પાસેથી શિખે. આ પ્રમાણે શિખવાથી તેની ખરી માયના શું છે તે ખબર પડશે.

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ શાહ શમ્સ તબ્રેઝની પડશો

તો તમને ખબર પડશે કે કયો રસ્તો સારો છે.

જેઓને ઈલમની ખબર નથી, તેઓને રૂહાની બાબતમાં તમારા જેવા કરો.

તમે હકની વાત જાણતા હશો, છતાં બીજાને નહિ કહો તો તમને ગુન્હા થશે.

અમારા ફરમાન પ્રમાણે ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે.

માસ્તર હુશિયાર હોવો જોઈએ, તેમ રૂહાની ઈલમથી પણ વાકેફગાર હોવો જોઈએ.

ગીનાન

આશાજી મારગ ચોક્ખો મલી કરી ચાલો,
ઈસ માંહે અંધેરા નાહીં લગારજી;
અંજવાળામાંહે જે અંધારૂ કરશે,
તે જાશે નરગ દુઆર - અલી...

આશાજી જનમ ખોટા તે જીવ કહીએ,
જે ગીનાન વિચારી નહીં ચાલેજી;
તે જીવ માંનખા જનમજ હોશે,
પણ હોશે તે ઢોર પરમાણ - અલી...

એજી જે સતપંથ લઈ ઓસરી ગયા,
અને ગુરૂ પીરને દેવરાવશે ગાળ,
તેનું મુખ દીઠે બ્રહ્મ હત્યા ઉપજે,
તે તો પડશે દોઝખની જાળ.

કલજુગ સંધે એવા જીવ થાયસે
પોતે ડુબસે અને બીજાને ડુબાવસે
અર્થનો અનર્થ કરીને ઠેરાવસે
અને સતગુરના વચન ઉથાપસે તેની વાર

## કલામે મૌલા

ગુમરાહકું ગુમરાહીમેં છોડો, ઉસકા નહીં કુછ ઈલાજ,
જીસકું ખુદાને ગુમરાહ કીયા, વએ રાહ ન પાવે બાજ;
આંખા અંધી ઈલાજ કરે, તો ચંગી હોવે જાન,
પણ જીસકા સીના અંધા ઈલાજ નહીં, જો ફીર કર આવે લુકમાન.

# કલામે મૌલા

દુનીઆ ઘર માતમકા, જીસે દેખો સો રોતા હએ ઝારો ઝાર,
ગફલતકા ડટા કાનુસે કાઢો, તો સુનો કયસી પડી હએ પુકાર;

કાઠ શીર કરવત ફીરે પથર ટાંકે, એ દોએ કયસા કરતે હએ શોર,
બેહેતે પાનીમે અવાજ કયસા, ઉમરોહી વહી જાતી સો રોતી હએ ઝોર.

ભુલા વએ જે કોઈ દુનીઆ રીઝા, જીયું પ્યાસા દેખે વેલા ધુપ,
કે જંગલ સારા ભરા હએ પાની, એ તો ધુલ દીસે હએ પાની રૂપ;

દુનીઆ સબ ધુલ હએ, દુનીઆ માલ ગાડો વએબી હએ ધુલ,
ઈસ ધુલકું તું સોના રૂપા માણેક દેખે, એ તુમારે દેખનેમેં પડી હય ભુલ.

જીને આપ માલ ખઝાના કીઆ, ઓર અપની દોલત આપે નહીં ચાખી,
વએ હાથ ઘસંતા આપ ઉઠ જાવે, જીયું મધ ન ખાયા માખી;
હાથ ઘસંતી દેખો માખી, ચેતો ભાઈ દુનીયા સંગ ન આવે,
તીયું આકબત કમાઈ કીયું નહીં કરતા, મુરખ આપ જનમ તું કીયું ગમાવે.

પાનીકી પીયાસસે, માલકી પીયાસ જાનો હોવે સખત,
માલકી પીયાસ ન ઘડી એક બુજે,પાનીકી પીયાસ હોવે કોઈ વખત;

જીસકું પીયાસ માલકી હુઈ, ઉને પીયાસમેં ખોઈ સારી ઉમર,
કબી નહી પેટ ઉસકા ભરે, જો સબ માલ પાવે જેતા હએ દુનીઆ ભીતર.

દુનીઆ બેચ યે ફાની હએ, ઓર મુલ લે આકબત કામ,
દુનીયા તેરે સંગ ન રહેસી, ખુબ આકબત મુકામ;

# કલામે મૌલા

દુનીઆ દિન ચાર હએ, ચેત તું છોડ જાયસી,
ઈસે બેચ આકબત બસા એ લે, વએ તુજ કામ આયસી.

દુનીયાકી ન્યામતુંસે, ખુબ સવાબ આકબત કેરા,
આકબત સદા બાકી રહેસી, દુનીયા ફના હોવે સવેરા;

જો તુજે ખુદાને અક્કલ દીઆ, તો દુનીયાકું ન કર પ્યાર,
યે જો ઠામ છોડના વાંહા ઘર કરે, એસા કામ કરે ગેમાર.

દુનીયા દેખો જાવે ચલી, યેહ હએ દો દિનકા બહાર,
શાહ ગધા ઓર અદના આલા, નહીં કીસીકું ઈસમેં કરાર;

ચેત સમાલો મોમનભાઈ, જબ લગ નહીં આ એ ખીઝાકે આસાર,
તબ લગ પાની સીંચો નેક બંદગીકા, તો તેરી જીંદગીકા બાગ સદા રહે ગુલઝાર.

ગુમરાહ હુઆ વએ, જીને દીનસે દુનીઆકું અદકા ચાહયા,
કે દુનીયા કામ કરતે, જીને દીનકા સો કામ ગમાયા;

પહેલા તુજે દુનીયા સીરજીયા, કે આકબત કારણ કરે કમાઈ,
તો વએ સહી ગુમરાહ હુઆ, જીને દુનીયા કારણ આકબત ગમાઈ.

ગુમરાહકું ગુમરાહીમેં છોડો, ઉસકા નહીં કુછ ઈલાજ,
જીસકું ખુદાને ગુમરાહ કીયા, વએ રાહ ન પાવે બાજ;

આંખા અંધી ઈલાજ કરે, તો ચંગી હોવે જાન,
પણ જીસકા સીના અંધા ઈલાજ નહીં, જો ફીર કર આવે લુકમાન.

ખુશી ને આરામ ચાહો તો, આરામ વાંહાં જાહાં નહીં ડર,
દુનીયામેં તો બોહોત કસાલા, આરામ કહાં હએ ઈસ દુનીયા ભીતર;

એક દિન ખુશીસેં ઢોલ બજાયા, દુજે દીન કોઈ મુઆ હુઆ ગમ,
ભલી ખુશીઆલી આકબત કેરી, દિનદિન અદકી હોયસી ન હોય સી કમ.

# કલામે મૌલા

દુનીયા લોક કહે પેટ ધંધા લાગા, કબ બએઠે હમ ખુદાએકે ગએલ,
મઉલા ફરમાવે જો વેલા ધંધા નહીં, રબકું સંભારો બીચ અંધેરી લએલ.

સબ દિન પીછે રાત હએ, દિનકું કરો આપ કમાઈ ધંધા,
રાતકું બએઠો આરામસે, જપો ઉસકું જીસકા હએ તું બંદા;

મએરાજ ખુદાકા રસુલ પાયા, જીને સબ રાત કીતી હક બંદગી,
સો મએરાજ મોમીનકું હોવે, જો દિલસે નીકાલે સબ દુનીયા ગંદકી;

રાતકું જાગે એક ધીઆનસું, પયરવી રસુલકી કરે કીરદાર,
તો ઉસ મોમનકું મએરાજ હોવે, અપને રબકા દીદાર.

રએન મરતબા બહોત બડા હએ, સબ ખલકત પાવે આરામ,
પીર પયગમ્બર વલી ઓલીઆ, રાત બંદગીસે સબ પાએ નામ;

મએરાજ રસુલ બી રાતમેં પાયા, આશક વસ્લ પાવે માશુક,
જો તું સાચ્ચા આશક હય, તો રએન બંદગીસે મત ચુક.

સબ દીલ મીને લગન હએ, પણ ભલા દીલ વએ જીસ દીલ હએ લગન કીરતાર,
ઓર લગનમેં પડા સો ડુબા, રબકી લગન ભલી જો ઉતારે પાર;

લગન બીના કોઈ દીલ ખાલી નહીં, બીન લગન તો દીલ રહે ઉદાસ,
સાચે સાંહીસું જો લગન બાંધો, તો ઝીકર કરો સાસ ઉસાસ.

મોમનકે મોંહો ઉપર નુર અદકેરા, જો બીચ રાત ઉઠ કરે કમાઈ,
રાતકી બંદગી દિનમેં દીસે, કે કરનહારકે મોંહો ઉપર હોવે રોશનાઈ;

કયામતકે દિન કોઈ મોંહો કાલે, કોઈ મોંહો હોવે સફેદ,
વએ જીને રાતમેં બંદગી કીતી, સાચે સીદકસે ઉને પાઈ ઉમેદ.

# સલોકો

## પીર શમ્સ અને પીર સદરદીન

સતગુર કહેરે નામ લિયા સો અતિ ઘણા, પણ પ્રેમ પીડા ન લાય,
એ તો ધુળી ઉપર લીપણા, જેમ ફૂટા મંડલ બજાયરે.

સતગુર કહેરે પિયુ પિયુ કરતાં જો પિયુ મીલે, અને સીર ઉપર ભરિયા ભાર,
જો મન ખેલે મોકળા, તો ભાંગી નાવ ન હોવે પારરે.

સતગુર કહેરે સતી થઈ તો કીયું રહી, જો ન જલી પિયુજીકે લાય,
જા જા ન મૂઈ દોલડી પ્રેમ લાજ ન માંહેરે.

સતગુર કહેરે સીતા કારણ દુઃખ સહીયા દસ સીર દીયા કટાય
પણ સચે સુરીજન કેરે કારણે એક સીર દીયો નવ જાયરે.

સતગુર કહેરે બોલે બોલે લીજીયે, અને પિયુને પીછાણ,
સીર સાટે જો પિયુ મીલે, તોએ સોંઘા જાણરે.

સતગુર કહેરે સીર સાટા તો કીજીયે, જો પિયુજી બીકાતા હોવે હાટ,
તો એક ક્ષણ વિલંબ ન કીજીયે, સર હાથે દીજે કાટરે.

સતગુર કહેરે સીર દીયા તો કયા હુઆ જો રદેહ ન ભીના જાણ,
કટકા કરે કાયા તણા, તોય અજંપિયા જાપ વિના કુડા કામરે.

સતગુર કહેરે સીર સાટા જો કીજીએ, તો રેહેણી જગાઈએ આપ,
જીવ લગાઈએ ઝીકરસું, તો સાચા સુરિજન પાસરે.

સતગુર કહેરે અમારી પોકાર જે સાંભળે, અને સાંભળે એકાંતે જાણ,
તે પાંચ હત્યાથી અલગા રહેવે, ભાઈ તે માંહે અમારૂં ઠામરે.

સતગુર કહેરે અમે આવી તે માંહે બેસીએ અને બોતેર કોઠા
માંહે થાય અવાજ,
રેહેણી જાય તેની જાગતાં, ત્યાં રચના ગિનાનની થાયરે.

સતગુર કહેરે અજંપિયા જાપ તેને ઘટ વસે, અને કાયા માંહે
થાય જંત્રીનો અવાજ,
ત્યાં બોતેર કોઠામાં તાલ તંબલ વાજે, તેની ઘાત જાણે
વિરલા કોઈરે.

સતગુર કહેરે તે જીવની જીભ અમ તણી, અને વસે તે
આ સંસારજ માંહે,
તેને બંધ બંધાણા અમ તણા,
તેની ઘાત જાણે કોઈરે.

સતગુર કહેરે નાવ કીજે અલીકે નામકી, અને માંહે સાચા
ભરિયે ભાર,
પવન જો ચાલે પ્રેમકા, તો સતગુર ઉતારે પારરે.

# [ ૧૩૫ ]

સતગુર કહેરે પ્રીત પીઆની દોહેલી, અને પ્રેમ પીડા હએ સુલ,
એ કનક કસોટી આપ કું; તો ચઉદા પાવે મુલરે.

સતગુર કહેરે ઈશ્ક વાડીમાં ન નીપજે, અને ઈશ્ક
હાટે ન વેચાય.
ઈશ્ક તો હયડા માંહે નીપજે, તે હયડું કોરી ખાયરે.

સતગુર કહેરે પ્રેમ રસ અતિ રસ મીઠડા, અને જે કોઈ દેખે ચાખ,
સ્વાદ જો પાવે સીર લગી, તેનું હયડુ દેવે સાંખરે.

સતગુર કહેરે સોના વેચી સાજન લીજીયે, અને મોતી કેરે મૂલ,
વે સાજન કેમ છોડિયે, ભાઈ લોકા કેરે બોલરે.

સતગુર કહેરે જેને કલેજે બાણ લાગાં નેહ તણાં,
તેની દ્રષ્ટિ કેમ અવર જાય, તેનું પિંડ ચાલે
મીરત લોકમાં,
તેની સુરતી આકાશે જાયરે.

સતગુર કહેરે મીઠી દુનિયા સરવે દૂર કરો, અને માયામાં
ન લાવો જીવ,
જનમ ગમાઈયે પ્રેમસુ, તો પામિયે સાચા પીવરે.

સતગુર કહેરે માનખા અવતાર તું પામિયો, પણ કાંઈ ન જાણ્યો
મુગતીનો ભેદ,
માણક મોટો શું થયો, જો અંતર ન પડિયો છેદરે.

સતગુર કહેરે દિદાર અમારો દોએલો, અને રાતે જાગો લોક,
નિંદ્રા તેને શું કરે, જે રાખે મૌલા સું હેતરે.

સતગુર કહેરે દીલમાંહે દેવલ પુજીએ, અને દીલમાહે દેવ દુવાર;
દીલમાંહે મૌલા આપે વસે, અને દીલમાંહે આપે દીદાર રે.

સતગુર કહેરે જીસ ઘટ ઈમાન પરગટિયા, તીસથી ગફલત હોવે દૂર,
તિયાં અંધારા શું કરે, જીયાં સતગુર કેરા નૂરરે.

સતગુર કહેરે દીદાર અમારો દોયલો, તે માંહે ઘાટીઉં છે અપાર,
એક એક ઘાટી માંહે સોળ સોળ ચોક છે,
તે બીન ખમિયા ન આવે હાથરે.

સતગુર કહેરે પાંચ તંતવમાં સરદાર છે, ભાઈ તેનું ખમિયા નામ,
જે ખમિયા રાખે દેહીમાં, તેને ત્યાં સહુ ઉઠી કરે સલામ રે.

સતગુર કહેરે ભલકા વાગે ભાવકા, અને પડે પ્રેમકે ઘાય,
જો પીડા હોવે પ્રેમકી, તો નઈણે નિંદ ન આયરે.

સતગુર કહેરે નિંદ બીચારી ક્યા કરે, જો બંદા હોય હુશિયાર,
પિયુ પિયુ કરતાં રેહેણી ગુમાવે, પછે હોવે પ્રભાતરે.
સતગુર કહેરે નિંદા તો જમની દાસી જાણીયે,
અને કાયા કસીએ આપ,
પોતાની હકની કમાઈ કરીને ખાઈયે,
ભાઈ તો નિંદ્રા ન આવે પાસરે.

# બુજ નિરંજન

## (પીર સદરદીન)

અતિ અચરત કહું એક પહેલી
જીસથી હોવે વાટ સોહેલી
પીયું છાના કયું પ્રગટ આયા
કોન કોન પીયા ભેખ ફિરાયા
લા થીં ઉન ઝાત કહાવે
જાં કી બાત કહી નહીં જાવે
ડુબકી લે લે ગોથા ખાવે
પીર પયગમ્બર તો નહિ પાવે
મહા અગમ સમુંદ્ર કહાવે
જા કો પાર કોઈ ન પાવે
જો ઈસ સમુંદ્રમાં ડુબકી ખાવે
મરજીવા હોએ સો માણક લાવે
ડુબકી લે લે જનમ ગમાવે
વાં કો થાગ કબહુ પાવે

### રે તું હી

મારા સાચા સાહીંયા પીયુજી તુંહીં
નિરાલા નિરંજન કહીએં.
નિરાલી કહીએં કુછ બાત રે;
ગુંગે સપના પાએઆ,
સમજ સમજ પછતાય રે.

[ ૧૩૮ ]

# બ્રહ્મ પ્રકાશ

## [ પીર સમ્શુદીન ]

સત શબ્દ હય અલી હમારા, તાંકો લખે નયો સંસાર;
સત શબ્દકા કરો વિચારા, પીરશાહ કહોજી વારંવારા;
પ્રથમ ધ્યાન રસનાસું કીજે નિશદીન પીરશાહ પીરશાહ ભણીજે;
તીન માસ રસના બીચ રહ્યા, પીછે નામ બ્રહ્મસો કહ્યા;
નામ લેતા ભયા પ્રેમ પ્રકાશા, તબ ઉપજ્યા મનવિશ્વાસા,
કહો પ્રેમ લક્ષ કેસા રે ભાઈ, ગુપ્ત ભેદ કહુ પ્રગટ બતાઈ;
ગદ ગદ લહેરી પ્રેમકી ઉઠે, તાં બીચ ધારા શીરી મુખકી છુટે
હોત ગલગલી સુખમે આગાહી, તાં બીચ મનવા રહ્યા સમાઈ;
ચલે ત્રટ જહાં પ્રેમકી ધારા, પિવત પ્રેમ હોવત મતવાલા;
છકી કર બકીયા અન ભય બાની, દુર પહોંચેકી એહી નિશાની;
બ્રહ્મ સુખકી ક્યા કહું વડાઈ, મહીમા અધીક કહી નવ જાઈ;
કહો અરૂ લોક કેસારે ભાઈ, વહાંકી મહીમાં કહી ન જાય;
અખંડ શબ્દ ખંડત ન હોઈ; નિશદિન રહેત સુરતમે સોઈ;
અમર શબ્દ મરે નહિ જાહીં, રહી સુરત તાં બીચ સમાઈ;
અજર શબ્દ ધ્યાનસું જરીઆ, સહેજેહી કામ મુકિતકા સરીઆ
અખર શબ્દ કબહુ નહિ ખરેઆ, મીલી કરી બ્રહ્મ અખર હોઈ રહ્યા
શબ્દ અકાલ કાલ જહાં નાહિ, નિશદિન રહેત સુરતી તહાં માંહી;
શબ્દ અખંડ ધ્યાનસુ દેખા, આવા ગમણકા મીટીઆ લેખા
શબ્દ અલેખ જાુગતીસું લીખીયા જહાં ફલ સુરતી મુક્તિકા ચખીયા,
શબ્દ અડોલ ભવે નહિં ડોલે, શબ્દ અતોલ તાંહી કોણ તોલે;
શબ્દ અપાર પાર કોન પાવે, શબ્દ અથા થા નહિ આવે
સુરતી શબ્દકા જહાં હય વાસા, જહાં નહિ ધરતી નહિ આકાશા

[ ૧૩૯ ]

# બ્રહ્મ પ્રકાશ

સુરતી શબ્દકી ઉનમુની લાગી જહાં જનમ મરણકી ખડબડ ભાંગી
જહાં ઈગલા પીંગલા સુખમણા નાડી, લાગી શબદસુ ઉનકી તાળીઃ
શબ્દકો દેખે દેહ સંજોગા, સુરતી શબ્દકા લેખ ન જોગા;
શુરતી શબ્દકી ગાંઠી ગુલાઈ, જ્યું જલમે જલ દીયા મીલાઈ;
એક સમે અબ દેહી છુટે, તો એ સુરતી શબ્દકી ગાંઠી ન તુટે;
શબ્દ નીરંજન નિરાકારા, જીસને ફીર અંજન નહિ ધારાઃ
જીસ અંજન ધારા નહિ કરતા, કરતા સો અંજન નહિ ધરતા.

[ ૧૪૦ ]

# ઝીકર જાપ (ઈબાદત)

સુરીજન સાર તો જા કરસી,

જીકરૂં લે કર દીલમાંહે ધરસી;

નીશદીન જપીએ શાહ કા નામ,

તેમ તેમ દીલ આવે ઠામ;

હયાત દીલકી જીકરૂં પાવે,

જીકરે નેહડા અદકા વાદે;

જપણી કમ મ કરજો રે કોઈ,

તો જા દીલ તેરા જીંદા હોઈ;

રસુલે આખી એહી જ ગાલી,

દીલ ઠામ ન આવે જીકરૂં ટાલી.

રે તુંહી

જીકર જીસે હય પીયાકી,

ભાઈ દીલકી દારૂ એ હરે.

જીંદા હોવે દીલ માંહેથી,

અને અદકા વાદે નેહરે.

# રૂહાની ઈશ્ક

નેહકે મીંદર જો જા પડીયા, તો રોમે રોમે તીસે દુઃખડા જડીઆ;
તન મન ધન પીઆકા જાણે આપસ માંહે પીયા દેખ પીછાણે;
પીયાકી પ્રીત જીસ મન ભાવે. સો સબ જાએ અગન જલાવે;
ઔર સો સારે સુખસુ સોવે, પ્રેમું મા તો એ ટપ ટપ રોવે;
ઔર સો હંસા બાજી બુઝે, વિરેહ વઈરાગીકું સબ કુછ સૂઝે.

રે તુંહી...

સીસ સાટા જે કરે, સો ખેલે પ્રેમજ ખેલરે;
જીવ ગમાવે આપણા, અને સતસું બાંધે નેહરે;

# જુદાઈનો ફીરાગ

જીસકું પીયા કી વીરેહજ હોવે, સો ક્યું જાકર રોટી મોહોવે;
ઉસકું તપતે રેહેણી જાવે, સુખસું નીંદ તીસે કેસી આવે;
ઉસ દોહાગણકી ફુટી છાતી, શાહ બીસારી જે નીંદજ માતી;
જુઠ બીસારો તો નીંદ ન આવે, સાચ કારણ સબ જુઠ ગમાવે;
જીસકું પીયુકા બીછોડા હોવે, સો ક્યું જાકર સુખસું સોવે.

રે તુંહી

જીસે બીછોડા પીયુકા, તીસે નીંદ ન આવે રાતરે;
જીવ ગમાવે આપણા, ઝીકર કરે દીન રાતરે.

# ગીનાન (ગરબી)

## પીર શમસ

તમે લણી લેજો લુણવા કાજ કે,

અહોનીશ જાગજોરે લોલ.

તમે અમીરસ પીજો દીન ને રાત કે,

નુર નુરાનીયારે લોલ.

જાંકી સુરતી લાગી ભરમંડ કે,

નુરમાહે ખેલજો રે લોલ.

માંહે વરસે અમરત નુર કે,

કુદરતી ખેલજોરે લોલ.

અનહદ વાજા વાજે સાર કે,

નીત સોહંગ ઉઠે રે લોલ.

જાંકી સુરતી લાગી ભરમંડ કે,

નુરમાંહે ખેલજો રે લોલ.

ભરમંડ આખો કરજો હાથ કે,

જ્યાં રવી ચમકાર છે રે લોલ.

સીર આલ્યાથી આવે હાથ કે,

તોય સોંઘો જાણજો રે લોલ.

એવા ફરી ફરી જનમો કાંય દુનીયાં માંહે

કે, ફેરા શું ફરોરે લોલ.

# ગીનાન

એજી ભાઈઓ ભરમે ન ભૂલીએ,
વીરા નવ ભૂલીએ;
સમજો સતગુરની વાણ, કાયા કેરો જાુંપડો,
કાયા મડોરે મસાણ....... ભાઈઓ. ... ૧

એજી કાયા ગંદીને ગોબરી,
કાયા મેલી સદાએ;
કાયા વણસે ને સડે,
કાયા ભુંડી ગંધાએ..... ભાઈઓ. ... ૨

એજી મળ મુત્ર માંહે ભરીઓ,
દહાડે ઉઠે દુરગંધ;
ઉપર આલીઓ ચામડો,
માહે છે નસ જારીના બંધ.... ભાઈઓ. ... ૩

એજી શુકર કહીએ તાતનું,
શોણીત માતાની હોએ;
ઉપજ એની વિચારતાં,
આવે ઉકરડો જોએ....ભાઈઓ. ... ૪

એજી તેને તું ધોઈશ કેમ કરી,
કાંઈ શુધ નવ થાએ;
નવ દુવાર નિત ચુવે,
માંહે નરગ ભરાએ.... ભાઈઓ. ... ૫

એજી કાયા લુલી બહેરી પાંગળી,
કોઢી કુશટીને અંધ;

# ગીનાને શરીફ

નૂર સતગુર બોલીઆ,
દેહીનો એવો સંબંધ.... ભાઈઓ. ... ૬

એજી પડી રહે તો કીડા પડે,
બાળી રાખજ થાએ;
નરગ કરીને જો નાખીએ,
તો સહુ જનાવર ખાએ...ભાઈઓ. ... ૭

એજી મુખમાં છે કટકા હાડના,
ઉપર રોમની મુછ;
મનમાં માન ધરે ઘણું,
અમે છઈએ કુળના ઉંચ...ભાઈઓ. ... ૮

એજી કુળનું માન કરતા,
રખે ધરતા અભેવ;
કાયા કલેવર કારમી,
દેહીથી અલગો છે દેવ...ભાઈઓ. ... ૯

એજી દેહીને જે "હું હું" કરી માનતા,
તે તો દેખીતા અંધ;
રિદેહની આંખું નથી ઉઘડીઉં,
તેને લાગ્યો છે ધુંધ.... ભાઈઓ.... ... ૧૦

એજી બે બે લોચન સર્વને,
વિદ્યા લોચન ગ્નાન;
સપત લોચન ધરમના,
જુઓ વિચારી જન...ભાઈઓ. ... ૧૧

# ગીનાને શરીફ

એજી લાખ લોચન છે જ્ઞાનના,
જેનું વાર ન પાર;
આતમા તંતવને જે ઓળખે,
તે છે સારમાં સાર.... ભાઈઓ. ... ૧૨

એજી તત્વ જ્ઞાની ત્રન લોકમાં,
સામજે કોઈક સાંત;
તેની દ્રસટી સદાળે ફરે,
તેની આંખુ અનંત...ભાઈઓ. ... ૧૩

એજી ગંદી દેહીથી અલગા રહો,
કાઢી નાખોની કાહાર;
જેમ સારપની કાંચલી,
દેહીથી અલગી થાએ...ભાઈઓ. ... ૧૪

એજી ક્યાંની દેહી ક્યાંનો આતમા,
જેનું વાર ન પાર;
ગંદી દેહી અશુધ છે,
આતમા છે શુધ સાર...ભાઈઓ. ... ૧૫

એજી આતમા નિરગુણ બિરહમ છે,
દેહી છે તારલા નો દાસ;
નૂર સતગુર બોલિયા,
મુનીવર કરજો આત્માનો અભ્યાસ..ભાઈઓ. ... ૧૬

# ગીનાન

એજી બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી,
ચરંતે ચરંતે સીંહલે વશ પડયા. ૧
એજી રહો રહો સીંહલા તુમ મત નાખો હાથ,
હું તો વાછડે કેરી ચુસણીજી. ૨
ખમો ખમો સીંહલા તમે ધામ કરી બેશો,
વચન આલીને ગવરી ચાલીયા. ૩
પહેલે હીંચોલે ગવરી સીમ શેઢે આવી,
બીજે હીંચોલે ગવરી વાડીયે. ૪
ત્રીજે હીંચોલે ગવરી જાંપલે આવી,
ચોથે હીંચોલે ગવરી કોડમાં. ૫
ઉઠો ઉઠો વછડા તુમ દુધ મેરા પીયો,
મેં વાચાકી બાંધી આઈ. ૬
વાચાકી બાંધી માતા દુધ નાહી પીયું,
મેં ચલું તુમારે સાથ. ૭
આગે આગે વછડા ને પીછે ગાવંત્રી,
ભાઈ સીંહલે ઘેર સધારીયા. ૮
એકકુ બુલાયા તો દો ચલકર આયા,
ભાઈ સીંહલે ઘેર વધામણા. ૯
ઉઠો ઉઠો સીંહલાજી માંસ મેરા ભરખો,
પીછે ભરખો મોરી માઈ. ૧૦
એટલીરે સુધ બુધ કોણે તમને દીધી,
કેણે તે તમને બોધીયા. ૧૧
એટલીરે સુધ બુધ ચંદે સુરજ દીધી,
પીર સદરદીને બોધીયા. ૧૨

# ગીનાને શરીફ

એજી જાઓ જાઓ ગાવંત્રી તુમ મેરી બહેના,
વછડા મેરારે ભાણેજડા. ૧૩
જાઓ જાઓ ગાવંત્રી ડુંગરને કોરે મોરે,
ખડરે ખાઓ પાણી મોકળા, ૧૪
ભણે પીર સદરદીન તુમ સુણો મોમન ભાઈ,
આપણો સતપંથ સુધો કરી જાણો. ૧૫

---

તીલ એક જો બાહીએ, પ્રેમજ કેરી જાલરે;
ભસમ કરે એક પલમાં, સ્વર્ગ મૃત પાતાલરે.

---

તીલ સુખ કારણ તેરી કાયા વટલાણી અબધુ,
દુઃખ દોહેલા મેરુ સમાનજી.

---

# ગીનાન

એજી અજંપીયા જાંપ વીના મુગતી ન હોય
એજી અજંપેઆ જાપ મુનિવરે જાણેઆ,

લખ ચોરસી જીવના ફેરા ટાળીઆ
જાપ જપો વીરા નિશદિન
ખાલક શબ્દ, ખાલક શબ્દ પીછાણો.

—··—··—··—··—··—

એજી હરદમ ઝીકર કરના, હકસે સાબત હોના;
તનમન સૂરત શમસા, જબ એક હોતા હય – ઊઠ.

—··—··—··—··—··—

હો જીરે પ્રાણી કોલ દઈને કલજાુગ માંહે આવ્યો,
જીવ જાણે હુંતો છૂટો;
લોભ સવારથ કરવાને લાગો,
ને શાહજીસું ચાલ્યો ખોટોરે.

—··—··—··—··—··—

હરદમ જીકર કરના સુરત નિરત ઉનપર ધરના
પીર શાહકા જાપ જપનાં આઠ પહોર લેલો નહાર

—··—··—··—··—··—

એ વીરા મારા શાહજીને મલ્યાનું એ છે એધાણ
ગીરભા વાસની વાચા પાળો તો છુટો ચારઈ ખાણ

—··—··—··—··—··—

## કલામે ઈમામે મુબીન ભાગ પહેલામાંથી નીચે મુજબના ફરમાનો રૂહાની સમજણ માટે વાંચવા જરૂરી છે.

| ફરમાન નંબર | પાના નંબર | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૨૦ | ૫૯ | ૩૧-૧૨-૧૮૯૩ | મંજેવડી |
| ૪૫ | ૧૧૪ | ૧૩-૯-૧૮૯૯ | જંગબાર |
| ૫૧ | ૧૩૦ | ૪-૪-૧૯૦૦ | જામનગર |
| ૬૩ | ૧૫૭ | ૧૮-૧૦-૧૯૦૩ | વઢવાણ કેમ્પ |
| ૬૪ | ૧૬૧ | ૧૯-૧૦-૧૯૦૩ | વઢવાણ કેમ્પ |
| ૬૫ | ૧૬૬ | ૨૧-૧૦-૧૯૦૩ | રાજકોટ |
| ૧૨૫ | ૨૭૫ | ૬-૧૦-૧૯૦૫ | નૈરોબી |
| ૧૬૦ | ૩૪૫ | ૨૯-૯-૧૮૯૯ | દારએસલામ (બીજો) |

